રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળા ૨૨મો મણકો અને પૂર્વવિદ્યાર્થી સન્માન કાર્યક્રમ




તારીખ : ૨૯, ઑગસ્ટ ૨૦૨૫ | વિષય : 'લોકભારતીનો સંદેશ' | સ્થળ : સારસ્વત ભવન, લોકભારતી

'સનાતનને નૂતનની કલમ' એ લોકભારતીનો સંદેશ છે.
- રમેશભાઈ સંઘવી

વર્ષ: ૭૯ | અંક : ૦૨ | ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫

## પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળા ૨૨મો મણકો અને પૂર્વવિદ્યાર્થી સન્માન કાર્યક્રમ



આવકાર ભૂમિકા :
શ્રી અરુણભાઈ દવે



મહેમાન પરિચય :
શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી




પ્રથમ બેઠક સંચાલન :
શ્રી ભૌતિકભાઈ લીબાણી



બીજી બેઠક સંચાલન :
શ્રી હસમુખભાઈ દેવમુરારિ







શ્રી રમેશભાઈ સંઘવીનું અભિવાદન કરતાં
શ્રી રામચંદ્રભાઈ તથા શ્રી રાજેન્દ્રભાઈ



આભારદર્શન કરતાં
શ્રી રામચંદ્રભાઈ પંચોળી

# કોડિયું

વર્ષ : ૭૯ સપ્ટેમ્બર ૨૦૨૫ અંક : ૦૨

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૦૧ | **અમીરઅલીભાઈ ભીમજીભાઈ ઢબ્બૂ - એક પરિચય**<br>રામચંદ્રભાઈ પંચોળી | ...૦૬ |
| ૦૨ | **ખેતી અને ખેડૂતોના હિતચિંતક શ્રી વીરજીભાઈ જસાણી એક પરિચય**<br>હીરજીભાઈ ભીંગરાડિયા | ...૦૯ |
| ૦૩ | **સમાજ પરિવર્તનના મશાલચી : ડૉ. કાળુભાઈ ખાટાભાઈ ડાંગર**<br>પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર | ...૧૨ |
| ૦૪ | **સેન્સેઈ નિખિલ ત્રિવેદી : એક પરિચય**<br>રમેશભાઈ વીરમગામી | ...૧૫ |
| ૦૫ | **શિક્ષણ અને સમાજ : અનુબંધ અને પરિવર્તન**<br>રમેશ સંઘવી | ...૧૮ |
| ૦૬ | **બાળપુષ્પોને મહેકવા દઈએ...**<br>વિપુલ બી. જોષી | ...૨૦ |
| ૦૭ | **ભાગ-૨ પેટ્રોલ વિના કાર ચલાવો !**<br>વિનોદ માંગુકિયા | ...૨૧ |
| ૦૮ | **ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે...**<br>ડૉ. દિનેશ પરમાર | ...૨૨ |
| ૦૯ | **બાળઉછેરની ચેતનસભર પ્રક્રિયા**<br>ડૉ. કૃણાલ પંચાલ | ...૨૪ |
| ૧૦ | **ઊર્ધ્વગમન**<br>ડૉ. બી. એમ. શેલડિયા | ...૨૬ |
| ૧૧ | **માતૃત્વમય કેળવણી**<br>કિંજલબહેન રાઠોડ | ...૨૭ |
| ૧૨ | **પાકને રક્ષતાં પંખીઓ**<br>હીરજીભાઈ ભીંગરાડિયા | ...૨૮ |
| ૧૩ | **કથા આશા વિકાસની : ભાગ-૧૫ ફોટોગ્રાફી શિબિર**<br>બિંદુ- પાર્થેશ | ...૩૧ |
| ૧૪ | **'રાષ્ટ્રપિતાનો વારસો એમના વંશજો જ નથી' - રાજમોહન ગાંધી**<br>સોનલ પરીખ | ...૩૩ |
| ૧૫ | **નઈ તાલીમની સંસ્થાઓ શું કરી શકે ?**<br>ભાણદેવજી | ...૩૫ |
| ૧૬ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૩૭ |

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

તા. ૨૯-૦૮-૨૦૨૫ના રોજ પૂ. મનુદાદાની પુણ્યસ્મૃતિમાં યોજાતી વ્યાખ્યાનમાળાનું ૨૨મું વ્યાખ્યાન આપણા સૌના પ્રિય એવા ગાંધીવિચારના મર્મજ્ઞ શ્રી રમેશભાઈ સંઘવીએ પોતાની આગવી અસ્ખલિત વાણીમાં 'લોકભારતીનો સંદેશ' વિષય પર આપ્યું. તેમણે 'સનાતનને નૂતનની કલમ' એ લોકભારતીનો સંદેશ છે તેવું અનેક દૃષ્ટાંતો સાથે સવિસ્તાર સમજાવ્યું.

આ વખતની સ્ટેજ ગોઠવણી આમ સાદી છતાં ધ્યાનાકર્ષક રહી, પ્રતીકાત્મક રહી. પૂ. દાદા પ્રત્યે અત્યંત આદર ધરાવતા ઊર્ધ્વમૂલયાત્રી વિમલાતાઈએ તેમને "લોકાભિમુખ કેળવણીનું ઝગમગતું કોડિયું" એવું કહીને શ્રદ્ધાંજલિ આપેલી છે. સ્ટેજ પર પ્રગટાવેલ અસંખ્ય કોડિયાં એ સન્માનિત થયેલ અને થનારા લોકભારતી વટવૃક્ષના સુમધુર ફળોની ઝાંખી કરાવતાં હતાં. આપણે છેલ્લાં ૩૬ વર્ષથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પૂજ્ય મનુદાદાની નિશ્રામાં અને રજનીબહેન ગાંધીની પ્રેરક સહાયથી લોકભારતીત્વને ઉજાગર કરતા વિદ્યાર્થીઓને પોંખતાં આવ્યાં છીએ. આજ સુધીમાં આવા ૮૦ વિદ્યાર્થીઓને આપણે સન્માનિત કરેલ છે.

'કોડિયું' તેની ક્ષમતા પ્રમાણે મર્યાદિત વિસ્તારમાં પ્રકાશ અને હૂંફ સ્વરૂપે ઊર્જા પૂરી પાડીને પોતાની ફરજ બજાવે છે. આવું જીવનકાર્ય કરનાર આપણા વિદ્યાર્થીઓ સમાજના ૧૪૮ જેટલાં વિવિધ ક્ષેત્રોને અજવાળી રહ્યાં છે એથી મોટો સંતોષ ૭૨ વર્ષથી સ્થિર વાટે ઝગમગતા પ્રકાશિત 'કોડિયું' માટે શું હોઈ શકે?

સમગ્ર બ્રહ્માંડનો ઉદ્‌ભવ એક ઊર્જા વિસ્ફોટથી થયો છે અને એ જ બ્રહ્મઅણુમાં ઊર્જાને સમાવીને પુનઃ અંત થવાનો છે. સમગ્ર બ્રહ્માંડનું પ્રાણતત્ત્વ જેમ ઊર્જા છે તેમ લોકભારતીનું પ્રાણતત્ત્વ એ લોકાભિમુખ કેળવણી દ્વારા ગ્રામીણ વિસ્તારનો સ્થાયી વિકાસ સાધવાનું રહ્યું છે. પરિવર્તન એ જગતના અસ્તિત્વનું રહસ્ય હોવાથી લોકભારતીએ પણ સર્જનાત્મક-રચનાત્મક પરિવર્તનોને આવકાર્યાં છે. સમગ્ર વિશ્વમાં બનતી ઘટનાઓ અને રજૂ થતા વિચારોમાંથી સર્વોદય-રામરાજ્ય સ્થાપનારા કાર્યક્રમો અને વિચારોનું લોકભારતીએ કાયમ ઉમળકાભેર સ્વાગત કરેલ છે.

આજે સૌથી મોટો પ્રશ્ન અને મૂંઝવણ ત્યારે અનુભવાય છે કે જ્યારે નવાનો વિચાર કે અમલ જૂનાના ભોગે થાય છે. નવું નવું જાણવા શીખવાનું છે જ પણ જૂનું ભૂલી નહીં જ. સૌનો સ્વીકાર, સૌનું સન્માન એ જ માનવધર્મ છે. આપણે સ્પેસસ્ટેશન ગાડાને કે ઘોડાગાડીને બાળી નાખીને બનાવવાનું નથી. આપણે તો રોકેટ અને ગાડું બંનેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીને મનુષ્યની પ્રસન્નતાને ઉજાગર કરવાની છે.

લોકભારતીનો સંદેશ એ સનાતન મૂલ્યોને સન્માનિત કરી, જાળવી રાખી, પાયામાં રાખી તેના પર નવા વિચાર-કાર્યક્રમ- સાધનોની કલમ ચડાવવાનો છે. વિદ્યા અને અવિદ્યાના વિવેકપૂર્ણ સમન્વયથી રચાતી જીવનશૈલી એ લોકભારતીની કેળવણી છે. પૂ. નાનાદાદાની વિદાયને ૬૪ વર્ષ અને પૂ. મનુદાદાની વિદાયને ૨૪ વર્ષ થયાં હોવા છતાં 'લોકભારતી કોડિયા'માં ઝાંખપ આવી નથી એ દક્ષિણામૂર્તિ દેવની કૃપા જ ગણવી. આપણું સ્વતંત્ર આંતરિક કોડિયું 'લોકભારતી કોડિયા'માં સમરસ થઈ સમાજને ઊજાળે એ જ અભ્યર્થના...

## ૦૧ અમીરઅલીભાઈ ભીમજીભાઈ ઢબ્બૂ - એક પરિચય

**રામચંદ્રભાઈ પંચોળી**



અમીરઅલીભાઈના જીવનનો પ્રારંભ જ દુઃખદાયક બનાવો વચ્ચે થયો. પિતા મૃત્યુ પામતાં માએ દુબળા પિયરની વાટે વળવું પડ્યું. અમીરનો જન્મ નાના-નાનીના ખોરડામાં, પણ બે વર્ષના અમીરને નાના-નાનીને સોંપી મા સાકરબેને પુનઃલગ્ન કર્યાં અને દૂર આફ્રિકા પ્રયાણ કર્યું. નાના પણ થોડા વખતમાં ગુજરી ગયા. નાનીએ કમર કસીને બાવડાંના બળે દળણાં દળ્યાં, ગોદડાં-ગોદડી સીવ્યાં અને એમ દરરોજનું દરરોજ ખાઈ-ખવરાવીને અમીરને મોટો કર્યો, ભણાવ્યો. અમીર સાતમું પાસ કરીને મજૂરીએ લાગ્યો, ત્યારે ગુણવંતભાઈ પુરોહિતે તેને શાળાંતની પરીક્ષા આપવા આગ્રહપૂર્વક કહ્યું ને મદદ પણ કરી. અમીરે શાળાંત પાસ તો કરી જ અને શિક્ષકની ટ્રેનિંગ માટે પસંદ પણ થયો અને લોકભારતી અધ્યાપનમંદિરમાં આવ્યો, ભણ્યો, તાલીમ લઈ શિક્ષક થયો.

નાનીને એકલાં મૂકી લોકભારતીમાં ભણ્યો ત્યારે એ દિવસો કાઠા હતા. સદ્‌ભાગ્યે લોકભારતીમાં અભ્યાસ કરતાં કરતાં કામ મળ્યાં કર્યું. કાર્યકરોએ પણ કામ આપીને મદદ કરી. આમ, ગાડું ગબડ્યું. જેમતેમ બંને છેડા ભેગા થયા, ભણાયું, લોકભારતીના બે વર્ષ જીવનનું સુખદ સંભારણું બની રહ્યાં. અમીરઅલી કહે છે, 'લોકભારતીના એ બે વર્ષ મારા જીવનનું સુખદ સંભારણું છે.'

અમીરઅલીભાઈ હવે શિક્ષક થયા, હવે તેમણે નાનીને પણ સંભાળવાનાં સાચવવાનાં હતાં, શૂન્યમાંથી સર્જન કરવાનું હતું. એટલે બેવડે દોરે કામ શરૂ કર્યું. નોકરી સિવાયના સમયમાં અંબર ચરખો લાવી, મોડી રાત સુધી કાંતવાનું શરૂ કર્યું. આ ક્રમ તેમણે નોકરી દરમિયાન બરાબર જાળવ્યો. પત્ની રોશનબેન ખરા અર્થમાં સાથીદાર રહ્યાં. પરિણામે નિવૃત્ત થયા ત્યારે તેમનાં ચારે સંતાનોને ભણાવી-પરણાવી પગભર કરી દીધાં હતાં ને પોતે નિશ્ચિંત થઈ ચૂક્યા હતા.

તેમના જીવનમાં એક સ્વપ્નું હતું તે સાકાર કરવાનું હતુ. પોતે જે લાચારી-પીડા વેઠી હતી તેવી પીડા, લાચારી, ગરીબી નિરાધાર-ગરીબ બહેનોએ ન વેઠવી પડે તે માટે તેને મદદરૂપ થવાનું તેમનું સ્વપ્નું હતું. નિવૃત્ત થતાં અમીરઅલીને મોરારિબાપુએ સલાહ આપી, 'નવરાશની પળે કોઈ વિધવા, નિરાધાર બેનને ઘરે જવાય. તેમની સાથે બેસીને પરિવારના સભ્યની જેમ હળવાશથી વાતો કરી તેમનું દુઃખ હળવું કરવા પ્રયત્ન કરવો અને ઊઠીએ ત્યારે

ઈશ્વરે જે કંઈ આપ્યું હોય તેમાંથી થોડું પણ આપતાં આવવું.'

આમ, જીવનસ્વપ્નને બાપુની વાતે પ્રોત્સાહન આપ્યું. નિરાધારના આધાર બનવાના દૃઢ નિશ્ચય સાથે ખાદી બોર્ડ સાથે પત્રવ્યવહાર કરી, મદદ મેળવી અને શ્રી મહારાજા ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ સ્થાપી તલગાજરડામાં જ પોલિવસ્ત્ર અંબર પરિશ્રમાલય, ૨૫ અંબર રેટિંયાથી શરૂ કર્યું. સાથેસાથે સેવાભાવી ડૉ. કળસળિયાની હોસ્પિટલમાં માનદ સેવા આપવાની પણ શરૂ કરી. ત્રણ વર્ષ પછી ગ્રામનિર્માણ સમાજ-મહુવાના આગ્રહથી તેની સાથે જોડાયા. પણ જીવને જંપ નહોતો. એટલે કામ કરતાં કરતાં નિરાધારો શોધ્યા અને છેવટે ગ્રામનિર્માણ સમાજનું કામ પણ છોડી, નિરાધાર, અપંગો, વૃદ્ધો જેઓ કશું કરી શકે તેવી સ્થિતિમાં જ નહોતા તેમની સેવા કરવી શરૂ કરી.

સને ૨૦૦૬ની બીજી ઑક્ટોબરે ગાંધીજયંતીના પાવન દિવસે પોતાના પેન્શનમાંથી 'શ્રી અલારામ સહાયતા કેન્દ્ર'ના નામે ૨૦ નિરાધાર પરિવારોને દર માસે ૫ કિલો બાજરી, ૫ કિલો ઘઉંની સહાય પૂરી પાડવાનું નક્કી કરીને આ સેવાકાર્યનો પ્રારંભ કર્યો. દિવસો વીતતા આ સંખ્યા વધતી ચાલી, પેન્શન ટૂંકું પડવા માંડ્યું, પેન્શનથી પહોંચવું અશક્ય બન્યું, બંધ કરવાની નોબત આવી પડી. હવે શું? પ્રવૃત્તિનું બાળમરણ થશે? તેવી મૂંઝવણોની વચ્ચે મિત્રોએ હિંમત આપી, લોકસહયોગ માંગ્યો, મળ્યો. આજ અમીરઅલી દર માસે ૪૮૦ પરિવારોને અનાજ, કઠોળ, તેલ, મસાલાની ખાદ્યસામગ્રીની કિટ મહુવા ગામ અને તાલુકામાં નિયમિત રીતે વહેંચે છે. તેમ જ મહુવા શહેરમાં દરરોજ ૬૦ જેટલા તદ્દન નિરાધારોને એક વાર બંને ટંક ખાય શકાય તેટલું ટિફિન અપાય છે. વચ્ચે વચ્ચે મીઠાઈ, કપડાં, ધાબળા પણ વહેંચે. દરરોજ પક્ષીઓને ચણ નાંખે. આમ, ગાડી પૂરપાટ ચાલે છે. હવે સરકાર તરફથી પણ આવા લોકો માટે યોજનાઓ છે એટલે તેની જરૂરતમંદ લોકોને જાણ કરવી, તે માટેનાં ફૉર્મ ભરી-ભરાવી દેવા જેવી મદદ પણ કરવામાં આવે છે.

આજે અમીરઅલીભાઈ ૮૪ વર્ષના થયા. સને ૨૦૧૫માં તેમણે સહુના સહયોગ સાથે મંડળને 'અલ્લારામ સહાયતા ચેરિટેબલ ટ્રસ્ટ' નામ આપી સ્થાપના કરી છે. હવે તેના નેજા નીચે આ બધી પ્રવૃત્તિઓ ચાલે છે. ટ્રસ્ટના પ્રમુખ-મંત્રી અન્ય કોઈ છે પણ તેમની સવાર પક્ષીને ચણ નાંખવાની પ્રવૃત્તિથી થાય છે. ઑફિસમાં માત્ર ફૉર્મ ભરી-ભરાવી આપવા તેઓ બેસે છે. રસોડામાં આંટો મારે છે. આ કામોમાં વ્યસ્ત રહે છે પણ ચિંતા કરતાં નથી. 'ભગવાન બધું ચલાવશે, મારે કામ કરવું હતું તો મને મદદ મળી જ હતી ને !' તેઓ કહે છે, 'મહુવા તાલુકામાં હજી ઘણા એવા નિરાધાર હશે કે જેમને ટિફિનની જરૂરિયાત હશે, પણ આપણે પહોંચી શકીએ એમ નથી. થાય એટલું કરીએ છીએ.' આમ, અમીરઅલીભાઈ દીલથી અમીર છે. જીવનના કડવા અનુભવોની કડવાશ ખંખેરીને બીજાને તેમાંથી કાઢવાનો, તેમને સ્નેહથી સંભાળવાનો જે પરમ પુરુષાર્થ કરે છે તેને પ્રણામ.

**પ્રતિભાવ**

- અમીરઅલીભાઈ ઢબ્બૂ

આદરણીય મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, સહુ મંચસ્થ વડીલો, મુરબ્બીઓ અને ઉપસ્થિત સમસ્ત લોકભારતી પરિવાર,

સૌને સાદર પ્રણામ.

પૂ.દર્શકદાદા વ્યાખ્યાનમાળા પ્રસંગ પર ઉપસ્થિત રહેવા મને નિમંત્રણ મળ્યું છે. આવા સાત્ત્વિક પ્રસંગ નિમિત્તે શ્રી રમેશભાઈ સંઘવીની વાણી સાંભળવાનો અવસર પ્રદાન કરવા બદલ આયોજકશ્રીઓનો આભારી

છું.

આ પ્રસંગ પર લોકભારતીના પૂર્વવિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ પણ આયોજિત થયેલો છે અને તેમાં મારા નામનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે બદલ હું કૃતજ્ઞતા વ્યકત કરું છું.

લોકભારતીના પ્રણેતા પૂજ્ય નાનાદાદા અને પૂ.દર્શકદાદાની દિવ્ય ચેતનાને વંદન કરી, મારો સંક્ષિપ્ત પ્રતિભાવ પ્રસ્તુત કરવાની અનુમતિ લઉં છું. મારો જીવનપથ અતિ સંઘર્ષમય રહ્યો. વૃદ્ધ નાનીમાના આશ્રયે શૈશવકાળ આર્થિક અભાવમાં વિતાવ્યો. શાળાન્તની પરીક્ષા પાસ કરી ૧૯૬૦-૬૨ દરમિયાન લોકભારતી અધ્યાપનમંદિરમાં તાલીમ લઈ પ્રાથમિક શિક્ષક બન્યો.

લોકભારતીમાં પ્રવેશ મારા માટે નવી જિંદગીની શરૂઆત હતી. મારાં ૧૬ વર્ષ સુધીના જીવનમાં હું માત્ર ઢબુ ના 'ઢ' જેવો હતો. (લોકો જેને ભોપો કહે) એવો માટીના લોંદા જેવો હતો. પણ આ બે વર્ષના સમય દરમિયાન લોકભારતીના પૂજ્ય ગુરુજનોએ ચાકડે ચડાવી મને સાચા અર્થમાં માણસ અને મા..સ્તર બનાવ્યો. મારા જીવમાં જીવન પૂર્યું. બીકણ અને ડરપોક ઢબુને નીડર અને નિષ્ઠાવાન બનાવ્યો. અહીંના ભાવાવરણમાં સ્વાવલંબનથી શરૂ કરીને પરોપકાર સુધીના કેળવણીનાં બીજ મારામાં વવાયાં.

એ વખતે શાળાઓ તો હતી જ પણ શિક્ષણનો અભાવ હતો. ગામના આગેવાનોનું ઊપજતું હતું. આવા સમયમાં લોકભારતી અધ્યાપનમંદિરમાંથી કેળવણી પામીને શિક્ષક તરીકે શાળા પ્રવેશ કર્યો. જે ભણ્યા હતા અને અમને જે ભણાવ્યું હતું તેનાથી તદ્દન વિરોધાભાસી સ્થિતિ. ઘણો સંઘર્ષ કરવો પડ્યો. પણ લોકભારતીએ જે ભાથું બંધાવ્યું હતું તે નોળવેલની જેમ હિંમતની આપૂર્તિ કરતું હતું.

લોકભારતીએ શિક્ષણની સાથોસાથ સમજ, પ્રેમભાવ અને લાગણી જેવા માનવીય મૂલ્યોનું શિક્ષણ આપીને સાચા અર્થમાં અમારું ઘડતર કર્યું હતું અને મારી જેવા પરિવાર વિહોણાને પરિવારનો પ્રેમ તો આપ્યો જ અને પરિવારોમાં પણ સમાવી લીધો.

શ્રી વિઠ્ઠલભાઈ કોઠારી જેવા મોટાભાઈ મળે છે. જેમણે વણકહ્યે મારા આર્થિક અભાવની પીડા જાણીને મારા લોકભારતીના તમામ ખર્ચની વ્યવસ્થા કરી આપી. સ્વ. સવિતાબેન (વિઠ્ઠલભાઈનાં ધર્મપત્ની) જેણે મને માતા જેવો પ્રેમ અને લાગણી આપ્યાં. આદરણીય શ્રી કૃષ્ણલાલભાઈ શુકલ અને પૂ. ધીરજમાડી જેવા પ્રેમાળ વડીલો મળે છે.

શ્રી પ્રબોધભાઈ દવે, જે અમારા અધ્યાપનમંદિરના સહાધ્યાયી હતા. રેલવે પ્રવાસ દરમિયાન 'બાંદીકૂઈ' પાસે તેનું અકસ્માતમાં અવસાન થયું. આ પછી અનુમાડી, પ્રફુલાબેન અને રમેશભાઈ સાથે મારો પારિવારિક નાતો બંધાયો. જે આજની તારીખે પણ અકબંધ રહ્યો છે.

લોકભારતીએ બંધાવી આપેલું ભાથું જીવનમાં ખૂબ જ ઉપયોગી અને કારગત સાબિત થયું. આવી માતાતુલ્ય લોકભારતી સંસ્થાને સદાય સ્મરણમાં રાખી છે. સાંસારિક અને સામાજિક જવાબદારીઓના કારણે સંપર્ક જરૂર ઘણો ઓછો રહ્યો. પણ લોકભારતી અને અમારા પૂજ્ય ગુરુજનો સદાય અમારા દિલમાં વસેલા છે અને મૃત્યુ પર્યંત રહેશે.

આજે જીવનના ઉતારાર્ધમાં, નિરાધારોના આધાર બનવામાં નિમિત્તમાત્ર બન્યાનો સંતોષ અને આનંદ છે. આ માટે મારા સ્વજનો, મિત્રો, હિતેચ્છુઓ, દાતાશ્રીઓ અને મારા પૂજ્ય ગુરુજનો સાથે મારા પરમ શ્રદ્ધેય પૂ.મોરારિબાપુ તથા મારા શ્રી અલ્લારામ ભગવાનનો અંતઃકરણપૂર્વક અને તહેદિલથી ખૂબ ખૂબ આભાર.

પ્રણામ

શુભમ્ ... ભવતુ

## ૦૨ ખેતી અને ખેડૂતોના હિતચિંતક શ્રી વીરજીભાઈ જસાણી એક પરિચય

**હીરજીભાઈ ભીંગરાડિયા**



"હું થોડા દિવસો પહેલાં અમારા બે વિદ્યાર્થીઓ- હીરજી ભીંગરાડિયા અને વીરજી જસાણીની વાડીએ ગયો હતો. તેઓની વાડીઓમાં તેમણે ડ્રીપ ગોઠવી છે. બોરડી, લીંબુડી, દાડમી, સીતાફળી બધું લીલુંછમ્મ! ડ્રીપથી ૭૫% પાણી બચે, જમીન સારી થાય. જરૂર હોય તેટલું જ પાણી છોડને મળે. એનાં કામની કિંમત ઘણી મોટી છે. આ સાચી પેદાશ છે. દિલ્હીથી અબજોની નોટો છાપે તેથી કાંઈ ઉત્પાદન વધતું નથી. મર્યાદા બહારનો ફુગાવો તે ચોરી છે.

એટલે જીવનની વાસ્તવિકતા સાથે શિક્ષણને જોડવાની જરૂર છે. હીરજી અને વીરજીએ એ કર્યું છે. તેમાં ઉત્પાદન, બચત, વૈજ્ઞાનિકતા બધું જ છે. જે શિક્ષણ આ નથી કરતું તે વંધ્ય છે. શિક્ષણની સાર્થકતા છે જીવનની વાસ્તવિકતા સાથેના અનુબંધમાં. વાસ્તવિક પ્રશ્નો સાથે લડતી નથી તે સાચી વિદ્યા નથી. બીજી ઘણી કૉલેજો છે, તેના જેવા તમારે થવાનું નથી. તમારે નવી દિશા બતાવવાની છે. આપણે સત્તા નહિ, સત્ય જોઈએ છે. ભીંગરાડિયા અને જસાણીની વાડીઓ અને ત્યાં થઈ રહેલ કામ જોઈ હું બહુ રાજી થયો છું."

- મનુભાઈ પંચોલી. ('શ્રદ્ધા અને સંશોધન'-લખાણ–કોડિયું નવે.-૧૯૯૦માંથી)

પૂ. મનુદાદાએ જે વિદ્યાર્થીના કામ પ્રત્યે રાજીપો દેખાડ્યો તે ભાઈ વીરજી જસાણી એટલે પાલીતાણા તાલુકાના કુંભણ ગામના નાના ખેડૂત શ્રી રાઘવભાઈ જસાણીનો મોટો દીકરો. ગામની શાળામાં તે દિવસોમાં ધોરણ છ સુધીની જ ભણવાની સગવડ. ભાઈ વીરજીને તો આગળ ભણવું હતું. પણ કુટુંબના નિર્વાહ બાબતે જ્યાં ખેંચતાણ અનુભવાતી હોય તેવા ખેડૂત પિતાને છોકરાના આગળ ભણતરના ખર્ચનું પોસાણ ક્યાંથી હોય? વીરજીને આગળ ભણવાનું પડતું મૂકી ખેતીના કામે વળગી જવું પડ્યું. પણ એનું હૈયું હેઠું બેસતું જ નહોતું. એની શોધ તો ચાલુ જ હતી કે 'ક્યાંય એવી શાળા મળે કે જ્યાં કમ ખર્ચે આગળ ભણી શકાય!

બે વર્ષના ખેતીકામના તપના પરિણામરૂપ ભાંગ્યાના ભેરુ બની ગ્રા.દ.મૂ.-મણાર અને આંબલાની લોકશાળાઓ

કે જ્યાં ધોરણ ૭થી ૧૧ સુધીનું શિક્ષણ સુલભ બન્યું. પછી લોકભારતીમાં તો શિક્ષણના ભાગરૂપે કરવાના શ્રમકલાકોથી ઉપરવટ કલાકો બાગાયત અને ગોશાળા વિભાગમાં કામ કરવા ઉપરાંત વેકેશનમાં પણ સંસ્થામાં રોકાઈને કામ કરી, ખર્ચની પૂર્તિ કરી લીધી.

લોકભારતીનું શિક્ષણ પૂર્ણ કર્યા પછી ઇચ્છા તો એવી જ હતી કે ગામડે જઈ ગુરુજનોના આદેશ અનુસાર કુટુંબનો પ્રામાણિક રોટલો રળતાં શક્ય તેટલાં સમાજસેવાના કાર્યમાં લાગી પડવું. પણ કુટુંબને આર્થિક ટેકાની જરૂરિયાત હોઈ, ફરજના ભાગરૂપે ચારેક વર્ષ નોકરી કરી લીધી ને તરત જ માતૃસંસ્થાના ઉદ્દેશો મુજબ કાર્ય આયોજનનો અમલ આદર્યો.

લોકભારતી-નિવાસ દરમ્યાન કૃષિ વિષયક જ્ઞાન ઉપરાંત નિયમિતતા, પ્રામાણિકતા, ચોક્કસાઈ, સચ્ચાઈ, અને ઉત્પાદક શ્રમ જેવી સંસ્કારી મૂડીનું કદી ખાધે ન ખૂટે એવું જે ભાથું બાંધી લીધું હતું, તેના થકી પોતે ધારેલા કૃષિ અને સામાજિક પ્રશ્નોના નિરાકરણમાં ઉપયોગી બનવાના કાર્યમાં એવા જોશભેર લાગી ગયા કે વચ્ચે પોરો ખાવાની પણ મનાઈ !

વીરજીભાઈ એટલે એક એવી ચેતના કે જે કાર્યને તેનો સ્પર્શ થાય તે તમામ પ્રવૃત્તિ ઝળકી ઊઠે. ખેડૂતોના સાંપ્રત પ્રશ્નોના નિરાકરણ માટે જ્યારે જેવી જરૂરિયાત લાગી તેવા પુરુષાર્થ કરવામાં મોવડી રહ્યા છે. પછી તે જાતે ખેતી કરવા નવી જમીન ખરીદવાની હોય, વધુ ઉત્પાદન અર્થે સંશોધિત બિયારણ ઉત્પન્ન કરવાનું હોય કે ખેડૂતોની પેદાશના પૂરતા ભાવ ન મળતા હોય તે અંગે ખેડૂતોમાં જાગૃતિ કેળવાની હોય! અરે, ઓછામાં ઓછા પાણીએ વધુમાં વધુ ઉત્પાદન કેમ મેળવી શકાય તે માટે ડ્રીપ અને સ્પ્રિંકલર જેવી પદ્ધતિના પ્રચાર-અમલનું કામ હોય, વીરજીભાઈએ કોઈ કાર્યમાં પાછી પાની કરી નથી. અરે, જળજતનની કામગીરીના હિસાબે તો સરકાર તરફથી 'ડ્રીપ-સ્પ્રિંકલર એવોર્ડ' અને અસ્પી- મુંબઈ તરફથી 'અસ્પી એવોર્ડ' આપી વીરજીભાઈને નવાજવામાં આવ્યા છે.

વીરજીભાઈની પ્રામાણિક માન્યતા છે કે 'મારા જીવનમાં ગ્રા.દ.મૂ.-મણાર તથા આંબલા-લોકશાળા અને લોકભારતી -સણોસરાનો સ્પર્શ ન થયો હોત તો આજેય હું પણ બીજા કેટલાયની જેમ ઢેફાં સાથે હારભરી કુસ્તી કરતો હોત!'

ખેતી અને ખેડૂતસમાજ સમૃદ્ધ બને તે માટે પાયાનું ચિંતન-અધ્યયન અને અનુભવ કરતા રહી, તેનો વધુમાં વધુ યથોચિત લાભ ખેડૂત આલમને મળતો રહે, તેની કાયમ ખાતે ચિંતા સેવતાં રહી, આ જ હેતુની પુષ્ટિ કરવા ૨૦૦૩માં ઇઝરાઇલનો પ્રવાસ કર્યો હતો. એ પ્રવાસ અનુભવને એક પુસ્તક 'ઈઝરાઇલની ખેતી' નામે પ્રકાશિત કર્યો હતો. એક દૃષ્ટિવાન ખેડૂત આગેવાન તરીકે વિકસી આજે ૭૯ વરસની જૈફ વયે કાર્યરત રહી વીરજીભાઈએ લોકભારતીના શિક્ષણને સાર્થક કર્યું છે. તેમનું ગૌરવ કરવામાં સંસ્થા તૃપ્તિ અનુભવે છે

**પ્રતિભાવ**

- વીરજીભાઈ જસાણી

વતન કુંભણમાં પ્રારંભનું શિક્ષણ લીધાં પછી ગ્રા.દ.મૂ.-મણાર-આંબલામાં એસ.એસ.સી. સુધી અભ્યાસ કર્યો. ઉચ્ચશિક્ષણ બી.આર.એસ.નો અભ્યાસ લો.ભા.સણોસરામાં કર્યો. આમ, થ્રૂ-આઉટ નઈ તાલીમની સંસ્થાઓમાં અભ્યાસ કર્યો છે. લોકભારતીમાં અભ્યાસક્રમના ભાગરૂપે સરસ્વતી ગ્રામવિદ્યાપીઠ-સમોડામાં કેન્દ્રનિવાસ હતો. અહીં કેમ્પસ ડેવલપ કરવું, પિયત અને પાણીની

વ્યવસ્થા માટે જે કામો કર્યાં હતાં તે કામો સુપેરે વિકસાવવા મારી જરૂરિયાત જણાતાં બી.આર.એસ.ના પરિણામ પહેલાં જ તે સંસ્થાએ મને નોકરીએ બોલાવી લીધો હતો. અહીં જમીન નવસાધ્ય કરવી, પાણી, પિયત, રેતાળ જમીનમાં ઉગાડી શકાય તેવા પાકોના પ્રયોગો કરીને સુધારેલી જાતના રાયડો, જીરું, આદું, હળદર, બટાકાની ખેતીને આવક આપતા-આપતા નિદર્શનરૂપ સફળતા મેળવી. યુ.એસ.એ.ના રોડેન્ટર કન્ટ્રોલ પ્રોજેક્ટમાં ખેતરો અને ઘર આંગણાના ઉંદરની જાતો-પ્રજનન, નુકસાનનો અભ્યાસ અને નિયંત્રણનું જવાબદારીપૂર્વક કામ કર્યું.

અભ્યાસકાળ વખતથી જ વ્યવસાય તરીકે ખેતી જ કરવી તેવો નિર્ધાર હતો. લોકભારતીના સંપર્કગામ પીપરડીમાં એસ.બી.એસ. બેંકની લોન લઈને જમીન ખરીદ કરી. અહીં રોકડિયા પાક મગફળી, જીરું, રાયડો, ઘઉંની સુધારેલી જાતોની ખેતી અને ઉત્પન્ન બિયારણનો પૂરા સૌરાષ્ટ્રમાં વેપાર/પ્રચાર કર્યો. ખેતીમાં બાગાયતનો અભિગમ પોષણક્ષમ જણાતાં; ૮૦૦ દાડમ, ૮૦૦ બોરડી, ૮૦૦ સીતાફળ, ૪૦૦૦ સાગના વૃક્ષો વાવ્યાં, ઇરીગેશનમાં ડ્રીપનો ઉપયોગ કરવામાં આવતો. બિયારણ, ડ્રીપ અને સ્પ્રિંક્લરનો અમારો વ્યવસાય વધતાં ફિલ્ડ અને પ્રચારની કામગીરી માટે લો.ભા.ના સ્નાતકોને નોકરીમાં રાખીને ધંધાનો વિસ્તાર વધારીને ગુજરાત, રાજસ્થાન અને ત્યાર પછી આફ્રિકામાં કામગીરી કરી.

સને ૧૯૮૭-૮૮માં અછતમાં પાણીના કરકસરયુક્ત ઉપયોગ કરવા જ્યોતિ લિ.ના ચેરમેન શ્રી નાનુભાઈ અમીનની તેમ જ અસ્પીના શ્રી લલ્લુભાઈ પટેલની ઉદાર નીતિથી સ્પ્રેયર્સ વેપારમાં ઉચ્ચ સિદ્ધિ મેળવી 'અસ્પી એવૉર્ડ' મળ્યો. સંસ્થાના વિસ્તરણના ભાગરૂપે ડ્રીપ-સ્પ્રિંક્લર અને બાગાયતી ખેતીના વિશેષ નિદર્શન માટે લો.ભા. સંસ્થાના કૃષિ વિભાગના વડા અને વિદ્યાર્થીઓના વર્ગો અમારે ત્યાં ગોઠવાતા.

ખેતી માટે અભિગમ બદલવા, સરકારશ્રીની ખેતી વિરુદ્ધની નીતિ બદલવા રજૂઆત અને લોકજાગૃતિ કરી સરકારી વહીવટ પર દબાવ લાવવા આંદોલનો કરવામાં આવ્યાં. WTOમાં જોડાવાનો વિરોધ-ખેડૂત વિરોધી જમીનના કાયદામાં સુધારો લાવવા અને અનિયમિત ચોમાસુ-વરસાદથી ખેડૂતોના રક્ષણ માટે વીમાની યોજના-વીમા અપાવવા આંદોલનો કરવામાં આવ્યા.

સને ૧૯૯૮-૯૯ના ઉપરાઉપરી બે દુકાળ. અમારા સંપર્ક ગામ રાજપરાના ખેડૂતો, આગેવાનો અને દાતાઓને જળસંગ્રહની કામગીરી કરવા સમજાવતા તેઓએ માત્ર ૪૮ કલાકમાં બે ચેક ડેમ બાંધ્યા. કરેલા કામની માહિતી રાજ્યના તે વખતના મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલને જાણ કરી. તેઓએ પ્રત્યક્ષ નિરીક્ષણ કરી થયેલા કામની પ્રસંશા કરી, પૂરા રાજ્યમાં જળસંગ્રહની કામગીરી કરવા સરદાર પટેલ સહભાગી (૬૦-૪૦) જળસંગ્રહની યોજના જાહેર કરી, એમના પ્રોત્સાહનથી ગામમાં મોટી નદી પર મોટો ચેકડેમ બનાવવા ખાતમુહૂર્ત કર્યું, તેને અમે 'સરદાર સરોવર' નામ આપ્યું.

અમારા વ્યક્તિગત વ્યવસાય અને પ્રજાલક્ષી કામને કદરરૂપ-પ્રસંશા સાથે મારું આજે સન્માન કર્યું છે તે માટે ગુરુજનો, સહાધ્યાયીઓ અને જેણે પણ મને જાહેર કામ કરવા પ્રેર્યો છે તેવા આદ્ય ગુરુજનો મુ. શ્રી મનુભાઈ પંચોળી-'દર્શક', ડૉ. ઝવેરભાઈ પટેલ, ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ, શ્રી રતિભાઈ અંધારિયા, શ્રી જયંતભાઈ શાહ, ડૉ.જી.સી. ચતુર્વેદી અને શ્રી પ્રવીણભાઈ ઠક્કર પ્રત્યે ઋણભાવ સાથે આભાર વ્યક્ત કરું છું.

## ૦૩ સમાજ પરિવર્તનના મશાલચી : ડો. કાળુભાઈ ખાટાભાઈ ડાંગર

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**



**ભૂમિકા :**

અભ્યાસ : લોકભારતીના કૃષિ સ્નાતક ૧૯૮૮, ગૂજરાત વિદ્યાપીઠના સમાજકાર્યના અનુસ્નાતક એમ.એસ.ડબલ્યુ. ડૉ. કાળુભાઈ ડાંગર (જન્મ :૦૭/૦૫/૧૯૬૫). છેલ્લાં ૩૩ વર્ષથી ગ્રામીણ સમાજના સર્વાંગી પરિવર્તનની પ્રક્રિયામાં નિષ્કામભાવે સફળતાપૂર્વક પ્રવૃત્ત રહી શક્યા છે, તેનું શ્રેય તેઓ માતૃસંસ્થા લોકભારતીને આપતા ગૌરવની લાગણી અનુભવે છે. કાળુભાઈનું વતન ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાનું નાનકડું ગામ પાણિયાળા. ત્રણેક શાળાઓમાં ૧૦માં ધોરણ સુધીનો અભ્યાસ સંપન્ન કરી ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાંથી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું. અહીં છાત્રાલય, શ્રમકાર્ય દ્વારા આત્મવિશ્વાસ, સ્વાવલંબન, નેતૃત્વ, નિર્ભયતા, વકતૃત્વ, વાચન, સામાજિક સુધારાના પદાર્થપાઠ શીખવા મળ્યા. જેના પરિણામે પોતાના લગ્નપ્રસંગે તેમણે લાજપ્રથાને તિલાંજલિ આપી. સમાજમાં મૃત્યુ પછી બારમાની પ્રેત-ભોજનપ્રથાથી તેઓ દૂર રહ્યા છે. લોકભારતીમાંથી એગ્રોનોમી વિષય સાથે સ્નાતક થયા. વિષય શિક્ષણ સાથે સમાજની વકીલાત અને ખાદી ગ્રામોદ્યોગ દ્વારા સ્વાવલંબન જેવા વણાયેલ વિષયોએ નવી દૃષ્ટિ આપી. ગૂજરાત વિદ્યાપીઠમાંથી ૧૯૯૦માં સમાજકાર્ય પારંગત પદવી મેળવી. વર્ગશિક્ષણ સાથે પ્રત્યક્ષકાર્યના અનુબંધની કેળવણી શીખવા મળી.

**વિકાસમાં કમ્યૂનિટિ ઓર્ગેનાઈઝર :**

ભરૂચ જિલ્લામાં જંબુસર ખાતે વિકાસ સેન્ટર ફોર ડેવલપમેન્ટ સંસ્થા દ્વારા સંચાલિત પ્રોજેક્ટમાં કમ્યૂનિટિ ઓર્ગેનાઈઝર તરીકે કામ કરવામાં સદ્ભાગી થયા. ૧૯૯૨થી ૨૦૦૭ સુધીના કાર્યકાળમાં ગામડામાં રહીને ગ્રામપ્રદેશ માટે નિષ્ઠા અને દૃષ્ટિપૂર્વક કામ કરવાનો વિશાળ અનુભવ મળ્યો. ઉપેક્ષિત, જમીનવિહોણા આદિવાસી-હળપતિ સમાજના ખેતમજૂરો અન્યાય, અત્યાચાર, બેરોજગારીનો ભોગ બનેલા હતા. 'દર્શક'ની નવલકથા 'બંધન અને મુક્તિ' વાંચેલી. તેમની વિભાવના મુજબ વેઠિયા મજૂરોના સંગઠનો સ્થાપીને તેમનું ક્ષમતાવર્ધન કરીને સૌ સ્વમાનભેર જીવન જીવતા થાય તે પુરુષાર્થમાં તેઓ સફળ થયા. તે દરમિયાન મનાલી (ફિલિપાઈન્સ) ખાતે આયોજિત લાઈવલીહૂડ ટેક્નૉલૉજી વિષયક તાલીમ કાર્યક્રમમાં એક માસ સામેલગીરીને લીધે નવી દિશાનો ઉઘાડ

થયો.

જનસમાજમાં સભાનતા, સંવેદનશીલતાના સર્જનમાં રેલી, શેરી નાટકો જેવા દશ્ય–શ્રાવ્ય માધ્યમની અસરકારકતા અંગે ઊંડી સમજ વિકસી. ખેત મજૂરોના મંડળો રચીને તેમને જમીન અપાવી. સહકારી મંડળીઓ સ્થાપી, જમીનને ખેતીલાયક ઉત્પાદક બનાવી, વંચિતોના આશીર્વાદ મેળવ્યા.

**ડૉક્ટરેટની પદવી :**

રોજગારી સર્જનમાં સ્થાનિક નેતૃત્વની ભૂમિકા જેવા વિષયમાં તેમના અનુભવોના ફળસ્વરૂપ તેમને આ ક્ષેત્રમાં વધુ સંશોધન કરવાની જિજ્ઞાસા જાગી. ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ, સમાજશાસ્ત્રી ડૉ. વિદ્યુતભાઈ જોષીના માર્ગદર્શન અન્વયે 'વિકાસમાં લોકભાગીદારી-ભરૂચ જિલ્લાનો એક અભ્યાસ' વિષયમાં રિસર્ચ કરીને પીએચ.ડી. પદવી હાંસલ કરી. આ અધ્યયને તેમને પ્રતીતિ કરાવી કે સ્વૈચ્છિક સંસ્થાના સામાજિક પરિવર્તન વિષયક પ્રયત્નોને લીધે દરિયા કિનારે વસતા લોકો ગુલામી પ્રથામાંથી સ્વતંત્ર થઈ શક્યા છે. આ અભ્યાસવૃત્તિના પરિપાકરૂપે તેમને ગુજરાત સરકાર દ્વારા સરકારશ્રીની ૧૧ યોજનાઓની તાલીમ અને મૂલ્યાંકનની કામગીરી સોંપવામાં આવી.

**દાંડી વિરાસત પ્રોજેક્ટને સમર્પિત :**

ઓગસ્ટ ૨૦૧૧થી તેઓ એક નવા પ્રકલ્પમાં સામેલ થયા. વિશ્વબેંક પુરસ્કૃત, ભારત સરકારના 'ગ્રીન એકશન ફોર નેશન દાંડી હેરિટેજ ઇનિશ્યેટિવ્ઝ' (GANDHI), દાંડી વિરાસત પ્રોજેક્ટમાં ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા સમાજ વૈજ્ઞાનિક તરીકે તેમની નિમણૂક થઈ. ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા દાંડી વિસ્તારનાં છ ગામોમાં ગાંધીમૂલ્યો આધારિત ગ્રામવિકાસ અને પર્યાવરણ સંવર્ધન સબંધિત પ્રવૃત્તિઓ અમલમાં લાવવાની હતી. તેમણે લોકભાગીદારી અને ટીમવર્ક દ્વારા આ પ્રોજેક્ટના પ્રમુખ ઉદ્દેશ્યો પરિપૂર્ણ કરી આપ્યા; જેમ કે સ્વસહાય જૂથોની રચના, આજીવિકા નિર્માણ તાલીમ, રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, કિચન ગાર્ડન, રોપા વિતરણ, વૃક્ષારોપણ, વનીકરણ, કચરાનું વ્યવસ્થાપન-વર્ગીકરણ, તેમાંથી કમ્પોસ્ટ ખાતર, બોર રિચાર્જ, સૌરઊર્જા પ્રસાર વગેરે.

આ પ્રોજેક્ટની ફલશ્રુતિરૂપે દાંડી ગ્રામપંચાયતે પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકતા આ ઝોન પ્લાસ્ટિકમુક્ત થઈ ગયો. દાંડી ગામ ૧૦૦% શૌચાલયવાળું ગામ જાહેર થયું. દાંડી ગામે સ્વચ્છતા હરીફાઈમાં નવસારી જિલ્લામાં પ્રથમ સ્થાને આવીને ૧૫ લાખ રૂપિયાની પ્રોત્સાહન ગ્રાન્ટ મેળવી. આ રીતે દાંડી સહિત છ ગામોમાં ગ્રામસમિતિના માધ્યમથી રૂપિયા ૨ કરોડના ખર્ચે વિકાસ કામો સાકાર થયાં.

ભારત સરકારનો આ પ્રોજેક્ટ ૨૦૧૭માં સંપન્ન થયા પછી પણ કલેક્ટરશ્રી-નવસારી દ્વારા દાંડી સ્મારકના વ્યવસ્થાપન, સંકલન અને ગાંધીવિચાર પ્રસાર માટે તેમની વરણી કરવામાં આવી. ૩૦ જાન્યુઆરી, ૨૦૧૯ના ભારત સરકાર દ્વારા ૮૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ દાંડી સ્મારક રાષ્ટ્રને અર્પણ થયું. ત્યારબાદ પ્રવાસન વિભાગ દ્વારા ૨૦૧૯થી કાળુભાઈ જ સ્મારક અંગેની તમામ કામગીરી આજ સુધી સંભાળી રહ્યા છે.

**સમાપન :**

આ બધી પ્રવૃત્તિઓ સાથે પોતાનું વ્યક્તિગત અનુસંધાન સાધવા કાળુભાઈ જાતે દાંડીના જાહેરમાર્ગ, બીચ અને સ્મારકની આસપાસ સાત વર્ષ સુધી નિયમિત દૈનિક ૨ કલાક સફાઈ કરવાનું કાર્ય કરેલું. તેમના નિષ્કામ કર્મથી પ્રભાવિત થઈને ચિત્રલેખા સામયિકે 'દાંડીને ગાંધીમય બનાવતા આદમી' નામક લેખ પ્રકાશિત કરેલ. ત્યાર પછી ગુજરાત સરકાર, ગૂજરાત વિદ્યાપીઠ સહિત ૧૫ જેટલી સંસ્થાઓએ તેમનાં માન-સન્માન દ્વારા વધામણાં કર્યાં છે. તેમનાં ૧૦ સંશોધનપત્ર તેમ જ 'દક્ષિણ ગુજરાતમાં ગાંધીજી'

પુસ્તક પ્રકાશિત થયાં છે. તેમના વિશાળ અનુભવની નોંધ લઈને કૃષિ યુનિવર્સિટી- નવસારીએ રાષ્ટ્રીય સેવા યોજનાની સલાહકાર સમિતિમાં તેમની પસંદગી કરી છે. કોસ્ટલ ઝોન મૅનેજમેન્ટ સમિતિના ગાંધીવિચાર ટ્રસ્ટમાં તેઓ ટ્રસ્ટી છે. કાળુભાઈના દરેક કાર્યમાં તેમના જીવનસંગિની મીનાક્ષીબહેન પણ સહભાગી રહ્યાં છે. કાળુભાઈ દાંડી વિસ્તારમાં સંનિષ્ઠ સેવાઓની સાથે છેલ્લાં ૫ વર્ષથી પોતાના વતનમાં પ્રાકૃતિક ખેતીના પ્રયોગોમાં તલ્લીન કાળુભાઈ ૬૦ વર્ષની વાનપ્રસ્થ વયે નિવૃત્તિ ઇચ્છે છે પણ આજીવન વિદ્યાર્થી તરીકે સતત શીખવાની ધગશ અને સમર્પણવૃત્તિને લીધે ગુજરાત સરકારે તેમની સેવાઓને સતત સમર્થન આપવાનું પસંદ કર્યું છે. લોકભારતીનાં આદર્શો અને મૂલ્યોને ચરિતાર્થ કરતાં રહેનાર કાળુભાઈને શુભકામનાઓ. તેમનો સંપર્ક : ૯૮૨૪૦૮૯૦૭૩.

**પ્રતિભાવ**

- કાળુભાઈ ડાંગર

લોકભારતી તેના પૂર્વ વિદ્યાર્થીઓ પૈકી જેમણે અભ્યાસ પછી સમાજમાં જઈને નોંધપાત્ર કામગીરી કરીને લોકભારતીત્વને ઉજાગર કર્યું હોય તેવા વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનું કરી રહી છે તે આવકારદાયક અને કાર્યમાં મનોબળ વધારનારું છે. આ વખતે આવા પૂર્વ વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ પૂજ્ય મનુદાદાની પુણ્યતિથિ ૨૯ ઑગસ્ટના દિવસે 'દર્શક' વ્યાખ્યાનમાળાની સાથે લોકભારતી પરિવારે ઉજવવાનું નક્કી કર્યું છે તે યથાયોગ્ય છે.

લોકભારતી પરિવારની પૂર્વ વિદ્યાર્થી સન્માન સમિતિએ આ વર્ષે દક્ષિણ ગુજરાતમાં લોકભારતીના સંદેશવાહક તરીકે મારી પસંદગી કરી છે તે માટે નમ્રતાપૂર્વક તેનો હું સ્વીકાર કરી, આનંદ સાથે ગૌરવની લાગણી અનુભવું છું. ગ્રામદક્ષિણામૂર્તિ- આંબલા અને લોકસેવા મહાવિદ્યાલય, લોકભારતી- સણોસરાની કેળવણીને મારા જીવનનો પરિવર્તનનો તબક્કો ગણું છું. પૂજ્ય મનુદાદાની વિચારધારા મુજબ ગામડાંમાં રહીને કામ કરવાની પદ્ધતિ અંગે પ્રયત્ન કર્યો ને મુશ્કેલીઓની સાથે મારું ઘડતર પણ થયું. ગ્રામીણ વિસ્તારમાં ગરીબ અને પછાત વર્ગના લોકો સ્વમાનભેર માનવીય જીવન જીવે, સ્વચ્છતા, પર્યાવરણ, ગાંધીવિચાર પ્રસાર-પ્રચાર અને વિકાસમાં લોકભાગીદારીની પ્રવૃત્તિઓના માધ્યમથી શીખવા-શીખવવાનો મારો અભિગમ રહ્યો. સરકારની સાથે, સરકાર સામે અને સરકારમાં કામ કરવાના પ્રયોગો કરવામાં લોકભારતીની કેળવણી સ્વમાન સાથે નિર્ભયતાથી સફળતા તરફ આગળ વધવામાં સાર્થક નીવડી. અંતરિયાળ અને ઐતિહાસિક ગામ દાંડીમાં વર્ષોથી કાર્ય કરીને લોકભારતીત્વ ઉજાગર કરનારને શોધી, સન્માન માટે પસંદગી કરી એ માટે મારી માતૃસંસ્થા લોકભારતી પરિવારનો હું ઋણી રહીશ. આ સેવાકાર્ય માટે અનુભવની તક આપનાર સંસ્થાઓ, લોકો, સરકારશ્રી અને સહકાર્યકરોનો પણ આભારી છું.

નવીન કેળવણીનું એક લક્ષણ એ છે કે તે વિદ્યાર્થીપ્રધાન છે. નવીન કેળવણીનું બીજું લક્ષણ એ છે કે તેમાં વિદ્યાર્થીના વ્યકિતત્વનો આદર હોય છે. વિદ્યાર્થી એ એક સ્વતંત્ર આત્મા છે, વ્યકિત છે, અનંત શકિતઓને લઈને અવતરે છે અને પોતાની અમુક ચોક્કસ રીતે આગળ વધે છે.

છાત્રાલયોમાં દરેક વિદ્યાર્થીના વ્યકિતત્વને સ્વીકારીએ, તેને આદર આપીએ, વ્યકિતને લક્ષમાં લઈ છાત્રાલયની વિવિધતામાં એકતા ઊભી કરીએ અને એ રીતે છાત્રાલયને જીવનના સંકોચનું સ્થાન બનાવવાને બદલે જીવનના વિકાસનું સ્થાન બનાવીએ.

- નાનાભાઈ ભટ્ટ

## ૦૪ સેન્સેઈ નિખિલ ત્રિવેદી : એક પરિચય

**રમેશભાઈ વીરમગામી**



શ્રી નિખિલ ત્રિવેદી... એક એવું નામ જેનાથી ગુજરાત અને ભારતભરના માર્શલ આર્ટ્સના ચાહકો ભાગ્યે જ અજાણ્યા હશે. નિખિલભાઈના પિતા શ્રી યશવંતભાઈ ત્રિવેદી, લો.ભા.ની પ્રથમ બેચના સ્નાતક, પૂ. નાનાભાઈ ભટ્ટના શિષ્ય અને પૂ. મનુદાદાના અત્યંત નિકટના સાથી તરીકે જીવનભર સંસ્થા માટે સમર્પિત રહ્યા. બાલ્યાવસ્થાથી જ નિખિલભાઈને શરીર,મનને કેળવનારી પ્રવૃત્તિઓ, રમતોમાં રસ પડતો હતો. એ સમયનું લોકભારતીનું પર્યાવરણ-આસપાસની ટેકરીઓ, સીંદરી નદી, ઘેઘૂર વૃક્ષો, ખેતીવાડી, તલાવડાં, ગોશાળા આ બધું જાણે તેમની સાહસવૃત્તિને પોષનાર વાતાવરણ પૂરું પાડતું. નિખિલભાઈના સદ્‌ભાગ્યે અધ્યાત્મપુરુષ શ્રી ભાણદેવજી પાસે બહુ નાની ઉંમરે યોગાસનો શીખતા અનાયાસ જ નિખિલભાઈના યોગ અને અધ્યાત્મ શિક્ષણનો પાયો નંખાયો. લો.ભા.ના આદ્યસ્થાપક પૂ. નાનાદાદા અને પૂ. દર્શકદાદા, પૂ. બુચદાદા અને પૂ. મૂળશંકરદાદાના વ્યક્તિત્વ તથા પિતાશ્રી યશવંતભાઈના સન્નિષ્ઠ વ્યક્તિત્વની અસર હેઠળ એમનું ચારિત્ર્યઘડતર થયું.

શરીરને ખડતલ બનાવવાની સહજ વૃત્તિને કારણે નિખિલભાઈ વિદ્યાર્થીકાળમાંથી જ વાઈલ્ડ લાઈફ કેમ્પસમાં જવા લાગ્યા અને માત્ર ૧૭ વર્ષની ઉંમરે મનાલીમાં ૧૫૦૦૦ ફૂટની ઉંચાઈએ પોતાના ગ્રૂપને સલામત પહોંચાડી સફળ નેતૃત્વનો દાખલો આપ્યો. માઉન્ટ આબુમાં પર્વતારોહણના વિવિધ કોર્સ કરતાં એ સમયે નિખિલભાઈ પોતાના ગ્રૂપના સૌથી નાના અને ચપળ સભ્ય તરીકે સૌનું ધ્યાન ખેંચતા. છેવટે માર્શલ આર્ટ્સના ક્ષેત્રમાં રસ પડતાં લોકભારતીથી મુંબઈ જઈ કરાટેની વિદ્યામાં બ્લેકબેલ્ટ મેળવ્યો. માત્ર ૧૯ વર્ષની વયે ૧૯૮૧માં લોકભારતીમાં બી.આર.એસ.ના અભ્યાસ દરમિયાન જ સહાધ્યાયીઓને કરાટે શીખવવાનું શરૂ કર્યું. ૧૯૮૩ની પહેલી જુલાઈએ પૂ. મૂળશંકરભાઈ ભટ્ટના હસ્તે દીપપ્રાગટ્ય કરીને ભાવનગરમાં પોતાની સંસ્થા 'અર્જુન સ્કૂલ ઓફ માર્શલ આર્ટ્સ'ની સ્થાપના કરી, જે આજે 'આસ્મા'ના લોકપ્રિય નામથી દેશભરમાં જ નહીં પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ એક અત્યંત સન્માનનીય સંસ્થા તરીકે ખ્યાતિ પામી છે. નિખિલભાઈ તેમના વિદ્યાર્થીઓને માત્ર શારીરિક તાલીમ જ નથી આપતા પરંતુ તેમનું માનસિક

અને આધ્યાત્મિક ઘડતર પણ કરીને તેમને વધુ સારા માણસ બનાવે છે. પોતાના આ અભિગમને તેઓ લો.ભા.ની શિક્ષણ પરંપરાની દેણ માને છે. 'આસ્મા'ના કેમ્પનું વાતાવરણ આ જ કારણે જાણે લો.ભા.ના છાત્રાલય જીવનનું લઘુ સ્વરૂપ બની રહે છે.

માર્શલ આર્ટ્સની એડવાન્સ તાલીમ માટે નિખિલભાઈ ૧૯૮૫માં પ્રથમ વાર લંડન ગયા અને પોતાના ગ્રાન્ડમાસ્ટર સોકે બ્રાયન ડૉસેટ પાસેથી તાલીમ મેળવી સ્પિરિટ કૉમ્બેટ નામની યુરોપિયન માર્શલ આર્ટ શીખનાર પ્રથમ ભારતીય બન્યા. ૧૯૯૦માં ભારતના મણિપુર રાજ્યમાં જઈ ત્યાંની માર્શલ આર્ટ થાંગ તા શીખનાર પ્રથમ પરપ્રાંતીય બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું.

માર્શલ આર્ટ ઉપરાંત નિખિલભાઈએ 'કૈવલ્યધામ' અને 'બિહાર સ્કૂલ ઓફ યોગા' જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાંથી યોગપ્રશિક્ષકની અધિકૃત તાલીમ મેળવી છે. તેઓ એક બહુ જ સારા રેકી માસ્ટર અને પ્રાણિકહીલિંગ ટ્રેઈનર પણ છે. આમ, આ બધી વિદ્યાઓનો સમન્વય તેમને એક અદ્વિતીય ગુરુ બનાવે છે. જેમના હાથ નીચે તૈયાર થયેલા વિદ્યાર્થીઓ સમાજમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી રહ્યા છે. પૂ. પ્રમુખસ્વામી મહારાજ અને પૂ. મોરારિબાપુ જેવા વિશ્વવિખ્યાત સંતોએ પણ નિખિલભાઈની ઉદ્દાત પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરીને આશીર્વાદ આપ્યા છે. પૂ. દર્શકદાદાએ નિખિલના કામ અંગે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે 'દેશની યુવા પેઢીને મજબૂત બનાવી તેનું ચારિત્ર્યઘડતર કરવાનું કામ એક રીતે રાષ્ટ્રની સેવા જ છે.' તો શ્રી યોગેશભાઈ ભટ્ટે કરાટે કેમ્પની મુલાકાત લઈ, વિદ્યાર્થીઓ જે રીતે તાલીમ મેળવે છે તે જોઈને કહેલું કે, 'કરાટે એટલે કથળેલા રાષ્ટ્રને ટેકો આપવાની કળા !'

નિખિલભાઈએ અત્યાર સુધીમાં ૫૦૦૦૦થી વધુ લોકોને તાલીમ આપી છે, જેમાં CEPT, AMA, NIFT, MICA જેવી ખ્યાતનામ સંસ્થાઓ ઉપરાંત ઉદ્‌ગમ, એકલવ્ય, સી. એન. વિદ્યાલય જેવી જાણીતી શાળાઓ તેમ જ અનેક કૉર્પોરેટ કંપનીઓનો સમાવેશ થાય છે. નિખિલભાઈએ ગુજરાત પોલીસદળને પણ તાલીમ આપી છે. એમના વિદ્યાર્થીઓ આજે દેશ અને દુનિયાના યુ.કે., અમેરિકા, ન્યુઝીલેન્ડ, કેનેડા, જર્મની જેવા અનેક દેશોમાં ફેલાયેલા છે અને યુનાઈટેડ નેશન્સ 'યુનો'માં હોય કે અદાણી જેવી માતબર કંપની, તેઓ પોતાના ઉત્કૃષ્ટ દેખાવ દ્વારા સૌને પ્રભાવિત કરી રહ્યા છે. આસ્માના વિદ્યાર્થીઓ ભારતની સેનામાં પણ ઉચ્ચ પદવી પર પહોંચ્યા છે. નિખિલભાઈ અને તેમની વિશિષ્ટ તાલીમ અંગે આરંભના વર્ષોમાં ભાવનગરના તે સમયના લોકપ્રિય અખબાર સૌરાષ્ટ્ર સમાચારથી લઈને ગુજરાત સમાચાર, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ઈન્ડિયા ટુડે અને ચિત્રલેખા જેવાં પ્રતિષ્ઠિત અખબાર અને સામાયિકોમાં અવારનવાર તેમને બિરદાવતા લેખો પ્રકાશિત થાય છે.

વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતરની ઉમદા પ્રવૃત્તિને જીવનમંત્ર બનાવનાર નિખિલભાઈને તેમની કારકિર્દી દરમિયાન અનેક પારિતોષિક આપી નવાજવામાં આવ્યા છે, જેમાં સંસ્કાર ઍવૉર્ડ, ગુજરાતના ગવર્નરશ્રીના હસ્તે સારસ્વત સન્માન, લંડનની ખ્યાતનામ સ્પિરિટ કૉમ્બેટ ઈન્ટરનેશનલ સંસ્થા દ્વારા ભારત અને એશિયા ખંડ માટેનો 'કાન્ચોશીપ' ઍવૉર્ડ તથા ૨૦૧૯માં લાઈફ ટાઈમ અચીવમેન્ટ ઍવૉર્ડ અને ગ્રાન્ડમાસ્ટરના ટાઈટલનો સમાવેશ થાય છે. નિખિલભાઈની ગણના આજે ભારતના આંગળીના વેઢે ગણી શકાય તેવા ઉત્કૃષ્ટ અને સમર્પિત માર્શલ આર્ટ્સના ગુરુઓમાં થાય છે.

**પ્રતિભાવ**

- નિખિલભાઈ ત્રિવેદી

લોકભારતી દ્વારા આ વર્ષે સન્માનિત થનારા પૂર્વ વિદ્યાર્થીઓમાં મારા નામની પસંદગી થઈ છે, એવી જાણ કરતો સંદેશ સુભગ યોગાનુયોગે ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે મળ્યો, જેને ઈશ્વર અને ગુરુની વિશેષ કૃપા સમજીને મારું મન પ્રસન્નતા અને આભારથી ભરાઈ જાય છે. જેની માટીમાં જીવનના પ્રથમ એકવીસ વર્ષ વીતાવ્યાં એ લોકભારતી તો હૃદયનો એક અવિભાજય હિસ્સો છે. અહીંની ટેકરીઓ, લોકભારતીને વીંટળાઈને વહેતી સીંદરી નદી, શાંત તલાવડાં, ઘેઘૂર વૃક્ષો, ગોશાળા અને ખેતીવાડી આ બધું મારા જેવા બાળકમાં સહજ સાહસ અને હિંમત કેળવવા માટેનું વાતાવરણ પૂરું પાડતાં. કુદરતના પડકારો ઝીલવાની અને કુદરત સાથે જીવવાની કેળવણી આ રીતે જાણે ગળથૂથીમાં જ મને મળી, જેણે આગળ ઉપરની શરીર-મનને પડકારનારી માર્શલ આર્ટની ટ્રેઇનિંગનો પાયો ધરબી દીધો હતો એમ કહી શકાય. લોકભારતીની સમૃદ્ધ લાઇબ્રેરી અમારી સામે દેશ, દુનિયા, ઇતિહાસ અને સાહિત્ય વિષયક જ્ઞાનના ભંડાર ખોલી નાંખતી અને મને મનપસંદ પુસ્તકો વાંચવામાં સમયનું ભાન પણ ભૂલી જવાતું.

આ બધા ઉપરાંત અને એ બધાથી પણ વિશેષ હતી, પૂ.નાનાદાદાના તપથી સીંચાયેલી આ ભૂમિમાં એ વર્ષોમાં પોતાના મધ્યાહ્ને પ્રકાશતી પૂ. મનુદાદાની પ્રખર તેજોમયી ઉપસ્થિતિ. દાદાના રાજનીતિના વર્ગોમાં લેક્ચર પૂરું કરીને દાદા તો ક્લાસમાંથી જતા રહે, પણ મને યાદ છે કે હું તેમના જ્ઞાન-સમૃદ્ધ લેક્ચરથી અભિભૂત, વર્ગખંડની બારીના સળિયા પકડીને વિચારોમાં ડૂબી જતો. પૂ. બુચદાદાનું અમીભર્યું વ્યક્તિત્વ, કુમુદભાઈ, અરુણભાઈ, સલ્લાભાઈ, યોગેશભાઈ, ઝાલાબાપુ, મજીઠિયાભાઈ જેવા વિદ્વાન અને પ્રેમાળ ગુરુજનોએ પણ એ વર્ષોમાં અમારા ચારિત્ર્યઘડતરમાં બહુમૂલ્ય ફાળો આપ્યો. આ સહુ મહાનુભાવોના સાન્નિધ્યમાં ઉછેરવાથી અમે પણ જાણે આ મહાન અને પવિત્ર પરંપરાનો એક સહજ હિસ્સો બનતા ગયા. લોકભારતીએ મને વિશ્વાસ કરતાં શીખવ્યું. એ દિવસોમાં અમે ઘરને તાળાં નહોતા મારતા અને છતાં એક અદ્ભુત સુરક્ષા અને શાંતિનો અહેસાસ જીવનમાં રહેતો. લોકભારતીએ મને સાદગી, સ્વાવલંબન અને માનવ માત્રનું સન્માન કરતાં શીખવ્યું. જે તે વ્યક્તિના પદ, પ્રતિષ્ઠા કે પૈસાને ધ્યાનમાં લીધા વિના, માત્ર માણસ તરીકેનું તેનું સન્માન કરવાનું. આ બધા મૂલ્યો લોકભારતીના ભાવાવરણમાં જીવાતાં.. મારાં માતા-પિતાના અને અમારા આદરણીય ગુરુજનોના જીવનમાં એનું આચરણ થતું દેખાતું જે અમારામાં ઊતર્યું છે. એ બધું સહજપણે જ જીવન ઘડતરનો પણ હિસ્સો બની ગયાં છે. મને લાગે છે કે મારું ઘડતર કરવામાં લોકભારતી પાસેથી મળેલા આ શિક્ષણનો મોટો ફાળો છે.

આમ, જેણે સંસ્કાર અને વિદ્યાના અમી પીવડાવી અમને પોખ્યા છે એ માતૃસંસ્થા જ્યારે મારું સન્માન કરે છે ત્યારે, માતા પોતાના ખોળામાં બેસાડી વહાલ કરતી હોય એવી અનુભૂતિ થાય છે. આ પ્રસંગે મારા હૃદયની પ્રસન્નતા અને આભારને પ્રગટ કરવા માટે શબ્દો ઓછા પડે છે. જેમના થકી લોકભારતીને પામ્યો એવાં મારાં પૂ. માતાપિતાની આજે ખોટ સાલે છે. સ્વ. પૂ. નાનાદાદા અને સ્વ. પૂ. 'દર્શક'દાદાની દિવ્ય ચેતનાને અને મારી લોકભારતીને હૃદયપૂર્વક પ્રણામ. સાથે જ લોકભારતીના વર્તમાન મૅનેજમેન્ટ અને પૂર્વ વિદ્યાર્થી સન્માન સમિતિ પ્રત્યે પણ મારો આભાર પ્રગટ કરું છું.

આભાર,

સ્નેહપૂર્વક નિખિલ ત્રિવેદીના સાદર વંદન.

## ૦૫ શિક્ષણ અને સમાજ : અનુબંધ અને પરિવર્તન

**રમેશ સંઘવી**

---

**(૧) જીવન અને શિક્ષણ : સહઅસ્તિત્વની સાધના**

મહાત્મા ગાંધીજીના જીવનને વળાંક આપનાર વિચારક જહોન રસ્કિને કહેલુંઃ 'સાચી સંપત્તિ એ ધન નથી, પણ જીવન છે.' જીવન એ કેન્દ્રમાં છે. શિક્ષણની સમગ્ર પ્રક્રિયામાં કેન્દ્રસ્થ જીવન છે. અહીં 'શિક્ષણ' એટલે વ્યાપક અર્થમાં કેળવણી, આપણું આ જીવન અત્યંત વ્યાપક અને અનેક પાસાંઓવાળું-બહુઆયામી છે. તેમાં કેવળ મનુષ્ય જ નથી કે જેટલું દશ્યમાન થાય છે, એટલું જ નથી. આપણા કવિ શ્રી ઉમાશંકર જોશીએ કહેલુંઃ

'વિશાળે જગ વિસ્તારે, નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, પુષ્પ,વનોની છે વનસ્પતિ.'

મનુષ્ય એ આ વ્યાપક - બહુઆયામી જીવનની જ અનોખી અભિવ્યક્તિ છે. એટલે સમગ્ર સૃષ્ટિ સાથેની સંવાદિતા એ જ ખરું જીવન છે. આ જીવનની તૈયારી માટેનું માધ્યમ તે 'શિક્ષણ' અથવા 'કેળવણી'.

સમગ્ર જીવનને અનેક પાસાં છે, તે ભારે સંકુલતાભર્યું અને વૈવિધ્યપૂર્ણ છે. મનુષ્યજીવનને પણ વિવિધ પરિમાણ છે અને તેથી તે પણ ભારે સંકુલતાભર્યું તેમજ પડકારભર્યું છે. કેવળ દેહ ધારણ કરવો, શ્વાસ લેવો, રોટી-કપડાં-મકાન કે જ્ઞાનેન્દ્રિયો કે કર્મેન્દ્રિયોનું જગત એટલું જ જીવન નથી. તેમાં મૂળભૂત વૃત્તિઓ છે. ચિત્ત-બુદ્ધિ-મન અહંકાર છે, તેમાં ચેતનતત્ત્વ છે. દેખાતા દશ્યમાન સ્થૂલ જીવનની પાછળ એક બૃહદ સૂક્ષ્મ અને સૂક્ષ્મતમ જીવન પણ છે. શિક્ષણનો જ્યારે વિચાર કરીએ ત્યારે આવા બૃહદ સંદર્ભમાં- અર્થમાં જ તેનો વિચાર કરવો જોઈએ.

આ જીવન કેમ સંગીતમય- સંવાદી બને, દેહપરાયણતા - મનપરાયણતાથી ઉપર ઊઠે તે માટે શિક્ષણની સમગ્ર પ્રક્રિયા અને તેનું તંત્ર મુખ્યરૂપે છે. કારણ, જીવન એટલે જ સહઅસ્તિત્વ. સહઅસ્તિત્વ એટલે જ એકબીજાનો સ્વીકાર, સન્માન અને સંભાળ. સ્થૂળ અર્થમાં જોઈએ તો માનવપ્રકૃત્તિ, સમાજ, સામાજિક તાણાવાણા અને વ્યવહારો પરસ્પર ગૂંથાયેલાં છે. આ સર્વ સાથે સામંજસ્ય અને માધુર્ય સ્થપાય તે કેળવણીનું કર્તવ્ય છે.

એટલે, શિક્ષણ એ જીવનાભિમુખ જ હોવું જોઈએ. તેનું કામ છે જીવન જીવતાં શીખવવું, જીવનની સમસ્યાઓ હલ કરવાનું, જીવનની જરૂરિયાતો પૂર્ણ કરવાનું, તેમજ જીવનમાં જરૂરી પરિવર્તન લાવવાનું શીખવવું. વિમલાતાઈએ કહેલુંઃ 'આજે સખ્યમૂલક, સહયોગ પરાયણ, સહજીવનની દૃષ્ટિ આપે તેવા શિક્ષણની જરૂર છે. શિક્ષણ એટલે કેવળ શાળા- કૉલેજોમાં આપતું જ્ઞાન નહીં, પણ માનવજીવન સંવાદીતાથી - આનંદથી જીવાય તેવું શિક્ષણ'

એટલે જ ગાંધીજીએ નઈ તાલીમ માટે સમજાવેલું; 'બાળકોના શિક્ષણમાં આસપાસની પ્રકૃતિ, સમાજ અને તેનો ધબકાર, સમાજની વિવિધ સંસ્થાઓ તેમજ ગામ અને તેની આસપાસ ચાલતા ગ્રામોદ્યોગ- વ્યવસાયોને પણ કેળવણીનાં માધ્યમો બનાવવાનાં છે, કેળવણી સાથે તેને જોડવાનાં છે. આવી જીવનાનુબંધિત કેળવણી જ ખરી કેળવણી છે. આ જ શાળા - મહાશાળાનું કાર્યક્ષેત્ર છે.'

આજનું શિક્ષણ જીવનથી, જીવનના વિવિધ આયામોથી ફંટાઈ ગયું છે. એક ખંડિત, જીવાતા જીવનથી કપાયેલું આજનું જે શિક્ષણ તેને જીવનની મૂળધારા સાથે જોડવું તે જ સાચું શિક્ષણ અને તે જ શિક્ષણનું કાર્ય. આપણે શિક્ષણમાં જીવન ઉમેરવું છે. શિક્ષણને જીવનનાં વિવિધ પાસાં, ગતિવિધિઓ અને વિકાસ સાથે જોડવાનું છે.

**(૨) સમાજ : જીવનની પાઠશાળા**

માનવજાતિના વિકાસની યાત્રા એટલે જ

એકલતામાંથી સમૂહજીવન તરફ પ્રયાણ. મનુષ્યની અંદરની જ અભિપ્સા છે  તેને બીજાનો સાથ જોઈએ છે, બીજાનું હોવું એ પ્રત્યેક મનુષ્યની આંતરિક અનિવાર્યતા છે. એટલે જ એરિસ્ટોટલની એ ઉક્તિ જાણીતી છે 'મનુષ્ય એ સામાજિક અને બૌદ્ધિક - વિચારશીલ પ્રાણી છે.' મનુષ્યનો જન્મ અને ઉછેર, ધારણ, પોષણ અને રક્ષણ, આનંદ અને ઓચ્છવ, સંભાળ-કાળજી, આત્માભિવ્યક્તિ અને આત્મતૃપ્તિ આ બધું સમૂહને લીધે- સમાજને લીધે જ સંભવે છે. 'હું એકલો નથી અને એકલો રહી શકતો નથી' તે પ્રત્યેકની પ્રતીતિ છે. એટલે જ વ્યક્તિ અને સમાજનો નાભિનાળનો સંબંધ છે. એટલે જ જગતના શિક્ષણવિદો- ચિંતકોએ કેળવણીનો એક મહત્ત્વનો ઉદ્દેશ દર્શાવ્યો છે : How to Live together. સહુની સાથે પ્રસન્નતાથી સાનુકૂળ બની જઈ, સહુના નિજત્વનો આદર કરીને કેમ જીવવું એ માનવજીવન માટે અત્યંત મહત્ત્વનું છે. આ માટે થઈને જ સમાજ દ્વારા અનુભવને તેમજ આવશ્યકતાને લઈને કેટલીક સંસ્થાઓ અસ્તિત્વમાં આવીઃ લગ્ન, પરિવાર, વ્યવસાય, ધર્મ, રાજ્ય અને ઉત્સવો, લલિતકળાઓ, સાંસ્કૃતિક પરંપરાઓની જેમ કેળવણી યા શિક્ષણ પણ સમાજની મહત્ત્વની અનિવાર્ય સંસ્થા તરીકે સ્થાપિત થઈ. આમ શિક્ષણ એ એક સામાજિક સંસ્થા છે. વ્યક્તિએ પોતાના વિકાસ માટે, જીવન જીવવાનું - ટકવાનું કૌશલ્ય શીખવા માટે અને સમાજના સુચારુ વ્યવસ્થાપન - સંચાલન તેમજ પ્રગતિ માટે જે તડપન - જરૂરિયાતો અનુભવી તેમાંથી આ શિક્ષણ નામની સંસ્થા શરૂ થઈ અને પછી તેને પરિણામદાયી બનાવવા માળખાબદ્ધ કરવામાં આવી. તેનો હેતુ, અભ્યાસક્રમ, પુસ્તકો, પ્રવૃત્તિઓ, સુવિધાઓ, શિક્ષક, તાલીમ, મૂલ્યાંકન વગેરેનો ઘટાટોપ ઊભો થતો ગયો અને ક્રમશઃ શિક્ષણ ઔપચારિક બનતું ગયું, જીવનથી કપાતું ગયું પણ અનુભવથી સમજાતું ગયું કે શિક્ષણ એ કેવળ શાળામાં જ અને પુસ્તકોથી અપાય તેમ નહીં, પણ શાળા બહાર કે, વિશાળ સમાજ, તેનાં વિવિધ કાર્યો, આ અસીમ સૃષ્ટિ  પણ વિદ્યાલયો જ છે, તેનો શિક્ષણમાં સમાવેશ કરવો જોઈએ. કેવળ ઔપચારિક શિક્ષણ પૂરતું નથી, અનૌપચારિક શિક્ષણ પણ જે મળે છે તે પણ એટલું જ મહત્ત્વનું છે. જગતભરના કેળવણીકારોએ પોતાના ચિંતનમાં અને કેળવણી પંચોના અહેવાલોમાં આ વાત કરી છેઃ 'શિક્ષણને ચાર દિવાલથી મુક્ત કરો. શિક્ષણને અનુભવ, અભિવ્યક્તિ અને આચરણ સાથે જોડો.'  ખરી કેળવણી વ્યક્તિનાં અસ્તિત્વ અને વ્યક્તિત્વનો આદર કરે જ, તેના અંતસ્તત્વના વિકાસને મોકળાશ આપે જ પણ તે સમાજને ભોગે ન હોય. પંડિત સુખલાલજીએ કહેલું : 'પ્રત્યેક વ્યક્તિએ પોતાના સ્વાર્થને સમષ્ટિના કલ્યાણમાં જતો કરવો તેમ જ પોતાની શક્તિઓને સમષ્ટિના હિતમાં પ્રયોજવી.' શિક્ષણ દ્વારા સમૂહજીવન, સામૂહિક ઉત્ક્રમણ શીખવાનું છે. અને તે ઘરથી જ શરૂ થવું જોઈએ. 'ઘર' એ સમાજનું જ નાનું અને મહત્ત્વનું એકમ છે, 'ઘર' બાળકના ઘડતરનો મજબૂત પાયો છે. શાળામાં બાળકનું સામાજિકરણ તો થાય છે જ, પણ શાળાએ જ્યારે સમાજ સાથે, સમાજ વચ્ચે તેના વિવિધ કાર્યક્રમોમાં આયોજનપૂર્વક જોડાઈ શકે તો મૂલ્યવાન અનુભવ મળે છે.

### (૩) **શિક્ષણ : અનુબંધ અને પરિવર્તન**

શિક્ષણ એ જીવનભર ચાલતી વ્યક્તિનાં સર્વાંગીણ વિકાસની ઘટમાળ છે અને તે ગર્ભધાનથી શરૂ થઈ જીવનના અંત સુધી ચાલતી રહે છે. શરૂઆત ઘરથી થાય. સુટેવો, સંસ્કારો અને જીવનવ્યવહારનાં બી ઘરથી જ વવાય. માતાપિતાએ બાળકના ઉછેર તેમજ વિકાસમાં રસ લેવો જોઈએ. તે માટે સમય આપવો જોઈએ. ભય, ટીકા, લાડ વગેરે બાળકના વિકાસમાં બાધક બને છે. પરિવારથી જ બાળકની સામાજિકતા શરૂ થાય છે. પછી શેરી, મિત્રો, પડોશી અને ગામ એમ વર્તુળ વિસ્તરતું જાય અને જાણે અજાણે બાળકનું ઘડતર થતું જાય છે.

ક્રમશઃ

સંપર્કઃ ૯૧૩૧૬૦૭૨૪૨

## ૦૬ બાળપુષ્પોને મહેકવા દઈએ...

**વિપુલ બી. જોષી**

ઘણી વખત શિસ્તના પાઠ કે અન્ય શીખવવાના મુદ્દાઓ સમજાવતા આપણે બાળકને સમજવાનું અને સાંભળવાનું ભૂલી જઈએ છીએ, ત્યારે બાલમનોવિજ્ઞાનની દૃષ્ટિ કેળવીને કેળવણી આપવાનો અભિગમ અનિવાર્ય બને છે. બાળકની વ્યથા, કથા અને વિવિધ બાળસહજ વાતોમાં મૂળ તો સંવેદનશીલતાની સરિતા વહેતી હોય છે. એ સંવેદનાસભર છોડને પારખવાનું અને પાંગરવા માટેનું માધ્યમ આપણે પૂરું પાડવાનું છે. કારણ કે એક શ્રેષ્ઠ શાળા દ્વારા સર્જન કરવામાં આવેલ આચાર અને વિચાર જ એનું પ્રાણતત્ત્વ છે. વર્તમાન શિક્ષણમાં બાળકનું બાળપણ છીનવાયું છે, બાળકની વનકેડીઓ વિસરાઈ છે, તેનું ઝૂમવાનું, વડવાઈએ હીંચકા ખાવાનું, ખુલ્લા પગે ફરવાનું અને માટીમાં રગદોળાવાનું લુપ્ત થતું જાય છે !

ડૉ.યશપાલ કહી ગયેલ 'ભારવગરના ભણતરની' સ્થિતિ ડામાડોળ થઈ રહી છે, ત્યારે મૂછાળી 'મા'- ગિજુભાઈ બધેકાના 'માર અને ભાર' વિનાના ભણતરના આગ્રહી બનવું રહ્યું. શ્રી ગિજુભાઈ કહેતા કે 'બાળકોને વાર્તા કહ્યા પછી તેમાંથી શો બોધ મળશે તે તેના પર છોડી દેવું જોઈએ.' એટલે તેને મુક્તતા અને વિહાર સાથે વિચારની સ્વાયત્તતા મળવી જોઈએ. સર્જક મનુભાઈ પંચોળી 'દર્શક' કહેતા, 'બાળકોના ઘડતર અને ઉછેર માટે 'ભગવદ્ગીતા'નો 'દસમસ્કંધ' વાંચવો અને પચાવવો જોઈએ. કૃષ્ણ હીરની દોરીથી પણ બંધાયા નથી તો બાળકોને શી રીતે બાંધી શકાય?' ખરાં અર્થમાં આજના બાળકની દશા 'પિંજરે કે પંછી રે તેરા દર્દના જાણે કોઈ !' એવી બની છે, ત્યારે અધ્યેતાને એક કુશળ ઇજનેરની માફક પ્રભુરૂપ સમજી શિક્ષકે બાળકનું ઘડતર કરી રાષ્ટ્રને સમર્પિત કરવા માટે યોગ્યતા પુરવાર કરવી પડશે. શિક્ષકે પોતાની ગતિશીલતા, કુશળતા, ક્ષમતાઓ સાથે બાળકોની રસ-રુચિ સમજી ઘડિયાળ પરથી નજર હટાવી એમના ચેહરા પર છલકાતા સ્મિતને માણતા થવું પડશે. પછી એમની આંખોમાં સ્વર્ગ દેખાશે. બાળકોને આનંદ માણતા કરવાનું કૌશલ્ય એ જ શિક્ષકનું સાચું કર્મ કૌશલ્ય છે. બાળકમાં બુદ્ધિ છે, ભાવ,અભાવ છે. રસ-રુચિ છે. બાળકોની ઇચ્છાઓને સમજવી જરૂરી છે. તે નાનું અને નિર્દોષ છે. તેનો તિરસ્કાર ન થવો જોઈએ. બાળકને સમજવાની અને સમજાવવાની પ્રક્રિયા હિમાલય જેટલી ધીરજ માંગી લે છે. વર્તમાન સમયે ઝડપી પરિણામની લાલસામાં આપણને સમજણનો ઉંબર પણ ડુંગર લાગે છે, ત્યારે બાળકને એક જ વારમાં બધું સમજાય જાય એવું નથી. બાળક વાણી, વર્તન, વ્યવહારથી પણ અનુગામી બનતું હોય છે એ વાત યાદ રાખી કાર્યરત રહેવું રહ્યું.

'વેડછીના વડલા' તરીકે જાણીતા કેળવણીકાર શ્રી જુગતરામ દવેના શબ્દોમાં કહીએ તો 'ઊછળતા કૂદતા ખિલખિલાટ કરતાં બાળકને ડાહ્યું બનાવી દેવાની ઘેલછા સેવતી વખતે આપણને ભાગ્યે જ ખ્યાલ રહે છે કે એક ચેતનવંત તત્ત્વને જડ બનાવી દેવાનું પાપ આપણે કરી રહ્યાં છીએ.' જેમ માનવનું શરીર વિવિધ અંગોથી જીવંત અને કાર્યશીલ રહે છે, તેમ કોઈપણ શૈક્ષણિક સંસ્થાઓ તેના અંગરૂપ અધ્યેતા અને શિક્ષકોથી ચેતનવંત બને છે. બંનેની સુમેળ ભરી સમર્પિત ભાવના અને સંવાદી સમજ વડે એક શ્રેષ્ઠતમ પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. મેડમ મોન્ટેસરીના શબ્દોને યાદ કરીએ, 'બાળક એ કોઈ વાસણ નથી કે એને ભરી કાઢીએ, એ તો એક જ્યોત છે, જેને પ્રગટાવવાની છે.'

બાળક એ ઈશ્વરે લખેલો પૃથ્વી પરનો પ્રેમનો સંદેશ-પત્ર છે. તેમાં પરમેશ્વર સાક્ષાત છે, બાળકની મુગ્ધતાને પામીએ...

## ૦૭ ભાગ-૨ પેટ્રોલ વિના કાર ચલાવો !

**વિનોદ માંગુકિયા**

---

ટેસ્લા કારમાં એન્જીન નથી પણ તેમાં મોટી વજનદાર અને હેવી પાવર સપ્લાય કરતી બે બેટરીઓ હોય છે. એક બેટરી એક મોટરને પાવર આપે છે જે મોટરથી આગળનાં બંને વ્હીલ ફરે છે અને બીજી એવી જ મોટી બેટરી અને મોટરથી પાછળનાં બંને વ્હીલ ફરે છે. દરેક કારમાં પાછળ એક ડેકી હોય છે જ્યારે ટેસ્લામાં કે કોઈ પણ બેટરી સંચાલિત કારમાં એન્જીનની જગ્યાએ એક બીજી ડેકી આગળ પણ હોય છે. બંને ડેકી પ્રવાસમાં ઉપયોગી થાય છે.

સામાન્ય રીતે કોઈપણ કારની બેટરીનું આયુષ્ય ત્રણ વર્ષની આસપાસ હોય છે પછી તે જૂની બેટરી ભંગારમાં જાય છે ત્યારે નવું પ્રદૂષણ કરે છે. ટેસ્લાની બેટરી દસ વર્ષ કામ આપશે તેવું કંપની કહે છે. દસ વર્ષ પછી બેટરીની પાવર સંગ્રહની કેપેસિટીમાં ૨૦% ઘટાડો થાય છે તો પણ એટલા ચાર્જમાં ૩૦૦થી વધુ કિલોમીટર કાર દોડી જશે એમ કહેવાય છે. સાચું તો સમય જ કહેશે. પણ આજે વિશ્વમાં બેટરીનું આયુષ્ય લંબાવવા વૈજ્ઞાનિકો સતત પ્રયોગશાળામાં પ્રયોગો કરે છે. બેટરી વરસો સુધી ચાર્જ કરીને ચલાવી શકાય તેવી બને તો સૂર્યઊર્જાથી બેટરીઓ ઘરે જ ચાર્જ થતી રહે અને પેટ્રોલનો એક મોટો વિકલ્પ મળે જેથી દુનિયાની પ્રદૂષણની સમસ્યા થોડી હળવી જરૂર થાય. સંશોધનની કોઈ સીમા નથી હોતી !

ટેસ્લા કાર સ્વયં સંચાલિત છે. ડ્રાયવર ગંતવ્ય સ્થાનનો કમાન્ડ આપી દે પછી ટેસ્લા ખૂબ ટ્રાફિકમાં પણ ક્યાંય અથડાયા વિના તમને નિશ્ચિત સ્થાને પહોંચાડી દે છે જેનો હું અહીં રોજ અનુભવ કરી રહ્યો છું. ટેસ્લાના ડોર ખોલવા કે એન્જીન ચાલુ કરવાની કોઈ ચાવી નથી હોતી ! તમારા મોબાઇલમાંથી મેસેજ મોકલો એટલે ડોર ખુલશે. ચાવી જ ન હોવાથી કાર ચોરાઈ જવાની કોઈ શક્યતા નથી.

કારનું એસી કે હીટર પણ મોબાઇલથી ચાલુ થશે પણ કારની ચીપ તમારા મોબાઇલ સાથે જોડાયેલી હોવી જોઈએ. ટેસ્લાને એક એરપોર્ટ ઉપર પાર્ક કરીએ તમે ફ્લાઇટમાં દૂર ૧૦૦૦ કિલોમીટર આવેલા કોઈ સીટીમાં મિટિંગમાં જાવ છો ત્યારે એરપોર્ટ ઉપર દૂર પડેલી તમારી કારને કોઈ ખોલવાનો પ્રયત્ન કરશે તો તમારા મોબાઇલમાં મેસેજની સાથે તે માણસનો ફોટો પણ આવી જશે. તમે સ્થાનિક પોલીસને તરત જ જાણ કરી શકો.

તમે કોઈ મોલમાં ખરીદી કરીને બહાર આવો છો અને તમારી ટેસ્લા કાર પાર્કિંગમાં દૂર પડી છે તે સમયે વરસાદ આવે છે અથવા સ્નો ફોલ થાય છે, તમારી પાસે રેઇનકોટ કે છત્રી નથી તો તમે ચિંતા કરશો નહીં, ટેસ્લાને તમારા ફોનથી જ તમારી પાસે બોલાવી લો. ટેસ્લા બીજી ગાડીઓની વચ્ચેથી હળવેકથી નીકળી તમારી પાસે આવીને ઊભી રહેશે. વરસાદ હોય કે બરફ પડવો શરૂ થાય તો ગાડીના વાયપર્સ આપોઆપ ચાલુ થઈ જશે અને વરસાદ બંધ થાય એટલે વાયપર્સ પણ બંધ થઈ જશે. જો કે હું પોતે કાર ચલાવતો નથી પણ મારા પુત્રની કારમાં બેસીને ટેસ્લાની કમાલ જોઉં છું ત્યારે વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોની કમાલને સલામ કરવાનું મન જરૂર થઈ આવે છે.

ટેસ્લામાં અનેક ખૂબીઓ છે જેની આપણે અગાઉ ક્યારેય કલ્પના નહોતી કરી, એ બધી ખૂબીઓની વાત આપને કોડિયુંના આગામી અંકમાં કહીશ.

અમેરિકા-શિકાગોથી..તા. ૧૫/૦૮/૨૦૨૫

ક્રમશઃ

સંપર્ક : ૯૪૨૭૬૯૪૭૭૦

## ૦૮ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે...

**ડો. દિનેશ પરમાર**

કેળવણી એ બહુ-પરિમાણીય પ્રક્રિયા છે. કેળવણીને કોઈ એક જ પરિમાણથી કે અભિગમથી મૂલવવી એ બિલકુલ અનુચિત છે. નાનાભાઈ ભટ્ટ, વિનોબા ભાવે, જે. કૃષ્ણમૂર્તિ, ગિજુભાઈ બધેકા, હરભાઈ ત્રિવેદી, મનુભાઈ પંચોળી 'દર્શક', વગેરે કેળવણીકારોએ કેળવણીને જુદીજુદી અર્થચ્છાયાઓમાં પ્રયોજીને વ્યાખ્યાયિત કરવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. કેળવણીના પ્રત્યેક પરિમાણ પર પૂરતું ધ્યાન આપવામાં આવે તો જ બાળકને કેળવી, ખીલવી, વિકસાવી અને વિસ્તારી શકાય છે, તેમાં કોઈ સંદેહ નથી. આજે કેળવણીના પાયાનાં તત્ત્વો જેવા કે, આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, મિત્રો અને સમાજ વિષે વાત કરીને કેળવણીના આધારસ્તંભોના અંતરંગોનો ઉઘાડ કરીએ.

સૌથી પહેલા કેળવણીમાં આચાર્ય વિષે વાત કરીએ. શાળાના આચાર્ય શાળાના વડા હોવા સાથે શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સમાજના પથદર્શક છે. શાળાનો સર્વાંગીણ વિકાસ કેમ કરવો તેની રૂપરેખા માનસપટ પર રેખાંકિત થયેલી હોય તો જ શાળાનો વિકાસ શક્ય બને છે. આચાર્ય શાળાવિકાસનો નકશો કંડારનાર ખરા નકશીકાર છે. આચાર્ય શાળાવિકાસની ધરોહર બની રહેતા હોય છે. કહેવાય છે કે, 'આચરે તે આચાર્ય.' તેઓએ શિક્ષક, વિદ્યાર્થીઓ, વાલી અને સમાજ પ્રત્યે આદર્શ, પ્રેરણારૂપ અને માર્ગદર્શક બની રહેવાનું છે. વહીવટી કામગીરી સાથે શૈક્ષણિક કાર્ય, શાળાના ભૌતિક અને આંતરિક વિકાસ અર્થે સતત ચિંતન અને મનન કરી શાળાને સફળતાની નવી ઊંચાઈએ પહોંચાડવા માટે પ્રતિબદ્ધ રહેવાનું છે. જ્યારે આચાર્યના વાણી, વર્તન અને વ્યવહારમાં ઐક્ય અને સકારાત્મકતા આવે છે ત્યારે શાળા ખરા અર્થમાં સફળતાની મિશાલ બની રહે છે. શાળાના આચાર્યે આદેશ નહીં પરંતુ આત્મીયતા સાથે, રૂઆબ નહીં પરંતુ ઋજુતા સાથે, માર્ગદર્શક તરીકે, સંવેદનશીલતા સાથે, કર્મચારી નહીં પણ કર્મયોગી તરીકેની ભૂમિકા ભજવીને શિક્ષણ સાથે સંબંધ ધરાવતી પ્રત્યેક વ્યક્તિ સાથે તંદુરસ્ત સંબંધો કેળવી શાળા વિકસિત થાય એવા માર્ગને કંડારવાનો રહેતો હોય છે. આચાર્ય ધૈર્યવાન, નૈતિક, સૌને સાથે લઈને ચાલનાર, વિચારશીલ, વ્યવહારિક, કર્તવ્યનિષ્ઠ, પ્રેરણાસ્ત્રોત બની રહે તો, શાળા ઇચ્છિત મુકામો સર કરી જ શકે છે.

ગુણવત્તાયુકત શિક્ષણની અભિવૃદ્ધિ માટે દ્વિતીય મજબૂત આધારસ્તંભ શિક્ષક છે. જે તે શિક્ષકો શાળા અને વિદ્યાર્થીઓ પ્રત્યે સમર્પણભાવ અને સંનિષ્ઠાભાવ દાખવે તો, વિદ્યાર્થીઓના સર્વતોમુખી વિકાસને કોઈ રોકી શકે નહીં. શિક્ષકો ખરા દીપકો છે, શિક્ષકો મશાલચી બનીને શિક્ષણની જ્યોતને ઝળહળતી રાખી સમાજને અંધકારથી દિવ્ય અજવાશ તરફ દોરી જાય છે. કહો કે, તેઓ શાળાને ખરા અર્થમાં ઝળહળ કરીને વિદ્યાર્થીઓના જીવનને અજવાળે છે. જે શાળા પાસે કર્તવ્યનિષ્ઠ શિક્ષકોની ટીમ હોય છે તે શાળા અત્યંત સૌભાગ્યશાળી ગણી શકાય. ખરી કેળવણી પામેલા શિક્ષકોના હૈયે અને હોઠે હંમેશા શાળા અને વિદ્યાર્થીઓનું હિત સંગોપાયેલું જોઈ શકાય છે. એમાંય શાળા જ્યારે લોકશાળા હોય ત્યારે શિક્ષકો અને વિદ્યાર્થીઓ પરસ્પર સહયોગ રચીને શાળાને સિદ્ધિઓના સોપાનો સર કરાવે છે. શાળાના શિક્ષકો સ્વયંશિસ્ત તરફ અભિમુખ રહી પોતાના આદર્શ વર્તનથી વિદ્યાર્થીઓને પ્રેરિત કરનાર, કરુણાવાન, શીલવાન, પ્રજ્ઞાવાન અને 'કર્મ એ જ ધર્મ'ને આચરણ કરે તો શાળા ધાર્યું પરિણામ પ્રાપ્ત કરી જ શકે છે.

શિક્ષણના બુનિયાદી તત્ત્વોમાં મહત્ત્વની ભૂમિકા અદા કરનાર વિદ્યાર્થીઓ છે. વિદ્યાર્થીઓથી શાળા, આચાર્ય અને શિક્ષકો ઉજળા છે, વિદ્યાર્થીઓ શાળાનો નક્કર અને મજબૂત આધારસ્તંભ ગણી શકાય. શિક્ષણનું ગુરુત્ત્વમધ્યબિંદુ હંમેશા વિદ્યાર્થીઓ જ રહે છે. શાળાના વિદ્યાર્થીઓનું જે પ્રકારનું ઘડતર કરવું છે તે માટે શાળાનું ઉત્તમ ભાવાવરણ રચવું તે સંચાલકોની નૈતિક ફરજ છે. વિદ્યાર્થીઓ પુષ્પોની જેમ મઘમઘી શકે, ફૂલીફાલી શકે અને ફળવાન બને તે જરૂરી છે. શાળાના વિદ્યાર્થીઓ સ્વાધ્યાયશીલ, એકાગ્ર, નમ્ર, વિવેકી, સદાચારી, સત્ત્વશીલ, સમાજોપયોગી, શ્રમનું મહત્ત્વ સમજનાર, સહયોગી, સાદુ જીવન અને ઉચ્ચ વિચારને હૃદયમાં સ્થાપિત કરનાર અને હંમેશા શાળાની પ્રગતિમાં ભાગીદારી નોંધાવનાર બની રહે ત્યારે તે શાળા માટે ખરા મૂલ્યવાન રત્નો બને છે. આવા કિંમતી રત્નો શાળાનું ખરું આભૂષણ બની શાળાને આંતરિક સુંદરતા આપે છે.

કેળવણીને અસર કરતું એક વધુ મહત્ત્વનું પરિવર્ત્ય સહાધ્યાયીઓ અથવા તો મિત્રો છે. કહેવાય છે કે, કોઈપણ વ્યક્તિનું વ્યક્તિત્વ કેવું છે ? તે તપાસવું હોય તો બસ માત્ર તેના મિત્રોને જાણી લો એટલે આપોઆપ એ વ્યક્તિના વ્યક્તિત્વનું માપન અને મૂલ્યાંકન થઈ જશે. જીવનકાળ દરમિયાન સહાધ્યાયીઓ કે મિત્રોની મહત્ત્વની ભૂમિકાને બિલકુલ નજરઅંદાજ કરી શકાય નહીં. જે વિદ્યાર્થીઓ પરસ્પર મૈત્રીભાવથી સ્વવિકાસની ધારાને અને શાળાકિય ભાવાવરણને ઉન્નત કક્ષાએ નિરંતર અને ખળખળ વહેવડાવી શકે તેને જ મૈત્રીભાવનું પવિત્ર ઝરણું કહી શકાય. શાળામાં સારા અને સાચા વિદ્યાર્થીઓનું જૂથ શાળાને એક નવી જ ઊંચાઈએ પહોંચાડે છે.

શાળા એ સમાજની લઘુઆવૃત્તિ છે, કહો કે આરસી કે પ્રતિબિંબ છે. શાળા અને સમાજ પરસ્પર ગાઢ સંબંધ સ્થાપિત કરીને એકબીજા પર પોતાની અસર છોડ્યા વગર રહેતા નથી. વર્ગખંડમાં બેઠેલા વિદ્યાર્થીઓ જુદાજુદા પરિવેશમાંથી આવે છે ત્યારે તેઓમાં રહેલ વિવિધતા વચ્ચે એકતા, સમાનતા અને ભાતૃભાવ કેળવાય તે અત્યંત મહત્ત્વનું છે. સમાજમાં પ્રસરેલા દૂષણોને ઘટાડવા અને સદ્‌ગુણોને વિસ્તારવા માટે કેળવણી જેવું બીજું કોઈ અમોઘ અને રામબાણ ઔષધ નથી. કોઈપણ સમાજનું કલેવર તેની શિક્ષણપ્રણાલીની ચાડી ખાધા વગર રહેતું નથી અને આમેય આદર્શ, સુસંવાદી અને તંદુરસ્ત સમાજનિર્માણ માટે શિક્ષણની ભૂમિકા અગત્યની પૂરવાર થાય જ છે. કોઈ રાષ્ટ્ર માટે સમાજ અને શિક્ષણ બન્ને એકબીજાના વિરોધી નહીં, પૂરક બની રહે ત્યારે સોનામાં સુગંધ ભળે છે અને શિક્ષણવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા આગવા સિદ્ધિના સોપાનો સર કરી તંદુરસ્ત રાષ્ટ્રનિર્માણનું સર્જન કરી શકે છે.

કોઈપણ રાષ્ટ્રનું ઉત્તમ ઘડતર શ્રેષ્ઠ કેળવણીથી કરી શકાય છે. નાગરિકોના હાથમાં હથિયારોની જગ્યાએ પુસ્તકો આપવામાં આવે છે ત્યારે તે નાગરિકો સદ્‌ગુણો મેળવી રાષ્ટ્રની પ્રગતિને નિરંતર આગળ ધપાવવામાં પ્રયત્નશીલ રહે છે. રાષ્ટ્રનો વિકાસ ‘શસ્ત્રો’થી નહીં પણ ‘શાસ્ત્રો’થી જ શકય બને છે. જ્યારે કોઈ રાષ્ટ્ર યુદ્ધની વિચારધારા નહીં, પરંતુ શાંતિની વિચારધારાને અપનાવે છે ત્યારે તે રાષ્ટ્ર સફળતાના માઇલસ્ટોનની પેલે પાર પહોંચી શકે છે. ખરી કેળવણી અનેકાનેક સમસ્યાઓના ઉકેલ માટેની ખરી ઔષધિ પુરવાર થઈ શકે તેમ છે. યુદ્ધ અને નકારાત્મક વિચારધારા વ્યક્તિને પોતાને અને અન્યને નુકશાન કર્યા વગર રહેતી નથી, પરંતુ સાચી કેળવણી પરસ્પર સહયોગ અને મૈત્રીભાવની ઊર્જા બની રહે છે.

ઉત્તમ કેળવણીનો પાયો ચોકકસ બુનિયાદી તત્ત્વોથી ઘડી શકાય છે. પ્રત્યેક તત્ત્વો મોતી સમાન છે. આ બુનિયાદી તત્ત્વો પરસ્પર જોડાઈને એક બને છે, ત્યારે જ રાષ્ટ્રને ઉત્તમ પરિણામો પ્રાપ્ત થાય છે. સમાજને કેળવણીથી મધુર ફળો મળે છે. મજબૂત સમાજનિર્માણ અને ઉત્તમ રાષ્ટ્રનિર્માણ ત્યારે જ સંભવ બની શકે જો આપણે કેળવણીમાં ઉપરોકત પરિમાણોને મજબૂત કરી શકીએ. આચરણમાં લાવી જોઈએ તો સમાજમાં શાંતિનો સૂર્યોદય થઈ શકે છે.

સંપર્કઃ ૯૯૨૪૫૩૮૨૮૨

## ૦૯ બાળઉછેરની ચેતનસભર પ્રક્રિયા

**ડો. કૃણાલ પંચાલ**

માનવીય સંબંધો, કાર્યનિષ્ઠા, જીવન તરફનો સકારાત્મક અભિગમ, મહેનતનું મહત્ત્વ, વ્યવહારની કુશળતા, સચ્ચાઈ અને પ્રામાણિકતાના મૂલ્યો બાળક છ વર્ષ સુધીમાં ઘરમાંથી જેવું વાતાવરણ મળે તેમાંથી જ શીખી જતું હોય છે. આ સમય વીતી જાય તો પછી બાળકને મૂલ્ય શીખવાડવું અઘરું બની જાય છે. પુસ્તક વાંચીને તરવાનું ન આવડે, તરવા માટે તો નદી કે સરોવરમાં ઝંપલાવાવું જ પડે..! એ જ રીતે બાળઉછેર એ પ્રાયોગિક પ્રક્રિયા હોવાથી તેના વિશેના માત્ર પુસ્તકોના વાંચનથી શ્રેષ્ઠ બાળઉછેર શક્ય નથી. અહીં જરૂર છે તેના અમલીકરણની, મોટાભાગે જીવનમાં પણ એવું જ બનતું હોય છે કે આપણે કથાઓ અને વ્યાખ્યાનો ખૂબ સાંભળીએ પરંતુ તેનો અમલ ન થવાના કારણે અંતે તો ત્યાંના ત્યાં જ રહીએ છીએ..!

બાળકનું પ્રત્યેક વર્તન આપણા વર્તનનું પ્રતિબિંબ હોય છે. કેમ કે બાળક બધું જ જોઈને શીખે છે. બાળકના વર્તનને સમજવા માટે એક વાસ્તવિક ઘટના મારે આપ સૌને કહેવી છે. એક દિવસ બાળમંદિરમાં ચાર વર્ષનો દીકરો જ્યારે શિક્ષિકા તેમને પ્રવૃત્તિ કરાવી રહી હતી ત્યારે કોઈ વાતે અણગમો થતાં અચાનક ચિલ્લાઈને બોલ્યો, 'એક ઝાપટ આપી દઈશ..!' હંમેશા ખૂબ ડાહ્યો અને પ્રસન્ન રહેતો આ બાળક અચાનક ગુસ્સાથી લાલ થઈને આવા શબ્દો બોલે એ શિક્ષિકા માટે વજ્રઘાત સમાન હતું. પ્રથમ દૃષ્ટિએ શિક્ષિકાએ તેને સમજાવવાનો પ્રયાસ કર્યો પરંતુ આજના દિવસે તેનું સમગ્ર વર્તન કંઈક અલગ જ હતું. શાળામાં રજા પડી અને જ્યારે બાળકની મમ્મી તેને તેડવા માટે આવી ત્યારે શિક્ષિકાએ પૂછ્યું કાલે ઘરમાં કોઈ ઝઘડો થયો હતો..? પેલા બહેને વિસ્મય પામીને સામો પ્રશ્ન પૂછ્યો, શું થયું ? કેમ આવો પ્રશ્ન પૂછો છો ? શિક્ષિકાએ પુનઃ પૂછ્યું, 'ઘરે કોઈના વચ્ચે ઝઘડો થયો હતો ?' જવાબમાં માતાએ સઘળી હકીકત જણાવતા કહ્યું કે, 'બહેન, છેલ્લા કેટલાક દિવસથી અમારા બંને જણાં વચ્ચે ખૂબ ઝઘડો ચાલી રહ્યો છે. તેના પપ્પાએ મારા પર હાથ પણ ઉપાડ્યો છે..! મને વારંવાર ઝાપટ મારવાની અને ઘરમાંથી કાઢી મૂકવાની ધમકીઓ મળે છે..!' શિક્ષિકાને સઘળી બાબત સમજાઈ ગઈ. તેની શંકા સાચી પડી. બીજા દિવસે માતા-પિતાને બોલાવી તેમના વર્તનની દીકરા પરની અસર ગંભીરતાથી સમજાવી. આ ઘટના પછી બાળક પર ઝઘડાની અસર દૂર કરવામાં શાળાને બહુ સમય લાગ્યો..! ખૂબ વ્યક્તિગત ધ્યાન આપવું પડ્યું. મિત્રો, પ્રશ્ન એ છે કે શું દરેક બાળકને આવા શિક્ષિકા કે શાળા મળે છે ? અને જો નથી મળતા તો તેણે અનુભવેલા ઝઘડાના મૂળ તેને ક્યારેક જેલ સુધી લઈ જઈ શકે છે..!

ઉપરોક્ત ઘટના પરથી કહી શકાય કે, ઘરમાં બનતી તમામ ઘટનાઓ બાળકના ઉછેરને બહુ ગાઢ અસર કરે છે. આવા સમયે આપણી ફરજ બને છે કે બાળકને ઉત્તમ વાતાવરણ આપીએ. માનવીય સંબંધો, કાર્ય તરફની નિષ્ઠા, જીવન પ્રત્યેનો અભિગમ, મહેનતનું મહત્ત્વ, વ્યવહારની કુશળતા, સચ્ચાઈ અને પ્રામાણિકતાના મૂલ્યો બાળક છ વર્ષ સુધીમાં જ શીખી જતું હોય છે. આ સમય વીતી જાય તો પછી બાળકને શીખવાડવું બહુ દોહ્યલું છે..! બાળકના ઉત્તમ ઉછેર માટે તેની સાથે બાળક થવું અને તેના ઘડવૈયા બનીને વર્તન કરવું ખૂબ અનિવાર્ય છે. જેવી રીતે માટલું ઘડતી વખતે કુંભાર અંદરથી ટેકો આપે છે અને ઉપરથી ટાપલી મારે છે. આ જ પ્રક્રિયા બાળઉછેરમાં પણ અનુસરવા જેવી છે..!

બાળક સાથેનો સંવાદ મીઠાશવાળો, પ્રેમાળ અને ઋજુ હોય એ ખૂબ આવશ્યક છે. કારણ કે કડક કે કઠોર વચનોથી

બાળકના મનને આઘાત થાય છે. જેની અસર આજીવન તેના વ્યક્તિત્વમાં જોવા મળે છે. બાળકને ક્યારેય ડરાવવું ન જોઈએ. ઘણીવાર માતા-પિતા વાઘ ઉપાડી જશે. પોલીસ લઈ જશે. બાવો ઉપાડી જશે. આવા વાક્યો બોલે છે જે બાળકને આજીવન ડરપોક બનાવવા માટે પૂરતા હોય છે. ઘરમાં વારંવાર જૂઠું બોલવા ટેવાઈ ગયેલા માતા-પિતાએ પણ ચેતવાની જરૂર છે. બાળકની સામે ઘરે બેઠા હોવા છતાં ફોનમાં એવું કહીએ કે, 'હું બહાર છું, થોડીવાર પછી આવું છું..!' આવું કહેનાર વાલીઓ બાળક પાસે સત્ય બોલવાની અપેક્ષા રાખે એ કેટલું વાજબી ?

બાળકેળવણીના બ્રહ્મા શ્રી ગિજુભાઈ બધેકા 'માબાપને' પુસ્તકમાં લખે છે કે, 'બાળકનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારી મોટા લોકોની જેમ જ તેની સાથે વર્તન કરવું હિતાવહ છે.' આ વાત માત્ર વાલીઓને નહીં પરંતુ શિક્ષકોને પણ એટલી જ લાગુ પડે છે કારણ કે વર્ગખંડના પ્રત્યેક બાળક સામે શિક્ષક શ્રેષ્ઠ વર્તન કરશે તો જ સાચા અર્થમાં તેજસ્વી બાળકથી તેજસ્વી ભારતનું નિર્માણ શક્ય બનશે..!

- શીખવા જેવું : બાળક સાથે બાળક બની રહીએ.
- પ્રેમપૂર્વક સંવાદ કરીએ.
- બાળકને ક્યારેય ડરાવીએ નહીં.
- મૂલ્ય જીવી બતાવીએ, મૂલ્યની વાતો ન હોય..!
- બાળક માટે ઘર એ જ પાઠશાળા.
- આપણું વર્તન એ જ તેનો અભ્યાસક્રમ..!

મો: ૯૪૨૯૨૯૭૭૩૭

**કેળવણી**

કેળવણીના પાંચ સ્વરૂપો છેઃ (૧) શરીરની કેળવણી (૨) પ્રાણની કેળવણી (૩) મનની કેળવણી (૪) અંતરાત્માની કેળવણી (૫) અતિમાનસની કેળવણી

(૧) શરીરની કેળવણીઃ એક સૈનિક શરીરને કેળવે છે અને એક સાધક શરીરને કેળવે છે. બંને શરીરને કેળવે છે. પરંતુ બંનેની શરીર કેળવણીનો હેતુ એક નથી. સૈનિક શરીરને કેળવે છે. ઘા મારવા માટે અને ઘા ઝીલવા માટે ! એક સાધક શરીરને કેળવે છે- અધ્યાત્મપથ પર ગતિ કરવા માટે અને અધ્યાત્મના ભારને ઝીલી શકે તેવું શરીર કેળવવા માટે. (૧) વ્યાયામ - સૂર્ય નમસ્કાર આદિ. (૨)રમત ગમત, દેશી રમતો, ચાલવું, દોડવું(૩)યોગાસન- પ્રાણાયમ (૪)સમતોલ નિરામય આહાર (૫)ખામી કે રોગ હોય તો ઉચિત ચિકિત્સા

(૨) પ્રાણની કેળવણીઃ ઉપનિષદમાં આત્માના પાંચ શરીર ગણાવ્યા છે. (૧) અન્નમય કોશ- સ્થૂળ શરીર (૨) પ્રાણમય કોશ- સૂક્ષ્મ શરીર (૩) મનોમય કોશ-સૂક્ષ્મ શરીર (૪) વિજ્ઞાનમય કોશ - કારણ શરીર (૫) આનંદમય કોશ -મહાકારણ શરીર

(૩) મનની કેળવણીઃ મન ચાર સ્વરૂપોમાં વિભાજીત છે. જેમને અંતઃકરણ ચતુષ્ઠય કહેવામાં આવે છે. આ અંતઃકરણ ચતુષ્ઠય આ પ્રમાણે છેઃ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. મન- સંકલ્પ,વિકલ્પ કરે છે. બુદ્ધિ- વિચારણા અને સંગ્રહ કરે છે. ચિત્ત- ચિંતન અને સંગ્રહ કરે છે. અહંકાર- અજ્ઞાનાવસ્થામાં સંચાલન કરે છે.

(૪) અંતરાત્માની કેળવણીઃ અંતરાત્મા એટલે ? અંતરાત્માને ચૈત્યપુરુષ પણ કહેવામાં આવે છે. પરમાત્મામાંથી, પરમાત્માના પ્રતિનિધિરૂપે જે તત્ત્વ સીધું ઊતરી આવ્યું છે, તે ચૈત્યપુરુષ છે.

(૫) અતિમાનસની કેળવણીઃ માનવી ઉત્ક્રાંતિનું અંતિમ સોપાન નથી. માનવીથી આગળની ઉત્ક્રાંતિનું હવે પછીની ઉત્ક્રાંતિનું સોપાન છે- અતિમાનસ ચેતનાનો આવિર્ભાવ.

- ભાણદેવ

## ૧૦ ઊર્ધ્વગમન

**ડો. બી. એમ. શેલડિયા**

અધ્યાત્મ પ્રેમ કરતાં પણ વધારે ગોપનીય છે. આને સમજીએ. આપણે જેને પ્રેમ કરીએ છીએ, ત્યારે એવું ઇચ્છતા હોઈએ છીએ કે આપણે તેની સાથે એકાંતમાં મળીએ. બીજાની ઉપસ્થિતિ ખટકે છે. બે પ્રેમીઓ કોઈની હાજરીને જોવા નથી ઇચ્છતા. એકાંતમાં એકલા થઈ જવા ઇચ્છે છે. પહેલી વાત, જેમની સાથે આપણે ગહન પ્રેમમાં હોઈએ છીએ, તેની સાથે આપણે લીન થવા ઇચ્છીએ છીએ, જેની સાથે આપણને ગહન પ્રેમ છે, તેની સાથેનું દ્વૈત તોડી નાખવા ઇચ્છીએ છીએ, અદ્વૈત સાધવા ઇચ્છીએ છીએ. બે ન રહીએ, એક થઈ જઈએ. પરંતુ જે ત્રીજો હાજર છે, તેની સાથે તો આપણો કોઈ પ્રેમ નથી. તેની હાજરી અદ્વૈતને ઘટિત થવા દેશે નહીં. તેથી પ્રેમી એકાંત ચાહે - ઇચ્છે છે, એકલાપણું ઇચ્છે છે.

એક દીવો બીજા દીવા સાથે ગમે તેટલો લીન થવા ઇચ્છે, એક દીવો બીજા દીવાની લગોલગ કેમ ન હોય. દીવાના બે શરીરો એકબીજાને સ્પર્શીને રહેલા હોય, તો બન્ને દીવાના શરીરો અલગ-અલગ જ હોય છે. બન્ને શરીર કોઈપણ રીતે એક થઈ શકે નહીં. પરંતુ બન્ને દીવાની જ્યોત એકબીજામાં લીન થઈ શકે છે, અદ્વૈત સાધી શકે છે. પાસે-પાસે રહેલા બે લેમ્પ પ્રજ્વલિત હોય, ત્યારે બન્ને લેમ્પ શરીરથી અલગ જ રહેવાના. પરંતુ બન્ને લેમ્પની જ્યોત એક-બીજામાં વિલીન થઈ જાય છે. એક જ રૂમમાં બે લેમ્પ પ્રજ્વલિત હોય, ત્યારે આપણાં રૂમમાં રહેલા પ્રકાશના ભાગલા પાડી શકીએ નહીં કે આ પ્રકાશ 'એ' લેમ્પ નો છે અને તે પ્રકાશ 'બી' લેમ્પ નો છે. બન્ને લેમ્પ વચ્ચે દ્વૈત છે પરંતુ બન્ને લેમ્પના પ્રકાશ વચ્ચે અદ્વૈત છે.

મનુષ્યનો પ્રેમ જ્યાં સુધી શારીરિક આકર્ષણમાં કેદ થયેલો છે, ત્યા સુધી દ્વૈતની પીડા રહેવાની જ. કારણ કે દ્વૈત પીડા છે. માણસની ચેતના જ્યારે શરીરથી ઉપર ઊઠે, મન અને બુદ્ધિથી ઉપર ઊઠે અને ચેતનાને મળે છે, ત્યાં દ્વૈતના ચક્રનો અંત આવે છે. શરીર એક ન થઈ શકે, ચેતના એક થઈ શકે.

'પ્રેમ' શબ્દ બહુ આયામી છે. આપણે શરીરના આકર્ષણને પ્રેમ કહીએ છીએ અને આત્મિક પ્રેમને - અશરીરી પ્રેમને પણ ભાષામાં પ્રેમ કહીએ છીએ. તેથી અહીં ગેરસમજ થાય છે. શારીરિક આકર્ષણને પ્રેમ કહીએ છીએ પણ તે વાસના છે, તે મોહ છે. આ મોહ જ્યારે ઊર્ધ્વગામી બને છે, વિશુદ્ધ બને છે, અશરીરી બને છે, ત્યારે શુદ્ધ પ્રેમ બને છે. આ પ્રેમને ભારતીય મનીષીઓ ભક્તિ કહે છે, પ્રાર્થના કહે છે, કરૂણા કહે છે.

જીવન ગતિશીલતાનું બીજું નામ છે. જો આપણો પ્રેમ શારીરિક આકર્ષણમાં જ સ્થગિત થયો, તો સમજવું કે સ્થગિતતાનું બીજું નામ મૃત્યુ છે. જો આપણું શારીરિક આકર્ષણ ગતિશીલ હોય, અને આપણું શારીરિક આકર્ષણ અશરીરી આકર્ષણ બને, આપણાં પ્રેમનો એરો કોઈ વ્યક્તિ કે કોઈ ચોક્કસ સમૂદાય તરફ ન હોય, સમગ્ર અસ્તિત્વ તરફ હોય, ત્યારે આપણે વ્યક્તિ મટીને વિશ્વાત્મા બનીએ છીએ. ત્યારે આપણે પ્રેમ કરવો પડતો નથી, આપણે પ્રેમમય હોઈએ છીએ. ફૂલ ખીલી ગયું. આ ફૂલની સુગંધ નિરપેક્ષ ભાવે કોઈપણ માણસ સમાન ભાવે પામે છે. ભક્તિ એ પ્રેમનો અભાવ નથી, શારીરિક આકર્ષણનો અભાવ નથી. શારીરિક આકર્ષણનું રૂપાન્તર છે, ઊર્ધ્વગમન છે.

જૂનાગઢ
સંપર્ક : ૯૪૨૮૧૯૧૩૧૧

## ૧૧ 'માતૃત્વમય કેળવણી

**કિંજલબહેન રાઠોડ**

---

બાળકેળવણી એટલે બાળક બની જવું, શિશુના મનોલોકમાં પ્રવેશ કરવો અને એ પ્રમાણે કેળવણીના 'ક' ને ગળથૂથી બનાવી, ઘૂંટીને પીવડાવવો. બાળકને જરૂર છે સાચી લાગણી, પ્રેમ અને સહાનુભૂતિની.. પ્રખ્યાત કેળવણીકાર ગિજુભાઈ બધેકાના મત મુજબ, 'દરેક બાળકનું સ્વતંત્ર અસ્તિત્વ છે.' શિક્ષકે બાળકને પિછાણીને શિક્ષણનું આયોજન કરવું. કેળવણી એ બાળકના જીવનનો રથ છે. તેને સફળતાના શિખરો સુધી હેમખેમ લઈ જવાનું કામ એક શિક્ષક તરીકે આપણે કરવાનું છે. બાળકોમાં શ્રધ્ધાનું વાતાવરણ પેદા કરવાનું કામ શિક્ષકે કરવાનું છે. જેમ સૂર્યોદય થતાં જ સમગ્ર સંસાર ચેતનવંત બને છે, સૂર્ય કિરણો ઊર્જાનું મૂળ છે તેમ શિક્ષકે બાળકોમાં શિક્ષણ પ્રત્યે રસ અને રૂચિ જાગ્રત કરી ઊર્જાનું વહેણ બનવાનું છે.

ક્યાંક ને ક્યાંક એક શિક્ષક તરીકે મારી સામે બાળકોના વ્યક્તિત્વને પિછાણવાની તક ઊભી થાય છે. આજે મારે એવા જ એક બાળકરૂપી પુષ્પનો કિસ્સો અહીં આપ સૌ સાથે શેર કરવો છે.મારા બાળદેવોમાં ના કોઈ ઠોઠ કે ના કોઈ હોશિયાર, ના કોઈ ગરીબ કે ના કોઈ પૈસાદાર. બધા જ ખીલેલા પારિજાતના પુષ્પો. મારા શિક્ષણના કાર્યકાળ દરમિયાન ઘણા પુષ્પો આવ્યા. મેં તેમને ખૂબ ખીલવ્યા. ખીલેલાને અનુરૂપ ફૂલદાનીમાં પણ ગોઠવ્યા..એક રાહ ચીંધી...ઘણા એ રાહ પર ચાલ્યા પણ ખરા, ને મંજિલ સુધી પહોંચ્યા. પરંતુ આ કાર્યકાળ દરમિયાન એક આવ્યું અનોખું પણ ગભરાયેલું પુષ્પ. ન કોઈ એને જોતું કે ન કોઈ એને કંઈ કહેતું પરંતુ મારી નજરે ચડ્યું એ ગભરું બાળક કે જે છે સૌથી અલગ, ન હસતું, ન રમતું, ન રડતું બસ એની દુનિયામાં જીવતું.. રિસેસમાં પણ એની જ દુનિયામાં રહેતું.

પણ મારે એને બીજા પુષ્પની જેમ હસતું રમતું કરવું હતું..એને બગીચાનું ખીલેલું પુષ્પ બનાવવુ હતું..બસ આ જ સંકલ્પ સાથે મેં તૈયારી શરૂ કરી દીધી..એક લાગણીના લગાવથી, એક સહાનુભૂતિના સંવાદથી, એક પ્રેમના પ્રવાહથી...વારંવાર તેમની સાથે વાતો કરવી, તેના શોખ જાણવા, તેને ગમતી રમતો તેમની સાથે રમવી, વગેરે જેવી પ્રયુક્તિઓ દ્વારા તેને ખીલવવાનો પ્રયાસ કર્યો, તેમની સાથે વિશિષ્ટ પ્રકારનું શિક્ષણકાર્ય આરંભ કર્યું, પ્રાર્થનામાં તેને સત્કારવું, રિસેસમાં વિશેષ ધ્યાન આપવાનું શરૂ કર્યું. ધીમે ધીમે સમયના સથવારે મારી લાગણીથી બંધાયું. હસતું, રમતું થયું, ભણતું થયું, વારંવાર ટીચર ! ટીચર ! બોલતું થયું. જે વર્ગમાં જાઉં ત્યાં મારી સાથે ને સાથે. પહેલા તે શાળામાં આવતું તો અસ્તવ્યસ્ત, અને ગંભીર,પીડિત પરંતુ થોડી લાગણીથી, થોડી સહનાભૂતિથી એ જ બાળક આજે સુંદર મજાનું પારિજાતનું પુષ્પ બનીને શાળાએ સહર્ષ, આનંદસહ આવવા લાગ્યું, સાથે સાથે શિક્ષણમાં રસ લેતું થયું. ખાસ કરી ને ગણિતનો મારો તાસ આવે એટલે અતિ ઉત્સાહ બતાવે..અને ગણિત વિજ્ઞાનના રમકડાં તેમજ શિક્ષણને લગતા પ્રોજેક્ટ કરતું થયું,ભણતું,રમતું,ગાતું થયું.

**નિષ્કર્ષઃ**

શિક્ષક નિષ્ઠાપૂર્વકનો બગીચાનો માળી બને તો તેણે પુષ્પિત કરેલું પુષ્પ-વિદ્યાર્થી રંગ,ગંધથી સભર બની જીવંત જીવન જીવી શકે છે. આજે આપણા શિક્ષણમાં જે ધંધાદારી વલણ આવી ગયું છે તેને કારણે વિદ્યાર્થીમાં શિક્ષકને માત્ર વસ્તુલક્ષીતા દેખાય છે. મકાનોમાં એ.સી.રૂમોમાં બંધ થઈ ગયેલા શિક્ષણનો અનુબંધ જીવન સાથે,આત્મીયતા સાથે જોડવો પડશે. શિક્ષકોમાં સહાનુભૂતિ વધે અને સહૃદયતાથી કર્મશીલ બને, પોતાના છાત્રો સાથે સેતુરૂપ રહે તો શિક્ષણમાં પરિણામ પરિણામદાયી મળી શકે છે.

સંપર્કઃ ૮૧૫૪૮૪૩૬૯૮

## ૧૨ 'પાકને રક્ષતાં પંખીઓ

**હીરજી ભીંગરાડિયા**

અભ્યાસ કર્યે ખાતરી મળશે પાક્કી કે આપણે ત્યાંના કોઈ ગામડાંની ભાગોળ પંખીઓના ચણ નાખવાના ચબૂતરા, ચકલા, છત્રી કે પંખીઘર વિનાની નહીં હોય ! આજના આ વિજ્ઞાન યુગની એકવીસમી સદીમાં પણ કુટુંબના સારા-માઠા પ્રસંગે બીજા ખર્ચાઓ ઓછા-વધુ કરાશે , બાકી પંખીઓની ચણ માટેનો અમુક હિસ્સો મૂહુર્તમાં જ અલગ તારવી લેવાનો નક્કી હોય છે. પંખીઓ પ્રત્યેના આપણા પ્રેમ અને ફરજ તે આપણી સંસ્કૃતિ સાથે જોડાયેલી વસ્તુ નિરંતર નિભાવાતી આવી છે.

પશુ-પ્રાણીઓ સાથેનો સહવાસ જેટલો સ્વાભાવિક અને સહજ છે તેમ તેમની પ્રેમભરી લાગણી પણ માનવ-સ્વભાવમાં સહજરીતે વણાયેલી છે. ખ્યાલ કરજો બરાબર! કોઈ ઘર એવું મળશે નહીં કે જ્યાં પંખી-સમાજના એકાદ-બે પ્રતિનિધિઓ તમારી નજરે ન ચડ્યા હોય કે તેમની સૃષ્ટિને લક્ષમાં રાખી ચણ ન નખાતી હોય કે પંખીનું જળપાત્ર ન લટક્તું હોય !

ઘણી જગ્યાએ દરવાજામાં દાખલ થતાં 'રામ રામ સીતારામ' ના બોલ બોલીને પિંજરે બેઠેલા પોપટ-મેના મહેમાનોનું સ્વાગત કરે છે. પક્ષી-પ્રેમીઓને ત્યાં ચોકમાં વેરેલા દાણાં ચણી રહેલા ડોક ફુલાવી ગટરઘૂ.....ગટરઘૂ કરતી કબૂતરોની ટોળકી માનવ અને પંખીઓ વચ્ચેના નર્યા પ્રેમની જ પ્રતીતિ કરાવે છે ને !

કૂકડી-મરઘાની ટવરી ટવરી ટુકડીઓ ગામ હોય ત્યાં બે-પાંચ ઘરોમાં, સારી રીતે પાલન કરનારાને ત્યાં મોટી સંખ્યામાં, જેને ખપતી વાત છે તેમને ત્યાં ભલેને પૂરક અને પૌષ્ટિક ખોરાકના ભાગ રૂપે પળાતી હોય પણ પંખીઓ સાથેનો આપણો સહવાસી નાતો એમાં દેખાઈ આવે છે.

જીવતા નહિ તો - જીવતા જેવા : હજુ વિશેષ ધ્યાન કરીએ તો જેની જેવી સુવિધા, ગરીબોના ઝૂંપડાથી માંડી માલેતુજાર મહાલયો સુધી કોઈને ત્યાં ટોડલે ટીંગાતા તોરણ કે ટોડલિયે, તો કોઈની દિવાલોના ચાકળા-ચંદરવામાં, અરે! ગાદી- બેઠના ઓછાડ-તકિયે, કે ગાલીચાના ગલેફમાં, છેવટ દિવાલ પરના રંગ-ચિતરામણમાં કે બાળકના પારણિયે ઝૂલતા લાકડિયા રમકડાં રૂપે અને હજુ આગળ કહું તો રહેણાક-દ્વારના તોરણ-પડદામાં કે મોતી કે ભરતકામના ઝુલણિયામાં ગોઠવાઈને મોર, ઢેલ, પોપટ, મેના, ચકલી, હંસ, કબૂતર ભલે જીવતા નહિ તો 'જીવતા જેવા' સુંદરતાને પાથરતાં પંખીઓની છબી, ચિત્રો, ઘાટ-આકારોને આપણે કાયમ સાથે જ રાખ્યાં છે ને !

રાવણ સીતાનું હરણ કરી જઈ રહ્યો હતો ત્યારે સીતાને એ દુષ્ટની પકડમાંથી છોડાવવા છેલ્લા શ્વાસ સુધી લડતા રહી પ્રાણની આહુતિ આપી દેનારો 'જટાયુ' કોણ પક્ષીરાજ ગીધ જ હતોને ! માનવ અને પંખીઓ વચ્ચેના આત્મિયતાભર્યા સંબંધોની સાખ ઇતિહાસ પૂરે છે.

● **સાચી વાત આવી છે :** પંખીઓ તો આજે પણ એના એજ કુદરતે બક્ષેલા સ્વભાવ અને આદતો ધરાવનારાં રહ્યાં છે. જેનો સ્વભાવ રોજ રોજ બદલાયા કરતો હોય તેવુંજ પ્રાણી તો એક માણસ છે. આપણી એ પંખીઓ પ્રત્યે નીરખવાની દ્રષ્ટિ બદલાઈ છે, એના પ્રત્યેના આપણો સંગ અને સ્નેહ પણ ઘટ્યાં છે. આપણે તો બસ આપણી સ્વાર્થસાધનામાં જ એટલા મસ્ત અને વ્યસ્ત છીએ કે બીજાનું સારું જોવાનો કે એને એ રીતે મૂલવવાનો વખત જ આપણી

પાસે નથી. એટલે હવે આપણને બીજા કોઈ આપણા લાગતા મટી ગયા છે.

● **ઝેર છંટકાવની અવેજી પક્ષીપાલન :** એતો આપણને પૂરો અભ્યાસ નથી, નહિ તો પાકો પરના વારંવારના જીવાતોના હુમલા વખતે આપણા જ પર્યાવરણમાં અને આપણી જ સાથે વસતાં-ભમતાં પાર વિનાનાં પક્ષીઓ પાકની ભેર કરવા આપણે ન ધાર્યા હોય એવા સક્ષમ છે. કબૂતર અને હોલાં જેવાં બહુ થોડાં પંખીઓને બાદ કરતાં નાની એવી ચકલીથી માંડી મોટા મોટા મોર સુધીનાં બધાજ પક્ષીઓ નોનવેજ-માંસાહારી ભોજનની આદત ધરાવનારા છે. આ બધા દાણા અને ફળો આરોગવા સાથે પસંદગીના ક્ષેત્રે જીવાતો ખાવા બાબતે વધુ રુચી રાખનારાં છે, જે ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે આપણે તેનો લેવાય એટલો લાભ ખેતીપાકોના રક્ષણાર્થે ઉઠાવી લેવો જોઈએ. કરવાનું ઝાઝું છે જ નહિ ; જુઓને ! અળસિયાને ખપતો ખોરાક એટલે છાણ, કૂચો ને માટી ! આટલું ખાવા આપીએ એટલે જથ્થાબંધ વર્મીકંપોસ્ટ તૈયાર કરી દે છે ને ! એવુંજ આ પંખીઓને ઉપયોગી બનાવવામાં આપણને કોઈ વધારાની મહેનત કરવી પડે તેમ નથી. બસ,એ જીવડાંના વધુમાં વધુ સંપર્કમાં રહી શકે તેવી અનુકૂળતાઓ ઊભી કરતા રહીએ તો આવા પંખીઓનો વસવાટ વધે. દરેકની બેસવા-ભમવાની, ફરવા-ચણવાની અને રહેવા-ઉડવાની અલગ અલગ આદતો જાણી લેવી પડે. ક્યુ પંખી કઈ પરિસ્થિતિમાં વધુ ઉપયોગી થાય ? કીટકોમાં અવસ્થા ચાર,- ઈંડું, ઈયળ,કોશેટો અને ફૂદું, પતંગિયું. તેમાંની ઇયળ અવસ્થા'' જ તેમનું ખતરનાક રૂપ છે. પણ એ ન ભૂલીએ કે ઇયળ તો જ પેદા થઈ શકે જો તેનાથી આગલી અવસ્થા ઇંડાની પાક પર હયાતી હોય, અને ઇંડા તો જ મુકાય જો વાડીમાં ફૂદડાં ફરતાં હોય.આપણું નિશાન માત્ર ઇયળ નહિ પણ જીવાતની ચારે ચાર અવસ્થા હોવું જોઈએ. જીવાતની કોઈપણ અવસ્થામાં તેને ખાઈ જવા માટે પંખી ભડવીર છે. ઇંડું ખૂબ નાનું હોવાથી તેને વીણવાની ગધ્ધામજૂરી પંખી નહિ કરે, પણ બાકીનાં ઇયળ, કોશેટો ફૂદાં ને જે ઝપટે ચડ્યું તેને આરોગી જાય છે.

● **જમીનની ઊલટ-સૂલટ વખતેઃ** જ્યારે જ્યારે જમીનને થોડીકેય ઊલટ-સૂલટ કરવાનો કાર્યક્રમ શરુ થાય એટલે કેટલાક પંખીઓને વગર આમંત્રણે હાજર રહેવાનું સૂઝી જાય છે. ન હોય ત્યાંથી કાબર અને કાગડા, ચકલા અને બગલાની ટોળકીઓ ઊતરી પડે અને કાર્યક્રમ પૂરો થતાં સુધી હાજરી આપે ! ઉનાળાની ઊંડી ખેડ થતી હોય કે શિયાળે દાંતી-રાંપ ફરતાં હોય, અરે, ચોમાસામાં ભલેને આંતરખેડ થતી હોય, જે તે સમયે જેની જેની એ વિસ્તારમાં હાજરી હોય સૌ બીજાં રોકાણો રદ કરી આપણા સાંતીની સાથે સાથે હડિયાપાટી કરી જમીનની અંદરથી નીકળતા કોશેટા, જમીનમાં પડી રહેનારા મુંડા, ઉધઇ કે માટીની તિરાડોમાં સંતાઈ રહેલા તરેહ તરેહના ભુંગડા-જીવડાઓને જાણે વીણીને આરોગી જવાની હરિફાઈ કરતા હોય છે. નજરે ચડેલી એક પણ જીવાત છટકી જવા ન પામે તેની પૂરેપૂરી જવાબદારી આ આખી ગેંગ પર હોય છે.

● **પાકને અપાતા પિયત વખતેઃ** મોલાતોમાં જ્યારે જ્યારે પિયત આપવાનું શરુ થાય ત્યારે એક ટપક પધ્ધતિને બાદ કરતા બાકીની પધ્ધતિઓમાં પાણી જમીનમાં ઉપરથી પ્રવેશે એટલે અંદરની જીવાતોને બહાર નીકળ્યા વિના છૂટકો હોતો નથી- એની આ બધા પંખીઓને બરાબરની ખબર હોય છે. એટલે ક્યારામાં પાણી ચાલુ થયું નથી કે બગલા, મામાનાઘોડા ચકલા જેવું પંખી જેવા પંખી ન હોય ત્યાંથી હાજર થઈ જીણી જીવાતોને જમીનની બહાર નીકળ્યા ભેળી પેટમાં પધરાવી દે છે. અરે ! બગલા તો વીંછી,પડકાં કે આકસ્મિક સંજોગોમાં છટકી જવાના પાછલા દરવાજા- સંકટબારીએથી મરણિયા થઈ ભાગતા ઉંદરડા સુધ્ધાંને બેચાર વાર ચાંચમાં દબાવી, આડા અવળા ઝંઝેડી- સાંકડી ડોક ભલેને ઘડીક ફૂલીને ફુગ્ગો થઇ જાય પણ પેટમાં ધકેલી દીધે

પાર કરતા હોય છે.

બગલા અને કાબરો તો બપોર વચાળે આરામ કરતાં ગાય-ભેંસ-બળદ જેવા માલઢોરની વચાળે ભમતા રહી સૌના શરીર પરથી લાણ, ઈતરડી, ગીંગોડા, કથીરી,બગાઈ વગેરે વીણી દઈ જાનવરોને ઇજામુક્ત કરતા હોય છે.

● **ઊભા પાકમાંથી શોધ :** વૈયા,ચકલી,દેવચકલી, લલેડા, કાળોકોશી, બુલબુલ જેવા બધાની નજર દાણા કરતાં જીવાતો ઉપર વધુ ઠરતી હોય છે. ખેતીપાકોમાં ડાળી ઉપર બેસી ઉંચી-નીચી ડોક કરી ઇયળ કે ફુદું ક્યાં બેઠું છે તેનું જ ધ્યાન રાખતાં હોય છે. દિવેલા ઉપરની ઘોડિયા ઇયળ હોય કે કપાસની લાલ-કાબરી ઇયળ હોય, જીવાત તુવેર પર દેખાય કે બાજરાનાં ડુંડા પર દેખાય, અરે, શાકભાજીના વેલામાં સંતાઈ બેઠેલી કેમ ન હોય ! આ બધા જેમ વાંદરી તેના બચ્ચાના શરીર પરના વાળ આઘાપાછા કરીને લીંખ, ટોલા, ચાંચડ, લાણ વીણી ખાય છે તેમ પાંદડાંના ગુચ્છામાં હોય કે ફૂલની પાંખડી નીચે હોય, અરે ! લીલી ઇયળ જેવી તો અરધી કપાસના જિંડવા કે ટમેટા અને ચોળા, ભીંડાની શીંગમાં ભલે ભરાઈ બેઠેલી હોય, તેની ચકોર આંખ શોધી કાઢ્યા વિના રહેતી નથી. વૈયા અને લલેડાની તો રીતસરની તાલીમ પામેલી ફોજ જોઈ લ્યો ! જ્યારે કૂકડી-મરઘાની ટોળકી કે મોર-ઢેલનું વૃન્દ પણ ધીમે ધીમે આખી વાડીમાં ફરતું રહી નિરાંતે નિરાંતે કેટલીય જીવાતોને વીણી લેતું હોય છે.

● **ઉડતી જીવાતોને પકડી ખાનારાઃ** માણસોમાં જેમ કોઈ સ્વભાવે હોય છે ખૂબ તરવરિયા અને ઉતાવળા, તો કોઈ હોય છે સાવ ટાઢા ! પંખીઓમાં પણ કલકલિયો અને કાળો કોશી જેવાં કેટલાંક પંખીઓ એવાં છે કે જે છોડવામાંથી ઇયળો શોધવા બેસવા ખોટી નથી થતાં. પણ તેની નજરે કોઈ ઉડતું જીવડું-ફૂદું ચડી જાય તો મિસાઇલની જેમ ઝપટ કરી હવામાંથી જ પકડી લેતાં હોય છે.

એવું જ આકાશે ઊડતા ઊડતા જમીન પર ઓચિંતાનું ઉંદર જેવું ખાજ ભાળી જાય તો ઉપરથી સીધી ડાય લગાવી બાજ, સમળી, કુમ્ભારિયો વગેરે જેવા શિકારીઓ શિકારને ચાંચ કે પગમાં પકડી બારોબાર અધ્ધર ને અધ્ધર આરોગી જતાં હોય છે.

● **રાત્રે રખોપું કરનાર :** ખેતી પાકોને માત્ર કીટકોથી જ નુકશાન થાય તેવું નથી. ઉંદર દ્વારા તો ઘણું મોટું નુકશાન બીજને ઉગવાથી માંડી ઊભી મોલાતને કાપી નાખવાનું અને ફળ-દાણાને પણ ખાધા ઉપરાંત કાપી-બગાડી નાખવા થકી થતું હોય છે. ચીબરી અને ઘૂવડ આપણા એવાં મિત્ર પંખીઓ છે કે જેમને રાતપાળીમાં ઉંદરોને વીણી લેવાની ફરજ સોંપાઇ હોય છે. આ સૌનું વધુ યોગદાન ક્યારે મળે ? માત્ર માણસોને જ નહિ પણ ધરતી પરના દરેક જીવમાં 'મારે જીવવું છે' એવી જિજીવિષા ભગવાને મૂકેલી છે. અને માણસ સિવાયના બીજા બધાને તો ખોરાકને દેખીને, સૂંઘીને, ચાખ્યા વગર જ, અરે ! અજાણ્યા ખોરાક પર શંકા કરીને કે બીજી ગમે તે રીતે પણ જેનાથી જિંદગી જોખમાય તેવો ખોરાક ન ખાવા બાબતે અંતઃપ્રેરણા ઈશ્વરે બક્ષી છે. માત્ર માણસોને જ એવી ખબર નથી કે શું ખવાય અને શું ન પિવાય ! તમે જોજો ! વૈયાનું ટોળું ઝેરીલીદવા ન છાંટી હોય તેવાં ખેતરો પર જેટલી ઝપટ બોલાવતું ભળાશે એટલી ઝપટ રસાયણો છાંટેલ મોલાત પર નહિ કરે !

એટલે ઝેરીલા રસાયણોથી આપણા છોડવા, દાણા,ફળો, હવા, પાણી ના બગડે એવું કરતા થઈએ અને આ બધા પંખીઓને છાંયો - પાણી મળે, આશરો મળે, માળા-વસાહતો બાંધી શકે તેવા રહેણાકો મળે અને હરતી ફરતી જીવાતો પર નજર પડે તે રીતના ઉચ્ચા બેસણાં મળે, બસ ! આટલું થઈ જાય એટલે એની જરૂરિયાત પૂરી ! વધારાનું બળ તો એણે કંઈ કરવાનું છે નહિ ! વીણી વીણી ને જીવાતોને આરોગ્યે રાખવાનું જ કામ કરવાનું છે એમણે-એ હોંશે હોંશે કર્યે રાખશે !

સંપર્ક : ૯૩૨૭૫ ૭૨૨૯૭

## ૧૩ 'કથા આશા વિકાસની : ભાગ-૧૫ ફોટોગ્રાફી શિબિર

**બિંદુ- પાર્થેશ**

---

હેલ્લો, આશાબેન, હું કાંચી બોલું છું.

મને એક વિચાર આવે છે કે આપણે આપણા બાળકોને ફોટોગ્રાફી શિબિર કરાવીએ તો?

શિયાળાના વેકેશનમાં અભિનય શિબિર હોય છે માટે ઉનાળાના વેકેશનમાં ફોટોગ્રાફી શિબિર કરીએ.

આશા વિચારમાં પડી ગઈ. ફોટોગ્રાફી માટે તજજ્ઞ ક્યાંથી લાવવા. કેમેરા ક્યાંથી લાવવા, તેનો ખર્ચ કેટલો આવશે?

તેણે પોતાની મૂંઝવણ રજૂ કરી. તો સામેથી જવાબ આવ્યો. એ ચિંતા તમે મારા પર છોડી દો. હું બધું મેનેજ કરી લઈશ.....

'લાગણી' વિષય પર અભિનય શિબિર થઈ ત્યારે કાંચી ડૉ. સ્વરૂપ સંપતની ટીમમાં સાથે હતી. તેનું રચનાત્મક મગજ આશાની શાળાના વિદ્યાર્થીઓને એક અલગ દિશામાં લઈ જવાનું હતું.

આશાએ વિકાસને કાંચીના ફોનની વાત કરી.

વિકાસ આનંદિત થઈ ગયો. તેણે આશાને કહ્યું, બાળકોને મફતમાં કશું ન કરાવશો. તે માટે ફી રાખજો. ભલે સાવ સામાન્ય ચાર્જ રાખો.

બાળકોએ એક દિવસના રૂપિયા ૫ ફી નક્કી કરી. પાંચ દિવસના રૂપિયા ૨૫ જમાં થવા લાગ્યા. જેનો ઉપયોગ બાળકોને નાસ્તો અને શરબત માટે વાપરવાનું નક્કી કરવામાં આવ્યું.

શિબિરનો દિવસ આવ્યો. ઉનાળાની બપોર. આશા અને બાળકોએ પ્રાર્થના વનના છાંયામાં બેઠક વ્યવસ્થા ગોઠવેલી.

શાળા પાસે ગાડી ઊભી રહી. કાંચી સાથે બીજા બે મહાનુભાવ ઉતર્યા. આશા એકદમ અજાણ્યા વિષય અને તે માટે આવેલા અજાણ્યા વ્યક્તિઓ જોઈ અસમંજસમાં હતી. હવેના પાંચ દિવસ કેવા જશે? કારણકે તેની શાળા ઉપરાંત આજુબાજુના ગામના અને વિકાસના પરિવારના બાળકો પણ જોડાયા હતાં.

આગંતુક પણ શાળા પરિસરને જોઈ રહ્યાં હતાં. કાંચીએ પરિચય આપતાં કહ્યું, આ કેતનભાઈ મોદી છે. અને આ નીરજભાઈ છે. મુખ્ય તજજ્ઞ અને મદદકર્તા વચ્ચે આયુનો મોટો તફાવત દેખાયો.

સૌ વર્તુળાકાર ગોઠવાયા. ત્યાંથી બાળકોની નવી દુનિયામાં સફર શરૂ થઈ.

કેતનભાઇ અને તેમના સાથીઓએ બાળકોને ફોટોગ્રાફ દ્વારા દુનિયામાં પ્રવેશ કરાવ્યો.

વિવિધ પ્રકારના ફોટાનું પ્રદર્શન તેમની પાસે હતું. જેમાં જુદા જુદા એંગલથી ફોટો લેવાયો હોય. જુદા જુદા વિષય પર પડેલ ફોટોગ્રાફનાં પુસ્તકો તેમને બતાવ્યા.

જૂન મહિનો એટલે ગરમ મહિનો. શિયાળે વહાલા વહાલા લગતા સૂર્યદેવ જૂનમાં ત્રાહિમામ પોકારાવે.

તેથી રોજ ત્રણથી પાંચ વાગ્યા સુધી પ્રાર્થના વનમાં,વર્ગખંડમાં બેસતાં. અને પાંચ વાગ્યા પછી આ નાના ફોટોગ્રાફર ગળામાં કેમેરા લટકાવી પાંચ પાંચની ટીમમાં નીકળી પડતાં.

આશા મહેમાનો માટે ચા પાણી નાસ્તો, બાળકો માટે શરબત વગેરે વ્યવસ્થા કરતી તેથી એ સતત શિબિરમાં બેસી ન શકતી. કેતનભાઇ મોદીનું ધ્યાન એ તરફ ગયું. ત્રીજા

દિવસથી બાળકો માટે એ કંઈક કંઈક લાવવા લાગ્યા. પણ આશાને કેતનભાઈ મોદીના આરોગ્યની ચિંતા રહેતી. સુગર ઘટી જવાથી કોઈ તકલીફ થશે તો? એટલે એમના માટે એ કંઈક વ્યવસ્થા કરતી.

કેતનભાઈની ટીમે બાળકો ને પીન હોલ કેમેરા બનાવડાવ્યા. દૃશ્યને કાગળ પર ઝીલીને બતાવ્યું કે આ સિધ્ધાંત પર કેમેરા કામ કરે છે. પીન હોલ કેમેરામાં દૃશ્ય ઊલટું પડે છે. માટે બીજા લેન્સની જરૂર ઊભી થઈ. પેલા ડબ્બાવાળા કેમેરાથી બાળકોને એ બાબત સમજાવી.

રોજ બાળકોને એમ થાય કે, વાહ! આજે તો આપણે ફોટોગ્રાફી માટે કેટલું બધું શીખ્યાં!

બીજે દિવસે ફરી એ જ અનુભૂતિ થાય. પાંચમા દિવસે ખબર પડી કે આ તો અખૂટ સાગર છે. આપણે તો તેમાંથી માત્ર એક અંજલિ માત્ર ભરી છે.

બાળકોને પહેલાં દિવસે શાળાના પ્રાંગણમાં જ ફોટોગ્રાફી કરાવી.

બીજે દિવસે ગામમાં લઈ ગયા. ત્રીજા દિવસે ગામ પાસે વહેતી  સાબરમતી નદીને લઈ ગયા. ચોથા દિવસે સાદરા ગામના કિલ્લામાં લઈ ગયા. પાંચમા દિવસે રૂમમાં અંધારું કરી લેસર ટોર્ચથી હવામાં ચિત્ર દોરાવ્યા. દોરેલા ચિત્ર અને ચિત્ર દોરનાર બંને સાથે ફોટામાં આવી જતાં.

રોજ કેમેરાને લાગતી - ફોટોગ્રાફીને લાગતી કોઈ પ્રવૃત્તિ અપાય, વિવિધ માહિતી અપાય, વિવિધ પાસા જણાવાય. અને પછી બાળકો ફોટોગ્રાફી કરવા જાય. રોજ નવા નવા વિષય પર બાળકો ફોટોગ્રાફી  કરે. વિષય પણ કેવા મજાના ! શાળાના ફૂલ, મારા મિત્રો, વિવિધ રંગ, ટેક્શચર, પશુઓ, પક્ષીઓ, ગ્રામજનો, પાણી વગેરે વગેરે.

સાંજ પડ્યે ગ્રામજનો ખેતરેથી કામ કરી ઘર તરફ આવતા હોય. આ નાનકડાં ફોટોગ્રાફર એ મજાની સહજ લાક્ષણિકતા કેમેરામાં કંડારી લે..... માથે ભારો લઈને પસાર થતાં મંગીબેન અકળાઈને બોલે, રોયાવ આવા વેહમાં (વેશમાં) ક્યાં ફોટા પાડો છો?

કેટલાક તો શરમાઈ જતાં. કેટલાક આ બાળકોની મશ્કરી કરતાં.

કોઈ અહોભાવથી જોઈ રહેતાં.

ભીની જગ્યા પર પેટ અડાડીને સુતેલી ખિસકોલી ફોટામાં સરળતાથી ફોટો પાડવા દેતી. પણ જેના ભાગે પક્ષી આવ્યાં એ ગ્રૂપ થાકી ગયું. કોઈ પક્ષી સીધા રહે જ નહીં. કેતનભાઈ પાસે ફરિયાદ લઈને ગયાં. તેમની ટીમે તે માટે આવતો ખાસ લેન્સ આપ્યો. બાળકોને ખ્યાલ આવ્યો કે અલગ અલગ ફોટા માટે અલગ અલગ લેન્સની જરૂર પડે.

બાળકોને ફૂલ ચાર્જ કરેલ બેટરી અને સાવ ખાલી કરેલ મેમરી કાર્ડ સાથે કેમેરા આપવામાં આવતા. બાળકોને ફોટોગ્રાફી માટે પૂરતો સમય અપાતો. સાંજે જ્યારે ઘરે જવાનો સમય થાય ત્યારે કેમેરા કેતનભાઈની ટીમને જમા કરાવવામાં આવતા. ત્યાંથી ટીમનું કામ શરૂ થતું. રાત્રે બધા જ કેમેરાના ફોટોગ્રાફ્સ કમ્પ્યૂટરમાં નાખવામાં આવતાં. તેમાંથી ફોટોગ્રાફીની દૃષ્ટિએ સારા ફોટા અલગ કરવામાં આવતાં. કેમેરાની બેટરી ચાર્જ કરવા મૂકતાં. આ કામ પતાવતા મોડી રાત થઈ જતી. પણ ટીમ બાળકો માટે સમર્પિત હતી. બીજે દિવસે ટીવીમાં બાળકોને ફોટા બતાવવામાં આવતાં.

પોતાના બાળકોના આટલાં સરસ ફોટા જોઈ આશા પ્રસન્ન થઈ જતી. કેતનભાઈ અને તેમની ટીમ પણ બાળકોના સ્વભાવ અને કામથી ખુશ હતાં.

આ પાંચ દિવસમાં પુષ્કળ ખર્ચ થયો.

એ બધો ખર્ચ કેતનભાઈ મોદીના ટ્રસ્ટે ઉપાડ્યો.

બાળકોએ પડેલા ફોટાનું શું થયું ?

એ આગળ વાત કરીશું.

ક્રમશઃ

સંપર્ક : ૯૪૨૮૦૦૦૫૪૧

## ૧૪ 'રાષ્ટ્રપિતાનો વારસો એમના વંશજો જ નથી' - રાજમોહન ગાંધી

**સોનલ પરીખ**

---

નેવું વર્ષના રાજમોહન ગાંધી ચરિત્રકાર, ઈતિહાસકાર, રાજનેતા અને અમેરિકાની ઈલીનોય યુનિવર્સિટીના સાઉથ ઈન્ડિયા એન્ડ મિડલ ઈસ્ટ સ્ટડીઝના રિસર્ચ પ્રોફેસર છે. મહાત્મા ગાંધીના પૌત્ર હોવા સાથે તેઓ ભારતના છેલ્લા અને એકમાત્ર ભારતીય ગવર્નર જનરલ અને મહાવિદ્વાન ચક્રવર્તી રાજગોપાલાચારીના દોહિત્ર પણ છે. નાના અને દાદાના નામનું સંયોજન કરીને જ એમનું નામ રાજમોહન રાખવામાં આવ્યું હતું.

આજથી દસેક વર્ષ પહેલા એમણે મેસેચ્યુસેટ્સ યુનિવર્સિટીમાં આપેલા એક વ્યાખ્યાનમાં એમણે મહાત્મા ગાંધીની વિરાસત વિષે વાત કરતાં કેટલાક પ્રશ્નો પૂછ્યા, 'ગાંધીની વિરાસત એટલે ચોક્કસ શું? જો તેઓ આઈન્સ્ટાઈન, ગોખલે, ટાગોર, નહેરુ, સરદાર, માર્ટિન લ્યુથર કિંગથી માંડીને બરાક ઓબામા એમને વર્ણવે છે તેવા હોય તો એમનું રાષ્ટ્ર એમની હયાતિમાં ભાગલા અને નરસંહારનો ભોગ શા માટે બને - અને આજે હિંસા, અલગતાવાદ અને ભ્રષ્ટાચારનો શિકાર કેમ હોય? જો માણસની પ્રસ્તુતતા કે વિરાસત તે પોતાની પાછળ કેવું વિશ્વ મૂકીને જાય છે તેના પરથી નક્કી થતી હોય તો ભારતની આજની સ્થિતિ જોતાં ગાંધીની પ્રસ્તુતતા કે વિરાસત વિષે શું કહીશું ? માણસ તત્કાલીન કે ભાવિ સમસ્યાઓ ઉકેલી શકે તો જ પ્રસ્તુત કહેવાય ? કે પછી જિંદગી વધુ સહ્ય અને રસપૂર્ણ બને એવી કેડી ચીંધે તો પ્રસ્તુત કહેવાય? ગાંધીએ ભારતને બતાવ્યું કે નીચા પડ્યા વિના, અપમાનિત થયા વિના સ્વતંત્રતા કેવી રીતે મેળવી શકાય - આ રીત દરેક પ્રકારની અન્યાયમુક્તિને લાગુ નથી પડતી ?'

કોઈ મૃત્યુ પામે તો તેની વિરાસત સંતાનો રૂપે દર્શાવાય છે. રાજમોહન કહે છે, 'મારી પાસે એવો કોઈ ફોટોગ્રાફ નથી જેમાં ગાંધીજીના બધા વંશજો હોય, પણ જો હોત તો પણ એને હું ગાંધીની વિરાસત તરીકે બતાવી શક્યો ન હોત. એમના વંશજો દેખાવડા છે, ગરિમાપૂર્ણ છે, બુદ્ધિમાન છે, જ્યાં પણ રહે છે ત્યાં એમનું કોઈ પ્રદાન છે, તેમ છતાં ગાંધીની વિરાસત તરીકે એમને બતાવી દેવાથી કોઈ અર્થ સરે નહીં. એટલા માટે, કે 'પહેલા પરિવાર' એવો ગાંધીનો મુદ્રાલેખ ક્યારેય ન હતો. વંશવારસાના લાભલાભથી પરિચિત ભારતની પ્રજાએ ગાંધીને ખૂબ માન આપ્યું હતું એનું એક કારણ એ પણ છે કે ગાંધી ક્યારેય એમના કુટુંબને પહેલું ગણ્યું ન હતું. ભયાનક તોફાનો વચ્ચે ભારતનું જહાજ હાંકનાર કપ્તાન ગાંધીએ પોતાના કુટુંબ માટે સારામાં સારી આગબોટો રાખી મૂકી ન હતી. એમના નિકટના સાથીઓ પણ એવું માનતા કે ગાંધીજીને મન એમના પરિવારજનો અને દેશવાસીઓ વચ્ચે કોઈ તફાવત ન હતો. એવું હતું પણ, એવું નહોતું પણ. અમે અને અમારા દાદા એકબીજાને ખૂબ ચાહતા હતા પણ અમારા દાદા આખા દેશના હતા એ અમે સમજતા હતા.

'એટલે અમે વંશજો ગાંધીની મુખ્ય વિરાસત નથી. એમની મુખ્ય વિરાસત બીજે ક્યાંક છે. મને લાગે છે કે ગાંધીની વિરાસત ત્રિવિધ છે. સંઘર્ષના સાધન તરીકે અહિંસા, સ્વતંત્ર ભારત અને આખી દુનિયામાં ફેલાયેલા એમના સાઈન-પોસ્ટ્સ.'

એમણે પાંચ નામ લીધાં છે, જેમણે ગાંધી પછી અહિંસાનું શસ્ત્ર વાપર્યું અને જીત મેળવી. આ સાઈન-પોસ્ટ્સ છે ખાન અબ્દુલ ગફરખાન, નેલ્સન મંડેલા, માર્ટિન લ્યુથર કિંગ જુનિયર, દલાઈ લામા અને આંગ સાન સૂ કી.

૧૯૪૫માં દસેક વર્ષના રાજમોહન ખાન અબ્દુલ ગફારખાનને પહેલી વાર મળ્યા. છેલ્લી મુલાકાત રાજભવનમાં થઈ ત્યારે ખાનસાહેબ ૯૭ વર્ષના હતા. ભારતની વાયવ્ય સરહદના આ પઠાણ નેતાને બ્રિટિશ સરકારે તેમને ૧૨ વર્ષ અને પાકિસ્તાન સરકારે ૧૫ વર્ષ જેલમાં રાખ્યા હતા. ખાનસાહેબે ઊભા કરેલા 'ખુદાઈ ખિદમતગાર' સંગઠનના રેડ શર્ટ્સ તરીકે ઓળખાતા પઠાણ સૈનિકો અહિંસક હતા. બ્રિટિશ અધિકારીઓ કહેતા, 'અહિંસક પઠાણ, હિંસક પઠાણ કરતાં વધારે ખતરનાક છે.' પછી તો કાળનાં વહેણો વહ્યાં. પઠાણો એમના લાડીલા બાદશાહખાન પ્રત્યે કંઈક બેધ્યાન બન્યા; ઈર્ષા, અણસમજ, ગેરસમજનો શિકાર બન્યા. પણ બાદશાહખાનનું મૃત્યુ થયું તે દિવસે આંતરસંઘર્ષથી સળગતા આખા ખૈબરની બંદૂકોએ સ્વયંભૂ મૌન પાળ્યું હતું.

માર્ટિન લ્યુથર કિંગ જુનિયરનો જન્મ ૧૯૨૯માં. ૨૨ વર્ષની ઉંમરે તેઓ હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડૉ. જોન્સનનું ગાંધી પરનું વ્યાખ્યાન સાંભળવા ગયા. અડધેથી જ ઊઠી ગયા અને ગાંધી પરના જે મળ્યા તે બધાં પુસ્તકો ખરીદી લીધાં. 'જિસસના લવ એપિક્સનું ઊર્ધ્વીકરણ કરી લોકોને શક્તિશાળી સોશ્યલ ફૉર્સ બનાવનાર' તરીકે એમણે ગાંધીને જોયા અને શ્યામ પ્રજાને અધિકારો અપાવવા ગાંધીપદ્ધતિએ મોટું આંદોલન ચલાવ્યું.

નેલ્સન મંડેલા એમની ૨૭ વર્ષની કેદ પૂરી કરીને છૂટ્યા બાદ થોડા વખતમાં ભારત આવ્યા હતા. ગાંધીજીના મૃત્યુને ૪૨ વર્ષ પૂરાં થયાં હતા. મંડેલા ૭૨ વર્ષના હતા, રાજમોહન ૫૫ના. ભારત સરકારે મંડેલાને ભારતમાં ફરવા નાનું પ્લેન આપ્યું. એમને સાથ આપવાની જવાબદારી રાજમોહનને આપી. રાજમોહનને મંડેલાની માનવતા, શાલીનતા અને ભારતમાંથી દક્ષિણ આફ્રિકાની ચળવળનું સંચાલન કરવાની કાબેલિયત નિકટથી જોઈ. રાષ્ટ્રપતિ વેંકટરામને કહ્યું, 'શ્રીમાન મંડેલા, આગામી દિવસો તમારા માટે કપરા છે, હું પ્રાર્થના કરીશ.' ત્યારે મંડેલા સ્મિત કરી કહે, 'આભાર. પણ પ્રાર્થના મિસ્ટર ડી. ક્લાર્ક માટે પણ કરજો.' ડી. ક્લાર્ક દક્ષિણ આફ્રિકાના શ્વેત પ્રમુખ હતા, જેમની સરકાર વિરુદ્ધ મંડેલાએ ગાંધીમાર્ગે મોટી લડત ઉપાડી હતી.

દલાઈ લામા તિબેટથી નિર્વાસિત થઈ ભારત આવ્યા ત્યારે ૨૪ વર્ષના હતા. ત્રીસ વર્ષ પછી એમને શાંતિ માટેનું નોબેલ ઈનામ મળ્યું. એમણે કહ્યું, 'આ ઈનામ હું પરિવર્તન માટે સક્રિય અહિંસાની આધુનિક પરંપરાના સર્જક એવા મહાત્મા ગાંધીને અંજલિ રૂપે સ્વીકારું છું.' અને બર્મામાં લોકશાહી માટે અનેક જુલમો સહેનાર સૂ કીને ૧૯૯૧માં નોબેલ મળ્યું ત્યારે તેમણે કહ્યું, 'સ્વતંત્રતાના ૪૯ વર્ષ બાદ પણ બર્મા મિલીટરી શાસન હેઠળ હતું. લોકોની કોઈ ભૂમિકા ન હતી. અમારે ગાંધીએ વર્ણવેલું સ્વરાજ જોઈતું હતું જેમાં લોકો નેતા ચૂંટે અને જો નેતા ખોટી રીતે ચાલે તો એને ઉથલાવી શકવાની ક્ષમતા પણ ધરાવે.'

મહાત્મા ગાંધીના એક અમેરિકન મિત્ર ઈ. સ્ટેનલી જોન્સ લખે છે, 'ગાંધી એકસાથે પૌર્વાત્ય અને પાશ્ચાત્ય, શહેરી ને ગ્રામીણ, ઈસુ ખ્રિસ્તના ભક્ત અને સનાતની હિન્દુ, સરળ અને મુત્સદી, સ્પષ્ટવક્તા અને વિવેકી, ગંભીર અને રમતિયાળ, નમ્ર અને આગેવાની લેનાર, તીખા અને મીઠા હતા.' અને ઉમેરે છે, 'જો કે ગાંધી જે પ્રબળ છાપ છોડે છે તે મીઠાશની નહીં, સામર્થ્યની છે.' આ ઈ. સ્ટેનલી જોન્સે લખેલું મહાત્મા ગાંધીનું ચરિત્ર ડૉ. માર્ટિન લ્યુથર કિંગની એક પ્રેરણા બન્યું હતું.

ઉપર ઉલ્લેખ કર્યો છે એ પ્રતિભાઓ આજે જીવી રહેલી બેત્રણ પેઢીઓ માટે પ્રેરણામૂર્તિ સમાન છે, અને એમની પ્રેરણા છે આપણા રાષ્ટ્રપિતા. તેમને અને તેમના ભવ્ય વારસાને સમજવા મગજ ખોલીએ અને જુઠાણાઓનાં ઘેરાં વાદળો વચ્ચે ઢંકાયેલા એમના સત્ય-સૂર્યને જોવા આંખ ઊંચકીએ.

સંપર્ક : ૯૮૩૩૭૦૮૪૯૪

## ૧૫ 'નઈ તાલીમની સંસ્થાઓ શું કરી શકે ?

**ભાણદેવજી**

નઈ તાલીમ વિશે થોડુંક ચિંતન...

(૧) નઈ તાલીમની સંસ્થાઓના શિક્ષકો, આચાર્યો, સંચાલકો સૌએ વિષયશિક્ષણની નૂતન પદ્ધતિથી માહિતગાર રહેવું જોઈએ, તેમાં અનુકૂળ લાગે તેનો વિનિયોગ કરતા રહેવું જોઈએ. જૂનવાણી શિક્ષણપદ્ધતિઓને ચીટકી રહેવાની ભૂલ ન કરવી જોઈએ, અન્યથા નઈ તાલીમ જૂની તાલીમ બની જશે. આમ પણ નઈ તાલીમ પર જૂનવાણી શિક્ષણપદ્ધતિ હોવાનો આરોપ થઈ રહ્યો છે. નઈ તાલીમ જૂની તાલીમ બની ન જાય તેની કાળજી રાખવી જોઈએ.

દક્ષિણામૂર્તિ વિદ્યાલયમાં નાનાભાઈએ આજથી લગભગ ૯૦ વર્ષ પહેલાં તે વખતે નવી બહાર પડેલી શિક્ષણપદ્ધતિ ડૉલ્ટન યોજનાનો અમલ અને પ્રયોગ કર્યો હતો. વિજ્ઞાનશિક્ષણની એક તદ્દન નવી શિક્ષણપદ્ધતિ 'પ્રયોગ દ્વારા વિજ્ઞાનશિક્ષણ' ઈંગ્લૅન્ડમાં બહાર પડી ને તરત શ્રી અરવિંદ આશ્રમના શિક્ષણ કેન્દ્રમાં તેનો અમલ થયો છે અને આજે પણ ત્યાં આ પદ્ધતિથી વિજ્ઞાનશિક્ષણ અપાઈ રહ્યું છે.

નઈ તાલીમ એ માત્ર વિષયશિક્ષણની પદ્ધતિ નથી, એ તો સમગ્ર જીવનની કેળવણી છે; પરંતુ ભિન્નભિન્ન વિષયોની શિક્ષણપદ્ધતિઓનું શું? તે માટે નઈ તાલીમે ખુલ્લા મને અને ખુલ્લી આંખે શિક્ષણજગતને જોતા રહેવું જોઈએ અને શિક્ષણની નવીનવી પદ્ધતિઓનો સ્વીકાર અને અમલ કરતા રહેવું જોઈએ.

૨. આજનો યુગ પરિવર્તન-યુગ છે. અતિ ઝડપે પરિવર્તનનો પવન વહે છે. ઝડપી પરિવર્તનના આ યુગમાં, આ તરેહમાં, આ સ્વરૂપમાં યુગને અનુરૂપ ફેરફાર કરવા પડશે.

૩. આપણે નઈ તાલીમમાં જે વિષયો ભણાવીએ છીએ તે વિષયના અભ્યાસક્રમમાં તદ્નુરૂપ વિકાસ થતો રહેવો જોઈએ.

૪. નઈ તાલીમની સંસ્થાઓ છેલ્લામાં છેલ્લા શૈક્ષણિક ઉપકરણોના વિનિયોગમાં પછાત ન રહે એ ઇચ્છનીય છે.

૫. છાત્રાલયનું મકાન, ઓરડીઓની રચના, બાથરૂમ, સંડાસ, રસોડું, વિદ્યાર્થીઓ માટેની પથારી અને કબાટ, પુસ્તકાલય, પ્રયોગશાળા, શિક્ષણભવન, શિક્ષણના ઓરડાઓ આદિ સર્વ બાબતોમાં યુગને અનુરૂપ પરિવર્તન કરતા રહેવું જોઈએ.

આનો અર્થ એમ નથી કે આપણે નઈ તાલીમની શિક્ષણસંસ્થાઓમાં રાજમહેલો ઊભા કરવાના છે. આનો અર્થ એટલો જ છે કે આપણે શિક્ષણસંસ્થાઓમાં હવે સરસ મકાનોની રચના કરવી જોઈએ. પચાસ વર્ષ પહેલાં વિદ્યાર્થીઓના નિવાસ આદિની જે સ્વરૂપરચના હતી તેને જ વળગી રહેવું નહીં. ગાંધી-વિનોબાના નામે વિદ્યાર્થીઓને ડેલા જેવાં મકાનોમાં રહેવા કહેવું તે બરાબર નથી અને યુગાનુરૂપ પણ નથી. નિવાસસ્થાન અને શિક્ષણસ્થાનમાં નવી સુવિધાઓનો સ્વીકાર કરવામાં સંકોચ રાખવાની જરૂર નથી.

૬. માનવસંબંધોનું રૂપ ઝડપથી બદલાઈ રહ્યું છે ત્યારે શિક્ષક અને વિદ્યાર્થી સંબંધ, આચાર્ય-શિક્ષક સંબંધ, ગૃહપતિ-વિદ્યાર્થી સંબંધ, સંચાલક-શિક્ષક સંબંધ આ સર્વ સંબંધોના સ્વરૂપમાં પણ પરિવર્તન આવે તે સ્વાભાવિક જ છે.

આ પરિવર્તન સ્વીકારી લેવું જોઈએ. હવે કોઈ વિદ્યાર્થી શિષ્ય બનવા તૈયાર નથી. પ્રાચીન ભારતમાં ઋષિઓના ગુરુકુળમાં ગુરુ-શિષ્ય વચ્ચે જેવો સંબંધ હતો તેવા સંબંધની અપેક્ષા અત્યારે આપણે ન રાખી શકીએ.

૭. માત્ર શૈક્ષણિક ઉપકરણો જ નહીં, આધુનિક સગવડસભર ઉપકરણોનો સ્વીકાર અને ઉપયોગ કરવામાં

સંકોચ રાખવો નહીં.

૮. સામાન્યતઃ નઈ તાલીમની સંસ્થાઓમાં સફાઈ-કામદાર રાખવામાં આવતા નથી. સફાઈનું કાર્ય વિદ્યાર્થીઓ-કાર્યકરો સાથે મળીને કરતા હોય છે અને આ પરંપરા બરાબર છે. પરંતુ યાદ રહે - બાથરૂમ અને શૌચાલયની રચના, ઉપકરણો અને સફાઈની પદ્ધતિમાં અપરંપાર વિકાસ થયો છે. બાથરૂમ અને શૌચાલયની નવી રચના, સફાઈ માટે નવાં ઉપકરણો અને સફાઈની નવી પદ્ધતિઓનો સ્વીકાર કરવામાં સંકોચ રાખવાની જરૂર નથી.

૯. સામાન્યતઃ નઈ તાલીમની સંસ્થાઓ ગાંધીવિચારને વરેલી હોય છે અને તે બરાબર છે, પરંતુ આપણે શ્રી અરવિંદ, ગુરુદેવ ટાગોર, રમણ મહર્ષિ, રામકૃષ્ણદેવ, વિવેકાનંદ આદિ મહાપુરુષોનાં જીવનદર્શન પ્રત્યે પણ ખુલ્લા રહેવું જોઈએ; એટલું જ નહીં, એમનું દર્શન પણ શક્ય હોય ત્યાં જીવનમાં અને શિક્ષણમાં અમલમાં લાવવું જોઈએ. એક વિચારધારા સાથે એટલા પ્રતિબદ્ધ ન રહીએ કે અન્ય વિચારધારાના સત્યને જોઈ પણ ન શકીએ અને સ્વીકારી પણ ન શકીએ. ગાંધીજી પોતે ગાંધીવિચારના અંધ અનુયાયી ન હતા.

વિદ્યાર્થીઓ શિક્ષણસંસ્થામાં કોઈ મહાપુરુષના અનુયાયી બનવા માટે આવતા નથી, તેઓ વિકસવા માટે આવે છે. વિદ્યાર્થીઓ જીવનને અને વિચારોને વ્યાપક દૃષ્ટિકોણથી જોઈ-સમજી શકે એવું થવું જોઈએ અને તે માટે આવો સર્વગ્રાહી અને વ્યાપક દૃષ્ટિકોણ રાખવો જોઈએ. આપણું ધ્યેય વિદ્યાર્થીનો જીવનવિકાસ હોવું જોઈએ અને તે માટે ઉપરોક્ત એવા સર્વ શક્ય વિકલ્પોનો સ્વીકાર અને વિનિયોગ કરવા તત્પર રહેવું જોઈએ. ઋગ્વેદના ઋષિ કહે છે, 'આ નો ભદ્રાઃ ક્રતવો યન્તુ વિશ્વતઃ' અર્થાત 'અમને દરેક જગ્યાએથી શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ.' શુભ વિચારો, શુભ તત્ત્વો પ્રત્યે સતત ખુલ્લા અને અભિમુખ રહેવું - આ વિકાસશીલતાનું રહસ્ય છે.

૧૦. વિકસો અથવા સડી જાઓ - આ જીવનનું સ્વરૂપ છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો, કાર્યકરો, સંસ્થા - સૌ સતત વિકસતાં રહે એ જીવનનો ધર્મ છે. જે વ્યક્તિ કે સંસ્થા આ વિકાસધર્મને ચૂકી જાય છે તેને જીવનદેવતા સજા કરે જ છે. જે છે તે બરાબર છે, પૂરતું છે, એમ માની છાનામાના બેસી રહેવું એ ઘડપણનાં લક્ષણો છે.

નઈ તાલીમ નિત્ય નઈ તાલીમ તો જ રહી શકે જો તે વિકાસના આ ધર્મનું પાલન કરે. નઈ તાલીમની સંસ્થાઓમાં જીવનઘડતરનો વિચાર ખૂબ પ્રચાર પામ્યો છે. હવે જીવનઘડતર જ નહીં, જીવનવિકાસ પણ થવો જોઈએ.

૧૧. પ્રત્યેક શિક્ષણપદ્ધતિના પાયામાં કોઈ ને કોઈ દર્શન હોય છે. નઈ તાલીમ ગાંધીવિચાર-દર્શન પર પ્રતિષ્ઠિત છે. પણ યાદ રહે, કોઈ દર્શન પૂર્ણ નથી અને કોઈ દર્શન કાલાતીત પણ નથી. કોઈ પણ દર્શનનાં કેટલાંક તત્ત્વો સનાતન હોય છે અને કેટલાંક તત્ત્વો કાલબાહ્ય પણ બની જતાં હોય છે. માત્ર શિક્ષણપદ્ધતિ નહીં, દર્શન પણ સતત વિકાસમાન અને યુગાનુરૂપ બને તેમ થવું જોઈએ અને થતું રહેવું જોઈએ. આપણું દર્શન પોતાને સતત તપાસતું રહે, સતત પોતાની મર્યાદાને અતિક્રમતું રહે, સતત વિકસતું રહે - આ પ્રક્રિયા સતત ચાલવી જોઈએ.

૧૨. પરંપરા એક સારી બાબત છે. પરંપરા એક વાડ છે અને તેનાથી કુટુંબ, સંસ્થા, સમાજ અને રાષ્ટ્રનું રક્ષણ થાય છે. પરંતુ સાવધાન! પરંપરા પાળવામાં વિવેક જોઈએ. વિવેકને બાજુએ મૂકી પરંપરાને જડતાપૂર્વક પકડી રાખીએ તો પરંપરા રક્ષણને બદલે બંધન બની જાય છે. વિકાસમાં બાધારૂપ બને ત્યારે પરંપરાનો ત્યાગ કરતાં અચકાવું જોઈએ નહીં.

૧૩. પરિવર્તન જીવનનો ભાગ છે. નઈ તાલીમની સંસ્થાઓમાં પણ પરિવર્તન ચાલ્યા કરે છે અને તે ઈષ્ટ જ છે. પરિવર્તનની, વિકાસયાત્રાની પ્રક્રિયા દરમ્યાન નઈ તાલીમે સત્ત્વ અર્થાત કેન્દ્રસ્થ તત્ત્વ જાળવી રાખવું જોઈએ.

નઈ તાલીમનું સત્ત્વ છે સર્વાંગી જીવનની કેળવણી. આ સત્ત્વને જાળવી રાખી નઈ તાલીમે યુગાનુરૂપ પરિવર્તનને સ્વીકારવાનાં છે.

સંપર્ક : ૯૩૭૪૪૧૬૬૧૦

## ૧૬ સંસ્થા સમાચાર (ઓગસ્ટ, ૨૦૨૫)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

### લોકભારતી સમાચાર

- તા. ૦૨ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા પી.એમ. કિસાન સમ્માન નિધિ યોજનાનો ૨૦મો હપ્તો ખેડૂતોને આપવામાં આવ્યો. જીવંત પ્રસારણવાળા આ કાર્યક્રમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજિત કાર્યક્રમમાં કુલ ૨૩૬ ખેડૂતોએ ભાગ લીધો.
- તા. ૦૨ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના શનિ સંમેલનમાં શ્રી રાજેન્દ્રભાઈ ઉપાધ્યાયે પોતાના શૈક્ષણિક અનુભવો રજૂ કર્યાં.
- તા.૦૩ના અધ્યાપનમંદિરના ૭૮માં સ્થાપના દિનની માઈધાર લોકવિદ્યાલય ખાતે ઉજવણી કરવામાં આવી. અધ્યાપનમંદિર અને માઈધારના સમગ્ર પરિવારની બહોળી ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ તેમજ શ્રી ભાવનાબેન પાઠકે પ્રેરક ઉદ્‌બોધન કર્યું.
- તા. ૦૫ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને મુખ્ય તેલિબિયા સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા બગદાણા મુકામે ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવેલ જેમાં કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો અને તજજ્ઞો દ્વારા મગફળીની ખેતી પદ્ધતિ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું.
- તા.૦૬ના રોજ શ્રી મહેન્દ્રસિંહજી પરમાર વ્યાકરણશાસ્ત્રી અને લેખિકા શ્રી ઊર્મિબહેન દેસાઈ તથા એસ.એન. ડી.ટી. યુનિવર્સિટી-મુંબઈના ગુજરાતી વિભાગના પ્રોફેસર ડૉ. સેજલબેન શાહને લઈને લોકભારતી પરિચય મુલાકાતે આવી ગયા. શ્રી ઊર્મિબેન દેસાઈએ ભાષા અને વ્યાકરણ તેમજ વિવિધ ભાષાશૈલી વિષે વિદ્યાર્થીઓને સમજ આપી.
- તા. ૦૬ ના રોજ અધ્યાપનમંદિરમાં હિરોશીમાની કરુણ ઘટના સંદર્ભે જાગૃતતા ઊભી થાય તે આશયથી પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું. પ્રથમ વર્ષના તાલીમાર્થી પંડ્યા પાર્થે રજૂઆત કરી. સંકલન શ્રી અમિતભાઈએ કર્યું.
- તા.૦૮ના રોજ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ લોકભારતીના શુભેચ્છકોને લઈને લોકભારતીની પરિચય અને શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૦૯ના રોજ રક્ષાબંધનનો કાર્યક્રમ ઉત્સાહભેર ઉજવાયો. પરંપરાગત પ્રણાલિકાઓ મુજબ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી. મુખ્ય વક્તા તરીકે જાણીતા યૂટ્યૂબર અને નિવૃત્ત અધ્યાપિકા તથા ભાવનગરમાં પેરેન્ટિંગના સક્રિય કર્મશીલ શ્રી છાયાબહેન પારેખે મનનીય વક્તવ્ય આપ્યું. રાત્રે વિદ્યાર્થીઓએ સરસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.
- રક્ષાબંધનના કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી અધ્યાપનમંદિરે સંભાળી. જેમાં સુંદર રાખડીઓ બનાવવામાં આવી અને પ્લાસ્ટિક થીમ આધારિત વેસ્ટમાંથી બેસ્ટ પ્લાસ્ટિકની વપરાયેલી બોટલોનો ઉપયોગ કરીને સ્ટેજ પર કલાત્મક રાખડી બનાવીને વિદ્યાર્થીઓએ પોતાની સર્જનશક્તિ

વિકસાવી.

- ગ્રામદક્ષિણામૂર્તિ-મણાર મુકામે યોજાયેલ પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળામાં તા.૧૦મી સપ્ટેમ્બરના રોજ લોકભારતી પરિવાર જઈ આવ્યા.
- તા. ૧૧ના રોજ અધ્યાપનમંદિરમાં ભાષા સજ્જતા વર્ગમાં ભાષાતજજ્ઞ શ્રી ઉમાકાંતભાઈ રાજ્યગુરુ અને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ ભાષાદોષ નિવારણ સંદર્ભે રસપ્રદ રીતે સમજૂતી આપી.
- તા. ૧૧ના રોજ શ્રી પરેશભાઈ રાઠોડે ભાવનગર ખાતે યોજાયેલ પ્રાકૃતિક કૃષિની સમીક્ષા બેઠકમાં ભાગ લીધો.
- તા.૧૨ના રોજ સાયં પ્રાર્થના બાદ લોકભારતી વિદ્યાર્થી મંત્રીમંડળની આમસભા યોજાણી. આ વખતે પ્રશ્નો તો માત્ર ત્રણેક જેટલા જ પૂછવામાં આવેલા, પણ મંત્રીઓની કામગીરીની પ્રસંશા અને ધન્યવાદના લગભગ ત્રણસો-ચારસો પત્રો મળ્યા. આવેલા પ્રશ્નોના મંત્રીઓએ ધીરજપૂર્વક જવાબ આપ્યા. મુખ્ય ગૃહપતિશ્રી જયવંતસિંહજી ગોહિલે પણ કેળવણીના હેતુસર શૈક્ષણિક અભિગમથી સમગ્ર આમસભાનું સંચાલન કર્યું. વિભાગીય હોદ્દેદારશ્રીઓ, ગૃહપતિશ્રીઓ અને ગૃહમાતાશ્રીઓ ઉપસ્થિત રહ્યાં. અંતે નવા મંત્રીમંડળની શપથવિધિ કરવામાં આવી. અને છેલ્લે વડીલની ભૂમિકામાં નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિએ વિદાય થતાં મંત્રીમંડળની કામગીરીને બીરદાવી અને નવનિયુક્ત મંત્રીમંડળને શુભેચ્છાઓ આપી.
- તા. ૧૨ના રોજ અધ્યાપનમંદિરમાં શ્રી મૂળજીભાઈ ભલાણીએ હસ્તાક્ષર સુધારણા અંગે માર્ગદર્શન આપ્યું.
- તા. ૧૨ના રોજ લોકસેવા મહાવિદ્યાલય દ્વારા પ્રકૃતિદર્શનનો કાર્યક્રમ યોજાઈ ગયો, વિદ્યાર્થીઓ અને કાર્યકરો ઉત્સાહથી જોડાયા.
- પંચાતયીરાજ તાલીમ કેન્દ્રમાં તાલીમાર્થીઓ સમક્ષ શ્રી યાકૂબભાઈ કોઠારીયાએ ગ્રામસભા સંદર્ભે પ્રેક્ટિકલ ગ્રામ સભા યોજી બતાવી.
- પંચાતયીરાજ તાલીમ કેન્દ્રમાં તાલીમાર્થીઓ સાથે શ્રી અરુણભાઈ દવેનો પ્રશ્નોતરીનો કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૧૨ના રોજ તલાટી કમ મંત્રી પાયાનો તાલીમ વર્ગના સમાપન કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈએ શુભેચ્છાઓ પાઠવી હતી.
- તા.૧૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના બુધ સંમેલનમાં શ્રી ભૌતિકભાઈ લીંબાણીએ ‘આપણી શિક્ષણ પ્રણાલી’ વિષે સમજ આપી.
- તા. ૧૩ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં પ્રકૃતિદર્શનનો કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા.૧૩મીના રોજ રાજ્યના જળસંસાધન મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા સણોસરા ગામે આવતા તેમને આવકારવા અને આ વિસ્તારના પાણીના પ્રશ્ને સૌની યોજના અંતર્ગત સત્વરે કંઈક કરવાની રજૂઆત કરવા શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા જઈ આવ્યા.
- સ્વાતંત્ર્યદિન નિમિત્તે આ વખતે વિદ્યાર્થીઓને જન્માષ્ટમીની રજાઓ હોવાથી માત્ર ધ્વજવંદન કાર્યક્રમ જ રાખવામાં આવ્યો. ધ્વજવંદન ચોકમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું.
- તા.૧૬ના રોજ જન્માષ્ટમી નિમિત્તે સારસ્વત ભવનમાં લોકભારતી પરિવારજનોની હાજરીમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી.
- આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર-માઈધારના સહયોગી

દાતા અને લોકભારતીના શુભેચ્છક શ્રી પ્રકાશભાઈ ભગવતી, શ્રી અંજનાબેન ભગવતી અને શ્રી અમૃતાબેન ભગવતી તા.૧૮ અને ૧૯ના રોજ માઈધાર અને લોકભારતી આવી ગયા.

- તા.૨૨ના રોજ લોકભારતીના સમગ્ર કાર્યકરોની બેઠકમાં આગામી 'દર્શક વ્યાખ્યાનમાળા અને પૂર્વ વિદ્યાર્થી સન્માન' કાર્યક્રમ અંગેની વિવિધ જવાબદારીઓની વહેંચણી કરવામાં આવી તથા શ્રી અરુણભાઈ દવેએ કેટલીક માર્ગદર્શક જરૂરી વિગતો જણાવી.
- તા. ૨૨ના લોકભારતી અધ્યાપનમંદિરમાં શ્રી દિનુભાઈ ચુડાસમાએ 'રૂમિ', 'પ્યારા બાપુના પ્રસંગો', 'સાત રંગના સરનામે' પુસ્તકો વિષે પરિચય આપીને, વાચન શોખ કેળવવા અંગે વાર્તાલાપ કર્યો.
- પંચાતયીરાજ તાલીમ કેન્દ્રમાં તા. ૨૩ના રોજ તલાટી કમ મંત્રી પાયાના વર્ગ ૮૩નો આરંભ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કરાવ્યો.
- શ્રી લોકદક્ષિણામૂર્તિ પરિવારના વરિષ્ઠ પૂર્વ કાર્યકર અને ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા-મણારના પૂર્વ આચાર્ય શ્રી પ્રવીણભાઈ મહેતાનું તા.૨૫ના રોજ ભાવનગર મુકામે નિધન થયું. તેમને લોકભારતીની સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રી રામચંદ્રભાઈએ શ્રદ્ધાંજલિ આપી.
- તા.૨૭ના રોજ મણાર મુકામે યોજાયેલ શ્રદ્ધાંજલિ સભામાં શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી અને શ્રી રામદેવસિંહ ગોહિલ જઈ આવ્યા.
- તા. ૨૫ના લોકભારતી અધ્યાપનમંદિરના ૧૦ તાલીમાર્થીઓ કચ્છ ખાતે યોજાયેલ ગાંધીવિચારની પદયાત્રામાં સામેલ થયાં હતા.
- તા. ૨૭ના લોકસેવા મહાવિદ્યાલયના બુધ સંમેલનમાં પૂર્વ આચાર્યશ્રી હસમુખભાઈ સુથારે પ્રેરક વાતો કરી.
- તા.૨૯મી ઓગસ્ટના રોજ પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળાનો બાવીશમો મણકો અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ સુપેરે યોજાઈ ગયો. કાર્યક્રમ લોકભારતી સંગીતવૃંદના ગીતથી પ્રારંભ થયો. શ્રી અરુણભાઈ દવેએ મહેમાનોને આવકાર આપ્યો અને કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી. વક્તાશ્રીનો પરિચય લોકભારતી યુનિવર્સિટીના કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ આપ્યો. વ્યાખ્યાનમાળાના આ મણકાના મુખ્ય વક્તા ગાંધીવિચારના મર્મજ્ઞ અને જાણીતા લેખક મા. શ્રી રમેશભાઈ સંઘવીએ 'લોકભારતીનો સંદેશ' વિષય ઉપર બહુ સરસ રીતે સૌને રસ પડે તેવું અભ્યાસપૂર્ણ વક્તવ્ય રજૂ કર્યું. લોકભારતીના ચાર પૂર્વ વિદ્યાર્થીઓ : 'સમાજસેવા' માટે શ્રી અમીરભાઈ ઢબ્બૂ-મહુવા, 'લોકજાગૃતિ' માટે શ્રી વીરજીભાઈ જસાણી-ભાવનગર, 'વિશિષ્ટ કૌશલ્ય' માટે શ્રી નિખિલભાઈ ત્રિવેદી-અમદાવાદ અને 'ગાંધીવિચાર પ્રસાર-પ્રચાર' માટે શ્રી કાળુભાઈ ડાંગર-દાંડીનું સન્માનપત્ર, સ્મૃતિ-ભેટ અને રૂપિયા એકવીશ હજારની ધનરાશિનો ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. અનેક શુભેચ્છકો ઉપસ્થિત રહ્યાં. કાર્યક્રમનું આભારદર્શન શ્રી રામચન્દ્રભાઈ પંચોળીએ કર્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી ભૌતિકભાઈ લીંબાણીએ કર્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં લોકભારતીના સમગ્ર કાર્યકરો અને વિદ્યાર્થીઓએ જહેમત ઊઠાવી. લોકભારતીની સફાઈ, સુઘડતા અને સમગ્ર વ્યવસ્થા અંગે સૌ મહેમાનોએ રાજીપો વ્યક્ત કર્યો.

- તા. ૨૯ના અધ્યાપનમંદિરમાં વિભાગીય મંત્રીમંડળની આમસભા અને મંત્રીમંડળની રચના કરવામાં આવી.
- તા. ૩૦ના શ્રી અર્ચનાબેન દવે દ્વારા અધ્યાપનના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને રસપ્રદ શૈલીમાં પર્યાવરણ શિક્ષણનો દાર્શનિક પાઠ આપવામાં આવ્યો.
- તા.૩૦ના રોજ લોકસેવા મહાવિદ્યાલય આયોજીત શનિ સંમેલનમાં ત્રીજા વર્ષના વિદ્યાર્થી શ્રી મહેન્દ્રભાઈ માંજરીયા, શ્રી મહેન્દ્રભાઈ ભીલ અને શ્રી પ્રશ્નરાજ ભંડારીએ અલગ અલગ પ્રકારના વ્યસનથી થતા નુકસાન અંગે ટેક્નોલોજીના માધ્યમ દ્વારા રજૂઆતો કરી.
- તા.૩૧ના રોજ શિશુવિહાર, ભાવનગરમાં ચાલતી સાહિત્યિક પ્રવૃત્તિ 'બુધસભા'ના ચૌદેક કવિઓ-કવયિત્રીઓ લોકભારતી ખાતે કાવ્યગોષ્ઠિ માટે આવ્યાં. લગભગ બે કલાક સુધી કાવ્યો રજૂ થયાં અને દસેક વિદ્યાર્થીઓ અને કાર્યકરો દ્વારા સ્વરચિત કાવ્યો પણ રજૂ થયાં. લોકભારતીના વિદ્યાર્થી મંત્રીમંડળના શિક્ષણ અને સાહિત્યમંત્રીઓની સક્રિય ભાગીદારીથી આ આયોજન સફળ થયું. શ્રી પરેશભાઈ ત્રિવેદી અને માનસીબેન ભટ્ટ દ્વારા બુધસભાના સાહિત્યકારોનું અને લોકભારતીના વિદ્યાર્થીઓની કવિતાઓનું કવિ શ્રી વિશાલભાઈ જોશી દ્વારા સંચાલન કરવામાં આવ્યું.

**આંબલા સમાચાર**

- તા. ૦૭ના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહથી ઉજવેલ. શ્રી નરેન્દ્રભાઈ મકવાણાએ સિંહ વિષે વાતો કરી.
- તા. ૦૯ના રોજ રક્ષાબંધન પર્વ સંસ્થાના પૂર્વ વિદ્યાર્થિની શ્રી બિંદુબહેનના અતિથિવિશેષ પદે યોજાયેલ. નાના ભૂલકાના પ્રતીકરૂપે રક્ષાબંધન બાદ સમગ્ર શાળાના બહેનોએ ભાઈઓને રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી હતી. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ. આભારવિધિ આચાર્ય શ્રી વાઘજીભાઈએ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર પરિવારે જહેમત ઉઠાવી હતી.
- તા.૦૯ના રોજ મોજીલી પ્રાથમિક શાળામાં પણ રક્ષાબંધન પર્વ સંસ્થાના પૂર્વ વિદ્યાર્થિની શ્રી બિંદુબહેનના અતિથિવિશેષ પદે યોજાઈ ગઈ.
- તા. ૧૦ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા લોકશાળા તથા મોજીલી શાળાના વિદ્યાર્થીઓ-પરિવાર સાથે 'પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળા' નિમિત્તે મણાર મુકામે જઈ આવ્યા.
- તા. ૨૦ના રોજ વરસાદ સારો થયેલ અને ગામનું તળાવ પણ ભરાઈ ગયેલ આથી વિદ્યાર્થીઓ તથા કાર્યકર પરિવાર ગડબે વર્ષા સ્નાન કરવા લઈ ગયેલ.
- તા.૧૯ અને ૨૦ના રોજ ભાવનગર જિલ્લા ગ્રામકલા મહાકુંભ ૨૦૨૫-૨૬માં મોજીલી પ્રાથમિક શાળાના બાળકો શિશુવિહાર સંસ્થામાં ભાવનગર મુકામે ભાગ લીધો હતો, તેમાં રાસમાં ૬ થી ૧૪ વર્ષની ટીમ જિલ્લાકક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ જ્યારે ૧૫ થી ૨૦ વર્ષની ટીમ પણ જિલ્લામાં પ્રથમ નંબરે આવી. સૌને અભિનંદન.
- તા.૨૩ના રોજ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ભાદરવી અમાસના મેળામાં તિરુપતિ મંદિર જઈ આવ્યા.
- તા.૨૫ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળાના પૂર્વ આચાર્યશ્રી તથા સંસ્થાના વડીલ માર્ગદર્શક સ્વ.શ્રી પ્રવીણભાઈ ગુલાબરાય મહેતાનું ૯૦ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ.

લોકદક્ષિણામૂર્તિ પરીવાર તરફથી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

- તા.૨૯ના રોજ લોકભારતી સણોસરા ખાતે મનુભાઈ પંચોળી 'દર્શક' સ્મારક વ્યાખ્યાનમાળામાં કાર્યકર પરિવાર જઈ આવ્યા.
- તા.૩૧ના રોજ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનું વાલી સંમેલન યોજાઈ ગયું.
- તા.૩૧ના રોજ ભાવનગર ૩ નેવલ એન.સી.સી.ના ઓફિસર દ્વારા એન.સી.સી.ના કેડેટ્સને પરેડ કરાવવામાં આવી તેમજ નેવલ એન.સી.સી. વિષેના વર્ગો લેવામાં આવેલ.
- એસ.જી.એફ.આઈ. શાળાકીય જિલ્લાકક્ષાની યોગાસન સ્પર્ધામાં મોજીલી પ્રાથમિક શાળાના ધોરણ- ૬ના બાંભણિયા હર્ષિલ અને હુંબલ ભારતએ ભાગ લીધો હતો તેમાં બાંભણિયા હર્ષિલે પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ. આગળ તેઓ રાજ્યકક્ષાએ ભાગ લેવા જશે.

**મણાર સમાચાર**

- બીજી ઓગસ્ટના રોજ 'કળા ઉત્સવ'- દિહોરમાં ૬ થી ૧૪ વર્ષ વય જૂથમાં મણાર બહેનોનો ગરબો પ્રથમ ક્રમે તથા ૧૪ થી ૨૦ વયજૂથમાં બહેનોનો ગરબો દ્વિતીય ક્રમ તથા સમૂહગીતમાં બીજો ક્રમ દિહોર મુકામે યોજાયેલી સ્પર્ધામાં મેળવ્યો.
- ઓગસ્ટ માસના પ્રથમ સપ્તાહમાં સંસ્થામાં 'સંસ્કૃત' સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી.
- તા. ૦૯ના રોજ શાળામાં રક્ષાબંધન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. મોડેલ સ્કૂલના આચાર્ય શ્રી વિશાલભાઈ રાજગુરુએ પ્રેરક વાતોરજૂ કરી.
- તા. ૧૦ના રોજ શાળામાં વિશ્વ સિંહદિવસની ઉજવણી કરવામાં આવી.
- તા. ૧૦ના રોજ મૃદુલાબેન પ્રવીણભાઈ મહેતા પ્રેરિત 'પંડિત સુખલાલજી' વ્યાખ્યાનમાળા મણકો-૩૩ કાર્યક્રમ યોજાયો. મુખ્ય વક્તા શ્રી આઈ.કે.વીજળીવાળાએ 'માનવતા એજ ધર્મ' વિષય અંતર્ગત રસાળ અને પ્રેરક વાતો રજૂ કરી હતી.
- સંસ્થામાં ઉત્સાહપૂર્વક ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૫- સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી.
- જન્માષ્ટમી-કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી આચાર્યશ્રી ડાહ્યાભાઈ ડાંગરના ઘરે કરવામાં આવી.
- તા. ૨૫ના રોજ સંસ્થાના વડલા સમાન વડીલ શ્રી પ્રવીણભાઈ મહેતાનું ૯૦ વર્ષની વયે દુઃખદ અવસાન થયું. શ્રી પ્રવીણભાઈના દેહનું દાન ભાવનગર સર.ટી.હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું.
- તા. ૨૭ના રોજ લોકશાળા મણારમાં સ્વ. શ્રી પ્રવીણભાઈને ભાવાંજલિ, હૃદયાંજલિ પ્રાર્થનાસભા દ્વારા આપવામાં આવી.
- તા. ૨૮ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ- લોકશાળા મણાર ખાતે એન.સી.સી. યુનિટની ત્રેવીસ બહેનોને પદરજ ફાઉન્ડેશન દ્વારા ઘડીયાળ ભેટ આપવામાં આવી.
- તા. ૨૯ના રોજ શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' સ્મારક વ્યાખ્યાનમાળામાં શ્રી ડાહ્યાભાઈ ડાંગર, શ્રી મનસુખભાઈ ગુજરિયા,શ્રી ધુનાબહેન અને શ્રી મિત્તલબહેન જઈ આવ્યા.
- 'સન્માનિત થતી લોકશાળા મણાર' તા. ૩૦ના રોજ લોકશાળા મણારને 'નેશનલ ફ્લેગ ડે-૨૦૨૪' અંતર્ગત નેત્રહીનોના કલ્યાણ અર્થે સમગ્ર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શ્રેષ્ઠ ફંડ(૧,૪૪,૯૯૦ એક લાખ ચુમાલીસ હજાર નવસો નેવું રૂપિયા) એકત્ર કરવા

બદલ ભાવનગર યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર શ્રી બી.બી.રામાનુજ સાહેબને હસ્તે એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો.

### માઈધાર સમાચાર

- તા.૩ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરના સ્થાપના દિવસની ઉજવણી લોકવિદ્યાલય માઈધાર કેન્દ્રમાં કરવામાં આવી.
- તા. ૮ના રોજ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી. ભાવનગરથી અગ્નિ શક્તિ યોગ ગ્રૂપમાંથી શ્રી દીપ્તિબેન શાહ અને શ્રી સ્વાતિબેન મહેતા દ્વારા પ્રાસંગિક વાતો કરવામાં આવી.
- તા.૧૦ના રોજ વિશ્વ સિંહદિવસની ઉજવણી કરવામાં આવી.
- તા.૧૦ના રોજ પંડિત સુખલાલજી સ્મારક વ્યાખ્યાનમાળામાં મણાર મુકામે સૌ કાર્યકરો જઈ આવ્યા.
- તા.૧૩ના રોજ કંચન ફાઉન્ડેશનમાંથી શ્રી રાજેશભાઈ, શ્રી સ્મિતાબહેન અને શ્રી મમતાબહેન માઈધાર કેન્દ્રમાં ચાલતી પ્રવૃત્તિઓ જોવા- સમજવા આવી ગયા. ૧૬ વિદ્યાર્થીઓને પાંચ - પાંચ હજાર રૂપિયાની શિક્ષણ માટે સહાય કરી વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.
- તા.૧૮ના રોજ શ્રી પ્રકાશભાઈ ભગવતી અને શ્રી અંજનાબહેન ભગવતી તેમની ટીમ સાથે માઈધાર કેન્દ્રમાં ચાલતી પ્રવૃત્તિઓ જોવા અને સમજવા માટે આવી ગયા. શ્રી અરુણભાઈ અને સમગ્ર કાર્યકરો સાથે બેઠક કરી વિગતે માહિતી મેળવી.
- તા.૨૧ થી ૩૧ દરમિયાન સાદરા બી.પી.એડ કૉલેજના તાલીમાર્થી માઈધાર કેન્દ્રમાં ઇન્ટર્નશિપ માટે આવી ગયા.
- તા. ૨૭ના રોજ ગણેશ ચતુર્થી નિમિત્તે વિદ્યાર્થીઓ અને કાર્યકરો દ્વારા ગણેશજીની સ્થાપના કરવામાં આવી.
- તા.૨૮ના રોજ ઝવેરચંદ મેઘાણીની જન્મતિથિની ઉજવણી કરવામાં આવી.
- તા.૨૯ના રોજ 'દર્શક' વ્યાખ્યાનમાળા અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યકર્મમાં કાર્યકરો જઈ આવ્યા.
- તા.૨૯ના રોજ ભાવનગર જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા ઉત્તમ પરિણામ લાવતી શાળાનું સન્માન કરવામાં આવ્યું. જેમાં શ્રી પાતુભાઈ અને શ્રી નિર્મળભાઈ જઈ આવ્યા.
- તા.૩૦ના રોજ 'અહિંસાની કેળવણી' કાર્યક્રમ અંતર્ગત સાબરમતી આશ્રમમાં સંસ્થા પ્રતિનિધિની મિટિંગમાં શ્રીદિનુભાઈ અને શ્રીએભલભાઈ જઈ આવ્યા.
- તા. ૩૦ અને ૩૧ રોજ શ્રી કોકીબહેન અને શ્રી સોનલબહેન માઈધાર કેન્દ્રમાં રોકાવા માટે આવી ગયા, વિદ્યાર્થીઓને ગીતો સંભળાવ્યા અને પ્રેરણાત્મક વાતો કરી.
- આ મહિનામાં શ્રી અરુણભાઈ દવે ચાર વખત માઈધાર કેન્દ્રમાં માર્ગદર્શન માટે આવી ગયા.

### શ્રદ્ધાંજલિ

- તા. ૨૫/૦૮/૨૦૨૫ના રોજ લોકદક્ષિણામૂર્તિ પરિવારના વડીલ શ્રી પ્રવીણભાઈ મહેતાનું ૯૦ વર્ષની વયે દુઃખદ અવસાન થયું.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## પૂર્વવિદ્યાર્થી સન્માન કાર્યક્રમ



સન્માનિત થતાં શ્રી અમીરભાઈ ઢબ્બૂ



સન્માનિત થતાં શ્રી વીરજીભાઈ જસાણી



સન્માનિત થતાં શ્રી નિખિલભાઈ ત્રિવેદી



સન્માનિત થતાં શ્રી કાળુભાઈ ડાંગર

## લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ખાતે રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણી









શ્રી છાયાબહેન પારેખ અને વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસપૂર્ણ પ્રાસંગિક રજૂઆત




To.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-